ચરિત્રમાળા.

અંક ૧૫
વર્ષ બીજું.

સંઘ કર્તા

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.

શ્રીમતિ ડૉક્ટર

આનંદીબાઈ જોશી.

લેખક, શ્રીયુત શીવપ્રસાદ દલપતરામ પંડિત.

મુલ્ય ૦)= પાકું ૦। પો. જુદું.

મુખ્ય સ્થળ
મુંબઈ.

શાખા—અમદાવાદ.

વાર્ષિક રૂ ૨
પાકાં પૂઠાં ૩
પો. માફ.

શ્રીમતી ડૉકટર

આનન્દીબાઈ જોશી.

પ્રોફેસર સખારામ ગણેશ દેઉસ્કરના

બંગાલી પુસ્તક ઉપરથી

અનુવાદક

શિવપ્રસાદ દલપતરામ પંડિત (કોટા-રાજપુતાના)

'મૈત્રેયી' 'દેવી અઘોરકામિની' 'ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર'

'ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૧ લો તથા ૨ જો' ના લેખક.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, કાલબાદેવી મુંબઈ.

મંત્રી ભિક્ષુ-અખંડાનંદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૩૦૦ સંવત ૧૯૬૯.

મૂલ્ય ૦-૨-૦ પાકું પૂઠું ૦-૩-૦ પોસ્ટેજ જુદું.

અમદાવાદમાં ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં

પરીખ દેવીદાસ છગનલાલે છાપી.

અનુક્રમણિકા.

નિવેદન.

ચરિત્રમાળાદ્વારા આજે જે વિદુષી આર્યસ્ત્રીનું ચરિત્ર સાદર થાય છે તે વાંચકવર્ગમાં શુભ સંસ્કાર અને સદ્‌વર્તનની વૃદ્ધિ કરનારૂં થાઓ.

આ પુસ્તકનું વાંચન સ્ત્રીજાતિને વધુ ઉપયોગી છે; પરન્તુ ચરિત્રમાળાના ગ્રાહકોમાં એને વાંચી શકે તેટલું ભણેલી બાઇઓ કેટલી હશે ? અફ્સોસ ! વાંચનાર ! તારા ઘરમાંની સ્ત્રીઓ અને બ્હેનોને સ્ત્રી ઉપયોગી પુસ્તકો વાંચવા પૂરતું પણ જ્ઞાન ન હોય તો અફ્સોસ છે ત્હારી તે પ્રત્યેની બેદરકારીને માટે! અફ્સોસ છે ત્હારા તે બેદીપણાને માટે! અને લખવા વાંચવાના જ્ઞાનથી સ્ત્રીજાતિ અનીતિવાન બની જાય છે એવી ત્હારી સમજણ હોય તો અફ્સોસ છે ત્હારી એ (અણ) સમજણ અને અવિશ્વાસને માટે ! મિત્ર ! ક્ષણભર જરા તને પોતાને એવી સ્થિતિમાં મૂકી જો કે;—"લખવા વાંચવાની ત્હારામાં જે આવડત હોય, તે આવડત અને તે આવડતનો સદુપયોગ કરીને જે કાંઇ શારીરિક, માનસિક, વ્યવહારિક અને આધ્યાત્મિક ઇ. લાભો ત્હેં મેળવ્યા હોય તથા હજી મળ્યા જતા હોય તે લાભો, એ બેઉ વાનાં ત્હને પ્રાપ્ત નથી." અને પછી જો કે એ સ્થિતિ ત્હારી હાલની દ્રષ્ટિએ તને કેટલી બધી કનિષ્ટ અને પશુ જેવી દેખાય છે! બન્ધુ ! શું એવીજ કનિષ્ઠ સ્થિતિ ત્હારા કુટુંબમાંની સ્ત્રીઓ, બ્હેનો અને કન્યાઓ ભોગવી પશુ જેવી અજ્ઞદશામાંજ પોતાનો જન્મારો પૂરો કરે તેને માટે તને કશીજ લાગણી નથી ! ભાઈ ! હવે ત્હારી તે ભૂલને બાજુ મૂકી દે. અને બીજી સગવડ ન હોય તો માત્ર બે એક માસ સુધી પણ નિત્ય પ્રતિ વધુ નહિ તો એકાદ કલાકનોજ સમય કુટુંબમાંની સ્ત્રીજાતિ માટે કહાડ, કક્કો

અને બારાક્ષરી તો એટલામાં અવશ્ય આવડી જશે. બાદ શરૂઆતમાં પહેલી ચોપડી જેવી થોડીક સાદી બુકો વાંચવા આપવી અને પછી વાંચનશક્તિ ખીલતી જાય તેમ સ્ત્રી ઉપયોગી પુસ્તકો વાંચવા આપતાં જવાં. અને પછી જોજે કે તેથી કરીને તેઓના, ત્હારા પોતાના અને કુટુંબના જીવનમાં કેવી સુધારણા, ઉચ્ચતા અને આનંદ પ્રવર્તતાં અને વૃદ્ધિ પામતાં જાય છે!

ખરૂં છે કે વાંચનનો–જ્ઞાનનો શોખ જાગ્યા વિના મોટી ઉમરે કક્કો બારાક્ષરી શીખવાનું કોઇને ગમતું નથી, પરન્તુ તે શોખ જગાડવો એમાં પણ શું મોટી વાત છે?

આ પુસ્તક તેમજ સ્ત્રીજાતિનાં બીજાં અનેક ઉત્તમ જીવન-ચરિત્રોનાં તથા સ્ત્રી ઉપયોગી સુબોધક વાર્તાઓનાં થોડાંએક પુસ્તકો અને માસિકો કુટુંબમાંની સ્ત્રીઓ આગળ નિત્ય પ્રતિ થોડો થોડો સમય વાંચી સંભળાવવાનું કેટલોક સમય ચાલુ રાખવાથી તે શોખ જાગ્યા વિના રહે તેમ નથીજ. કેમ દોસ્ત! શું વિચાર કર્યો? જો યોગ્ય લાગે તો આ પુસ્તકના વાંચનનો જાતે લાભ લેવા ઉપરાંત ઉક્ત પ્રકારે સ્ત્રીજાતિના હિતાર્થે પણ તેનો બનતો સદુપયોગ કરવા ચૂકતો નહિ. સ્ત્રીજાતિના સદ્‌વાંચન અને સદ્‌જ્ઞાનની વૃદ્ધિ થવાથી પુરૂષવર્ગના હકમાં જે જે લાભ થાય છે તે બાબત હાલ ત્હારા ખ્યાલમાં આવી શકતી નહિ હોય તો ઉપર પ્રમાણે વર્તી જોયા પછી તે એવી તો ત્હારા ખ્યાલમાં આવી જશે કે અત્યાર સુધી તે તરફ રહેલી બેદરકારી ૯૦ ને માટે તને પશ્ચાત્તાપ જ થશે.

આનન્દીબાઇ જોશીના ચરિત્રનું ગુજરાતીમાં અગાઉ છપાયલું એક મોટું (૩૦ કે વધુ ફોર્મનું) પુસ્તક બે ત્રણ વર્ષ પર એક મિત્રે આ લખનારને બતાવી તેની ઉપયોગિતાની તથા હાલ તે ન મળતું હોવાથી તેના માલીકની સંમતિ લઇને પુનઃ પ્રસિદ્ધ કરવાની ખાસ

ભલામણ કરી હતી. પણ તેના મોટા કદને લીધે ચરિત્રમાળા દ્વારા તેપર સત્વર અમલ કરવાનું મુશ્કેલ જણાતું હતું. બાદ રા. રા. શિવપ્રસાદ દલપતરામ પંડિતના કહેવાથી જાણમાં આવ્યું હતું કે એ વ્યક્તિનું એક સારૂં અને સંક્ષિપ્ત ચરિત્ર બંગાળીમાં નીકળેલું છે. આ ચરિત્રનો અનુવાદ ગુજરાતીમાં તૈયાર કરી આપવાનું પણ તેમણેજ માથે લઇ જે નિષ્કામ બુદ્ધિથી તે તૈયાર કરી આ સંસ્થાને સ્વાધીન કર્યું છે તે બદલ તેમને અમારો સપ્રેમ ધન્યવાદ છે.

"કપાળે કપાળે બુદ્ધિ" એ કહેવત પ્રમાણે કે અધિકાર ભેદને લીધે આ પુસ્તકમાંના કોઇ પણ અંશમાં વિચાર વિવિધતા જેવું પ્રતીત થાય તો સુયોગ્ય વાંચકો સ્વતઃ તેમજ શિષ્ટજનની સહાયપૂર્વક વિવેક દ્રષ્ટિને અવલંબી સારાસાર ગ્રહવા ત્યજવાને સ્વતંત્ર છેજ. આ કથન આ પુસ્તક તેમજ આ સંસ્થા તરફના હરેક પુસ્તક માટે—પછી તેમાં તે ન જણાવ્યું હોય તોપણ-લાગુજ સમજવાનું છે.

આ ચરિત્રની યોજના વિષે વિશેષ માહિતી તેના અનુવાદક મહાશયની આ સાથે આપેલી પ્રસ્તાવનાથી વિદીત થશે. ૐ तत् सत्.

સં. ૧૯૬૯ કાર્તિક વદી પંચમી.
તા. ૨૯-૧૧-૧૨. } મંત્રી.

પ્રસ્તાવના.

આ ન્હાના સરખા પુસ્તકમાં જે સન્નારીનું જીવનચરિત્ર વર્ણવવામાં આવ્યું છે, તે સન્નારીએ પોતાનાં શુદ્ધ આચરણોથી ભારતીય સ્ત્રી વર્ગનું મુખ ઉજ્જ્વલ કર્યું છે. સુશિક્ષિત રમણીનું હૃદય કેટલું ઉન્નત થઇ શકે છે તથા ત્હેમનું જીવન અન્ય સ્ત્રીઓને માટે કેવું આદર્શ-રૂપ થઇ પડે છે. તે આનન્દીબાઇના ઉદાહરણથી સ્પષ્ટ જણાઇ આવે છે.

ડૉક્ટર શ્રીમતી આનન્દીબાઇ જોશી એમ. ડી. મહારાષ્ટ્રીય ર-મણી-સમાજનું એક અમૂલ્ય રત્ન હતું. હાલના જમાનામાં ત્હેના જેવી મનસ્વિની મહિલાએ ભારતવર્ષમાં જન્મ ગ્રહણ કર્યો નથી એમ કહીએ તોપણ ચાલી શકે. આનન્દીબાઇનું માનસિક બળ ઉત્તમ હતું એટલુંજ નહિ, પણ સ્વદેશપ્રેમ જેવા અત્યુત્કૃષ્ટ સદ્‌ગુણમાં પણ એ બીજી કોઇ સ્ત્રીના કરતાં ન્યૂન નહોતી. ભારતવર્ષની સ્ત્રીઓમાં વૈદક-શાસ્ત્રનો પ્રચાર કરવાના ઉદ્દેશથી અસાધારણ દૃઢતાપૂર્વક સર્વ પ્રકારની અડચણોને દૂર કરીને એમણે અમેરિકા જેવા દૂર દેશમાં એકલાં ગમન કર્યું હતું. પરદેશમાં રહેવા છતાં તથા પાશ્ચાત્ય રીતરીવાજોના નિરંતર સહવાસમાં આવ્યા છતાં પણ હિન્દુસમાજ ઉપરનો પોતાનો પ્રેમ ત્હે-મણે ઓછો થવા નહોતો દીધો. ખ્રિસ્તીઓના દેશમાં ત્રણ વર્ષ સુધી રહ્યા છતાં પણ સ્વધર્મ અને સ્વદેશના સારા રીતરિવાજ ઉપરની ત્હે-મની શ્રદ્ધા ઓછી થઇ નહોતી. સ્વદેશવાસીની નિંદા ત્હેના કાનને ઝેરના જેવી અસહ્ય થઇ પડતી. દેશસેવાનાં અનેક કાર્યો કરવાની શુભેચ્છા ત્હેમના પવિત્ર હૃદયમાં વાસ કરી રહી હતી. પરન્તુ ત્હેનો આરંભ થતાં પહેલાંજ, ભારતવાસીઓના દુર્ભાગ્યે ૨૧ વર્ષની કુમળી વયે ત્હેમણે આ અસાર સંસારનો ત્યાગ કર્યો.

આ વિદુષી સન્નારીનું ચરિત્ર મરાઠી ભાષામાં પૂનાનિવાસી રાવસાહેબ ગોવિન્દરાવ વાસુદેવરાવ કાનિટકરનાં પત્ની શ્રીમતી કાશીબાઇએ વિસ્તારપૂર્વક લખ્યું છે, અને ત્હેનું ભાષાન્તર આપણી ભાષામાં શ્રીમતી દ્વારકાબાઇ સાઠયે નામનાં કોઈ મહારાષ્ટ્રીય મહિલાએ કર્યું છે. આનન્દીબાઇ જોશીના ચરિત્ર વિષે વધારે વૃત્તાંત જાણવાની ઇચ્છા રાખનારને એ ચરિત્ર વાંચવા ભલામણ કરૂં છું. એ પુસ્તકની કિંમત દોઢ રૂપિયો હોવાથી અથવા તો આપણા વાંચક વર્ગમાં જીવન ચરિત્રો વાંચવાની રૂચિ ઓછી હોવાથી, કે ગમે તે કોઇ કારણથી એ સુંદર ચરિત્રનો ગુજરાતી પ્રજામાં જોઇએ એટલો પ્રચાર થયો નથી.

ગુજરાતી વાંચનારી પ્રજાને એ વિદુષી સન્નારીનું એક સંક્ષિપ્ત ચરિત્ર મળે એ ઉદ્દેશથીજ આ પુસ્તક લખાયું છે. મહારાષ્ટ્રી હોવા છતાં પણ બંગાળી ભાષાના ઉત્તમ લેખક તરીકે ચિરસ્થાયી કીર્તિ પ્રાપ્ત કરનાર, સુપ્રસિદ્ધ વિદ્વાન્ પ્રોફેસર સખારામ ગણેશ દેઉસ્કર મહાશયે લખેલા સંક્ષિપ્ત ચરિત્રનો આ અનુવાદ છે. સ્વદેશાનુરાગથી પ્રોત્સાહિત થયેલી બંગાલી પ્રજાએ એ પુસ્તકનો ટુંકા સમયમાં ઘણો સારો આદર કર્યો છે. ગુર્જર બન્ધુઓ અને ભગિનીઓ પણ આ પુસ્તકનો યથાયોગ્ય સત્કાર કરીને સ્વદેશની મહાન વ્યક્તિઓ પ્રત્યેના પોતાના પૂજ્યભાવની સાક્ષી આપશે એવી આશા છે.

આ પુસ્તકના પરિશિષ્ટમાં શ્રીમતી આનન્દીબાઇના પત્રોનો જે ઉતારો આપવામાં આવ્યો છે, તે શ્રીમતી દ્વારકાબાઈ સાઠયેના ગુજરાતી ગ્રન્થમાંથી આપવામાં આવ્યો છે. એને માટે હું એ વિદુષી સન્નારીનો ઉપકૃત છું.

બારાં—કોટા રાજ્ય
(રાજપુતાના)
તા. ૧૦ જૂલાઇ ૧૯૧૨.

શિવપ્રસાદ દલપતરામ પંડિત.

આ પુસ્તકના લેખક શ્રીયુત્ શિવપ્રસાદ દલપતરામ પંડિતને હાથે રચાયલાં બીજાં પુસ્તકો.

મૈત્રેયી.

મહર્ષિ યાજ્ઞવલ્ક્યની વિદુષી પત્નીનું વાર્તારૂપે ચરિત્ર. પ્રાચીન યુગના આર્યોના સંસારનું યથાર્થ ચિત્ર બોધ સાથે આનંદ આપે એવું છે; પૃષ્ટ ૮૦ મૂલ્ય ૦)૮ પો. ૦)૦॥

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

સચિત્ર.

સુપ્રસિદ્ધ બંગાળી પંડિત અને પરોપકારી મહાત્માનું જીવન ચરિત્ર આબાલવૃદ્ધ સર્વને અનુકરણ યોગ્ય ઉપદેશોથી પરિપૂર્ણ; મૂલ્ય ૦)≋ પો. ૦॥.

ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૧ લો.

પ્રાચીન સમયની ૧૨૫ મહા સતી સાધ્વીઓનાં ઉત્તમ ચરિત્રો, ઉત્તમ કાગળ, પૃષ્ટ ૭૨૦, પાકું પૂઠું છતાં માત્ર રૂ. ૧ા પો. ૦)≋

ભારતનાં સ્ત્રીરત્નો ગ્રંથ ૨ જો.

ઇતિહાસિક ૧૮૦ મહા પતિવ્રતા વીરાંગનાઓનાં ચરિત્રો, ઉત્તમ કાગળ, પૃષ્ટ ૭૫૦, પાકું પૂઠું છતાં માત્ર રૂ. ૧ા પો. ૦)≋

દેવી અઘોર કામિની—આ નામનું પુસ્તક હવે અહીંથી મળશે નહિ.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય મુંબઈ નં. ૨, શાખા—અમદાવાદ.

શ્રીમતી ડૉકટર
આનન્દીબાઈ જોશી.

પ્રકરણ ૧ લું-બાલ્યાવસ્થા.

શ્રીમતી આનન્દીબાઈ જોશીનો જન્મ ઈ. સ. ૧૮૬૫ ની ૩૧ મી માર્ચ (શકે ૧૮૮૭ ના ચૈત્ર સુદી નવમી)ને દિને પૂના શહેરમાં ત્હેમના મોસાળમાં થયો હતો. ત્હેમના પિતાનું નામ ગણપતરાવ અમૃતેશ્વર જોશી હતું. ત્હેમની સાંસારિક અવસ્થા ખરાબ નહોતી. મુંબઇની પાસેના કલ્યાણ ગામમાં ગણપતરાવને બાપદાદાના વારાની કેટલીક જમીન હતી. એ ધર્માનષ્ઠ, શાન્ત સ્વભાવના અને ઘણાજ સાદા પુરૂષ હતા. ત્હેમની પહેલીવારની સ્ત્રી, દામુરાવ નામના એક પુત્રને જન્મ આપીને, મરણ પામી હતી. એ પત્નીના મરણ પછી ગણપતરાવે બીજીવાર લગ્ન કર્યું હતું. ત્હેમની એ બીજીવારની પત્નીને પેટે એક પુત્ર અને ત્રણ કન્યાઓનો જન્મ થયો હતો. એ ત્રણ કન્યાઓમાં આનન્દીબાઈ વચલાં હતાં. માતપિતાએ બાલ્યાવસ્થામાં ત્હેમનું નામ 'યમુનાબાઈ' પાડ્યું હતું. લગ્ન થઈ ગયા પછી મહારાષ્ટ્રીઓના રિવાજ પ્રમાણે ત્હેમનું નામ બદલી નાંખવામાં આવ્યું. એ દિવસથી એ આનન્દીબાઈ નામથી ઓળખાવા લાગ્યાં.

ત્રણ મહિનાની થતાં યમુના પોતાની મા સાથે પિયેર આવી. એ વખતે એ બાલિકાનો ગોરો રંગ, ગુલાબી ગાલ, કાળા વાળ, સદા હસમુખો ચહેરો, તથા પહેરવેશ વગેરે જોઇને બધાં મુગ્ધ થઈ

જતાં. રમવામાં પણ ત્હેની બરોબરી કરે એવું કોઇ નહોતું. પાંચ વર્ષની વયે ત્હેને શીતળાનો રોગ થયો. એ મંદવાડમાં યમુનાબાઈને ઘણું કષ્ટ ભોગવવું પડયું, પણ આખરે ઇશ્વરકૃપાએ ત્હેને આરામ થઇ ગયો. ત્યાર પછી ત્હેની કાન્તિ જરા ઝાંખી પડી ગઇ, અને ત્હેની શ્રવણ શક્તિ પણ ઓછી થઈ ગઈ.

છ સાત વર્ષની ઉમરે યમુનાએ, એકવાર પોતાના ઘરની સ્હામે કોઇ પાદરીને ભાષણ આપતાં સાંભળ્યો હતો. એ દિવસથી એ પણ પોતાની સાહેલીઓને એકઠી કરીને એ પાદરી સાહેબના ચાળા પાડીને ભાષણ આપતી. કહેવાની જરૂર નથી કે એના ભાષણમાં કહેવાનો સાર કાંઇ પણ હતો નહિ. છતાં પણ ભાષણ આપતી વખતે તો ત્હેનો હાવભાવ, જુસ્સો, તથા પાદરીનું પૂરેપૂરૂં અનુકરણ જોઇને બધાં વિસ્મય પામી જતાં. ત્હેની માતા ત્હેને 'પાદરણ' કહીને ચીડવતી તથા તરછોડી કહાડતી, એટલે થોડા દિવસ ભાષણ આપવાની ટેવ છોડી દેતી.

બાલ્યાવસ્થામાં, સાધારણ રીતે છોકરીઓને ગૃહસ્થાશ્રમ ધર્મનું અનુકરણ કરીને ઢીંગલા ઢીંગલીઓ રમવાનો ઘણો શોખ હોય છે, પરન્તુ યમુનાબાઇને રમકડાં સાથે રમવાનો શોખ નહોતો. જે રમતોમાં ઘણી કુદાકુદ અને દોડાદોડ કરવી પડે તે બધી રમતો એને પસંદ હતી. એ ઉપરાંત ઠાકોરજીની પૂજા કરવી, રમતના અખાડા બનાવવા, બગીચો બનાવવો વગેરે કામ ઉપર ત્હેને અંતરનો ઉમળકો હતો. બગીચામાં જઇને શાકભાજી તથા ફૂલના છોડ રોપવા, એ ત્હેનું રોજનું કામ હતું, એમ કહેવું ગેરવાજબી નહિ ગણાય. ત્હેણે રોપેલા છોડને ઘણુંખરૂં દરરોજ ગાયો અને વાછડાંઓ આવીને ચરી જતાં. યમુના ફરી ફરીને એ છોડવા રોપતી. આ પ્રમાણે બચપણથીજ ત્હેના ખંતીલા સ્વભાવનો પરિચય મળી આવતો હતો.

યમુનાની માનો સ્વભાવ ઘણો ગુસ્સાવાળો હતો. ત્હેને ક્રોધ ચ્હડતો ત્યહારે ગણપતરાવને પણ ત્હેનાથી બ્હીવું પડતું. બિચારી યમુનાને તો લગભગ દરરોજ ત્હેને હાથે માર ખાવો પડતો. પાસે પથરાનો ટુકડો, કે સળગતું લાકડું, જે કાંઇ હોય ત્હેનાથી એ યમુનાને મારતી. એક દિવસ નિશાળે જવાનું બહાનું કાઢીને યમુના કોઈ પાડોશીના ઘરમાં રમવા ગઈ હતી. એ વાંક માટે ત્હેની માતા ત્હેને લાત મારતી મારતી ઘેર લાવી હતી. ત્હેની લાતોના પ્રહારથી બાલિકા યમુનાને વારે ઘડીએ મૂર્છા આવતી, પરન્તુ એમ છતાંએ યમુના તોફાન કરવાનું છોડી દેતી નહિ, એને લીધે પડોશીઓ પણ ત્હેને ઘણો ઠપકો દેતાં. પણ યમુના પોતાની માતાની એ બધી કઠોર સજા ઘણી ધીરજપૂર્વક સહન કરતી, આખા કુટુંબમાં એ ફક્ત પિતા અને દાદીને ઘણી વ્હાલી હતી.

સાતમે વર્ષે યમુનાને નિશાળે બેસાડવામાં આવી. ત્હેની સ્મરણ શક્તિ ઘણી તીવ્ર હતી. કોઈ વાત એકવાર સાંભળ્યામાં આવે તો કદી ભૂલી જતી નહિ. પરન્તુ વાંચવા લખવા ઉપર ત્હેનું મૂળથી ચિત્ત ચોંટતું નહિ. શિક્ષકની ધાક પડે તેટલા સારૂ ત્હેના પિતા ત્હેને નિશાળે મોકલતા, પણ નિશાળે જતી વખતે યમુનાબાઈ ઘણી જીદ પકડતી અને કંકાસ કરતી. મહા મહેનતે મારીપીટીને ત્હેને નિશાળે મોકલી આપવામાં આવતી. નિશાળે જવાનો વખત થાય ત્યારે કોઇ દિવસ યમુનાના પેટમાં ચુંક આવતી તો કોઈ દિવસ માથું દુઃખવા આવતું. એમ એ રોજ નવા નવા ઢોંગ કરતી. એ વખતે ત્હેની સ્નેહશીલ દાદી નિશાળે જવાની ના કહેતી તો ત્હેનું બધું દર્દ મટી જતું અને આખો દિવસ ઘેર રહીને ધીંગામસ્તી કર્યા કરતી. ત્હેના આવા સ્વભાવને લીધે આખા ઘરમાં ત્હેના પિતા અને દાદી શિવાય બીજું કોઈ ત્હેના ઉપર સ્નેહ પ્રગટ કરતું નહિ. ગણપતરાવ

કહેતા ‘ મ્હારી યમુના અસાધારણ બુદ્ધિમતી નીવડશે. મ્હોટી થશે તેમ તેમ ત્હેના સદ્દગુણ ખીલી નીકળશે.’ ઘણી વખત એ પોતાના મિત્રો આગળ યમુનાબાઈને બોલાવી મંગાવતા અને ત્હેમની આગળ ત્હેની પરીક્ષા અપાવીને ઘણી પ્રશંસા કરતા, પરન્તુ ત્હેમના મિત્રોને એ વાત રૂચતી નહિ. તેઓ કહેતા કે આમ પુરૂષોના દેખતાં છોકરીને બોલાવવાથી અને પરીક્ષા અપાવ્યાથી એ શરમ વગરની અને ખરાબ થઈ જશે.

યમુના પોતાની માતાની પેઠે હૃષ્ટપુષ્ટ અને બલિષ્ટ હતી. એક દિવસ ત્હેની માશીએ, પોતાના પુત્ર સાથે કુસ્તી રમવાનું યમુનાને કહ્યું. ત્હેનો પુત્ર ઉમરમાં યમુના કરતાં મ્હોટો હોવા છતાં પણ ત્હેના જેટલો જોરાવર નહોતો. યમુનાએ જોતજોતામાં ત્હેને કુસ્તીમાં હરાવ્યો. એ દિવસથી ત્હેની માશી ત્હેને ‘ યમુના મલ્લ ’ કહીને બોલાવતી. બાલ્યાવસ્થામાં યમુના કુદરતી રીતેજ એટલી બળવાન હતી. તે ઉપરાંત ત્હેની દાદીએ ત્હેની તંદુરસ્તી તથા ત્હેના ખોરાક ઉપર ખાસ ધ્યાન આપ્યું હતું. આટલી બધી કાળજીને લીધે યમુનાનું શરીર સાત વર્ષની વયે એવું વિકાસ પામ્યું હતું કે ત્હેને જોનારને એવો ભ્રમ થતો કે આ દશ વર્ષની છોકરી હશે. આ કારણને લીધે સગાંવહાલાં સર્વ યમુનાને જલ્દી પરણાવી દેવાનો આગ્રહ ત્હેના પિતાને કરવા લાગ્યાં. ગણપતરાવ વરની શોધ કરવામાં ગુંથાયા. પરન્તુ એમાં કાંઇ સ્હેલાઇથી સફળ થયા નહિ. શીતળાના રોગને લીધે યમુનાનું સૌન્દર્ય જતું રહ્યું હતું એટલે ત્હેને પરણનાર સારો વર એકાએક મળી આવ્યો નહિ.

ઘણી શોધ કર્યા છતાં પણ યમુનાને માટે સારો વર મળતો નથી એ જોઇને ત્હેનાં માતપિતાનો ઉદ્વેગ વધતો ગયો. હવે દેવતાની સહાયતાથી કાંઈ સારૂ ફળ મળે એમ ધારીને ત્હેની માતા દરરોજ પાસેના શિવમંદિરમાં જઇને શિવજીની પ્રદક્ષિણા કરી આવતી. આ-

શ્ચર્યની વાત એ છે કે, જે દિવસે યમુનાની મા પહેલી વાર જઇને મહાદેવની પ્રદક્ષિણા કરી આવી, તેજ દિવસે ગણપતરાવના એક મિત્રે આવીને યમુનાની દાદીને એક વરના સમાચાર કહ્યા. ત્હેણે કહ્યું, 'અહિંની ટપાલ ઑફિસમાં એક વર આવ્યો છે. ઈચ્છા હોય તો મ્હારી સાથે આવીને એને જોઈ જાઓ.' એ સમાચાર સાંભળીને બધાં ઘણાં ખુશ થઈ ગયાં, અને યમુનાની દાદી, મા તથા બ્હેન એ ત્રણે જણાં એ પુરૂષની સાથે યમુનાનો વર જોવા કલ્યાણની ટપાલ ઑફિસમાં ગયાં. અને પાછલે બારણેથી પોષ્ટ માસ્તરના ઘરમાં પેઠાં. વરને જોઇને તથા ત્હેની સાથે વાતચીત કરીને ત્હેમને એક પ્રકારનો સંતોષ થયો. બીજે દિવસે ગણપતરાવના કોઈ પડોશીના ઘેર પોષ્ટ માસ્તરને બોલાવીને ત્હેને કન્યા દેખાડવામાં આવી. વરે કન્યા સંબંધી બીજી કાંઈ પૂછપાછ કે સવાલ જવાબ કર્યા વગર ત્હેને જોતાં વારજ લગ્ન સંબંધી પોતાની સંમતિ જણાવી. એ દિવસેજ લગ્નનું મુહૂર્ત નક્કી થઈ ગયું. ગણપતરાવના જીવને હવે કાંઇક નિરાંત વળી.

જે પુરૂષની સાથે આ પ્રમાણે યમુનાનો વિવાહ નક્કી થયો ત્હેનું નામ શ્રીયુક્ત ગોપાલ વિનાયક જોશી સંગમનેરકર હતું. ત્હેના બાપદાદા જ્યોતિષનો ધંધો કરતા હોવાથી તેઓ જોશી કહેવાતા હતા. ગોપાલરાવના ભવિષ્યના સસરા—યમુનાના પિતા પણ જોશી કહેવાતા હતા. ગોપાલરાવ મુંબઇ શહેરથી ૭૦ માઇલ દૂર ઇશાન ખુણામાં આવેલા 'સંગમનેર' નામના ગામનો રહેવાશી હતો એટલે 'સંગમનેરકર' પણ કહેવાતો હતો. ગોપાલરાવ અદ્‌ભુત સ્વભાવનો પુરૂષ હતો. ત્હેના જેવા અવ્યવસ્થિત ચિત્તના પુરૂષ ઘણા થોડા દીઠામાં આવે છે. પહેલાં એ બ્રાહ્મધર્મી થયો હતો. પાછળથી આનન્દીબાઇના મૃત્યુ પછી ખ્રિસ્તી થઇ ગયો હતો અને છેવટે ફરીથી પ્રાયશ્ચિત કરીને હિન્દુ સમાજમાં દાખલ થયો હતો. ખ્રિસ્તી ધર્મ ગ્રહણ કર્યા છતાં

પણ ત્હેણે જનોઇનો ત્યાગ કર્યો નહોતો ! ! અસ્તુ ! ગામઠી નિશાળમાં મરાઠી ભાષાનો અભ્યાસ પૂરો કરીને અંગ્રેજી શિખવા સારૂ એ નાશિક ગયો તે વખતે છ વર્ષની એક બાલિકા સાથે ત્હેનું લગ્ન થયું. બાળક વહુ સાસરે જઇને દેશના રિવાજ પ્રમાણે ઘર કામમાં ગુંથાઈ ગઇ; ગોપાલરાવ જેથી ઘણો અસંતુષ્ટ થયો. ત્હેની મા વહુને ઘરનું કામકાજ કરવાને હુકમ આપતી. ત્યારે એ માતાની સાથે કજીઓ કરતો. ત્હેનો અભિપ્રાય એવો હતો, કે જુવાનીમાં આવ્યા પહેલાં વહુવારૂ પાસે ઘરનું કામકાજ કરાવવું એ બિલકુલ ગેરવ્યાજબી છે. એ સ્ત્રીશિક્ષણનો હિમાયતી હતો; અને પોતાની સ્ત્રીને થોડું ઘણું લખતાં વાંચતાં શિખવ્યું પણ હતું. પરન્તુ કમનસિબે ઘણી ન્હાની વયમાં ત્હેની પહેલી વારની સ્ત્રીનું મૃત્યું થયું. આ મૃત્યુથી ગોપાલરાવના હૃદયને ઘણો સખ્ત ઘા લાગ્યો. પ્રથમ તો ત્હેણે એવો સંકલ્પ કર્યો, કે હવે હું બીજી વાર લગ્ન નહિ કરૂં. પરન્તુ બીજા અનેક પુરૂષોની પેઠે ત્હેને પણ આ સંકલ્પ છોડવો પડયો હતો.

ગોપાલરાવે થોડા દિવસોમાંજ વિદ્યાભ્યાસ પૂરો કરીને ટપાલ ખાતામાં નોકરી સ્વીકારી હતી. બદલી થવાથી એ કલ્યાણની ટપાલ ઑફિસમાં આવ્યો હતો અને ત્યાંજ આગળ ત્હેનો યમુનાબાઈ સાથે વિવાહ સંબંધ બંધાયો હતો. એ વિવાહ નક્કી કરતી વખતે ત્હેણે ગણપતરાવ પાસે એક પ્રતિજ્ઞા લેવરાવી હતી. એ પ્રતિજ્ઞા એ હતી કે 'હું મ્હારી ભાવી પત્ની યમુનાને પિયેરમાં રાખીને મ્હારી ઇચ્છા મુજબ ભણાવીશ, એમાં તમે કોઇ પણ જાતનો વાંધો લઇ શકશો નહિ.' યમુનાના પિતા ગણપતરાવ સ્ત્રીકેળવણીના વિશેષ હિમાયતી નહોતા, છતાં પણ કન્યાને સારો વર શોધી આપવાની જવાબદારીમાંથી છુટવા સારૂ, જમાઈની એ સૂચના પણ કબૂલ રાખી. ત્યાર પછી ગોપાલરાવ લગ્નની તૈયારી કરવા રજા લઇને સંગમનેર ગયો.

હમે આગળ કહી ગયા છીએ કે ગોપાલરાવનું ચિત્ત અવ્યવસ્થિત હતું. આ વખતે એનો પહેલી વાર અનુભવ થયો. હેણે નક્કી કરી રાખ્યું હતું કે બીજી વાર લગ્ન કરીશ તો કોઈ વિધવા સાથે કરીશ. યમુનાની સાથે વિવાહ થતાં પહેલાં, હેણે મહારાષ્ટ્રના વિદ્યાસાગર—વિધવાવિવાહના પ્રવર્તક, પંડિતવર વિષ્ણુ પરશુરામ શાસ્ત્રી અને બીજા સંસારસુધારકો સાથે એ વિષયમાં પત્રવ્યવહાર કર્યો હતો, એટલુંજ નહિ પણ ગણપતરાવ આગળ હેની કન્યા યમુનાનું પાણિગ્રહણ કરવાનું વચન આપી આવ્યા પછી પણ એણે કોઈ યોગ્ય વિધવાની શોધ કરવાનું બંધ કર્યું નહોતું. હેનો પિતા, પુત્રનો વિધવાવિવાહ સંબંધી વિચાર જાણીને ઘણો અસંતુષ્ટ અને ગુસ્સે થયો હતો. પિતાને સંતુષ્ટ કરવા સારૂ ગોપાલરાવે આ વખતે ઘેર જઇને પિતાને યમુનાબાઈ સાથેના સંબંધની વાત કહી. પુત્રની મતિ સુધરી, એ જાણીને હેનાં માતપિતાને ઘણોજ આનંદ થયો અને તેઓ ઉલ્લટભેર લગ્નની તૈયારીઓ કરવા લાગ્યાં. પરન્તુ ગોપાલરાવ અનેક બહાનાં કહાડીને લગ્નના કામમાં વિલંબ કરાવતો ગયો અને પોતાના લગ્ન માટે એક ન્હાની વયની વિધવા બાલિકા શોધી કહાડવાનું પોતાના સુધારક મિત્રોને પત્રદ્વારા જણાવ્યું.

પેલી તરફ, ગોપાલરાવના વચન ઉપર વિશ્વાસ રાખીને, યમુનાના પિતા ગણપતરાવ તો તડામાર લગ્નની તૈયારી કરવા લાગ્યા. સગાંસંબંધી અને મિત્રોને કંકોત્રીઓ મોકલી. લગ્નની પહેલાં ન્યાતના અને કુળના રિવાજ પ્રમાણે જે જે સંસ્કારો થવા જોઇએ તે આરંભ કરાવી દીધા, પરન્તુ વરના કાંઈ પણ સમાચાર મળ્યા નહિ. કન્યાપક્ષના લોકો દરેક ક્ષણ અત્યંત ઉદ્વેગપૂર્વક ગાળવા લાગ્યા. એમ કરતાં કરતાં લગ્નનો નક્કી કરેલો શુભ દિન પણ આવી પહોંચ્યો. ગામના લોકો અને આડોશી પડોશીઓમાંથી કોઈ વરના ચાલચલણ

વિષે, તો કોઈ યમુનાના ભાગ્ય વિષે ચર્ચા કરવા લાગ્યા. જે લોકો ત્હેમનું આ સગપણ કરાવી આપવામાં મધ્યસ્થ થયા હતા ત્હેમની પણ ગામમાં અને ન્યાતજાતમાં ઘણી નિંદા થવા લાગી. યમુનાના માતપિતાને આ બનાવથી ઘણોજ શોક–સંતાપ થયો. એટલે સુધી કે એ બિચારાં ફિકરમાં ને ફિકરમાં અધમુવાં થઈ ગયાં.

પેલી તરફ, ગોપાલરાવના મગજમાં વિધવાવિવાહ કરવાનો સંકલ્પ પ્રબલપણે રમી રહ્યો હતો. એ કારણને લીધે માતપિતા અને ગણપતરાવને છેતરવા સારૂ એ સંગમનેરમાંથી ચુપચાપ ચાલ્યો ગયો. થોડા દિવસ પછી લગ્નનું મુહૂર્ત વીતી ગયું હશે એમ ધારીને એણે પોતાની નોકરી ઉપર કલ્યાણ જવાની તૈયારીઓ કરવા માંડી. એટલામાં જે એક સારા માણસની મારફતે ત્હેના યમુના સાથેના લગ્નની વાતચીત અને ગોઠવણ થઈ હતી. ત્હેનો નાશિકના સ્ટેશન ઉપર અચાનક મેળાપ થઇ ગયો. એ સદ્‌ગૃહસ્થ લોકનિંદાથી કંટાળી જઇને ગોપાલરાવ જોશીને તેડી લાવવા સારૂ સંગમનેર તરફજ જતા હતા.

રસ્તામાં નાશિકના સ્ટેશન ઉપર ગોપાલરાવને જોતાં વારજ ત્હેણે ત્હેને ખૂબ ઉધડો લીધો. ત્હેના તિરસ્કારથી ગોપાલરાવ ઘણો શરમાઈ ગયો અને વારંવાર ત્હેની પાસે ક્ષમા માગવા લાગ્યો. એ મધ્યસ્થ ગૃહસ્થ ગોપાલરાવને નાશિકમાં શ્રીયુત્ ગંગાધર નરસિંહ કેતકર નામના એક ગૃહસ્થ પાસે લઈ ગયો. કેતકર મહાશયના ખૂબ ધમકાવ્યાથી ગણપતરાવની કન્યા યમુનાબાઈ સાથે લગ્ન કરવા ગોપાલરાવ કલ્યાણ જવા તૈયાર થયો.

યથા સમયે યમુનાબાઇ સાથે ગોપાલરાવનું લગ્ન થઇ ગયું. એ સમયે યમુનાનું આગલું નામ બદલીને નવું નામ પાડવામાં આવ્યું. લગ્ન સમયે ગોપાલરાવે નવી વહુનું નામ 'આનન્દીબાઇ' પાડ્યું. ત્યારથી યમુના સર્વત્ર આનન્દીબાઇના નામથી પ્રસિદ્ધ થઇ.

તે પછી ગણુપતરાવના આગ્રહથી ગોપાલરાવ સાસરામાં રહેવા લાગ્યો. આગળથી કરી રાખેલા સંકલ્પ પ્રમાણે હ્હેણે આનન્દીબાઇના અભ્યાસ સારૂ કેટલાંક મરાઠી પુસ્તકો મંગાવ્યાં હતાં.' વાંચવા લખવાનો આનન્દીબાઇને મૂળથીજ કંટાળો હતો, એટલે વાંચનની એ ચોપડીઓ લગભગ એક ખૂણામાંજ પડી રહેતી. ગણુપતરાવ સ્ત્રી-કેળવણીનો વિશેષ પક્ષપાતી નહોતો. હ્હેણે પોતાનો અભિપ્રાય પોતાના મિત્રોદ્વારા જમાઇને જણાવ્યો. પરન્તુ ગોપાલરાવ કોઇનો પણ આગ્રહ માને એવો મનુષ્ય નહોતો. પોતાને સ્હમજાવવા આવનાર મનુષ્યને ગોપાલરાવે જે ઉત્તર આપીને વિદાય કર્યો, તે ઉત્તર સુધરેલા વિચારના કેળવાયલા મનુષ્યના મુખમાં શોભા આપે એવો નહોતો. ખરેખાત! એ એક અદ્‌ભુત સ્વભાવનો મનુષ્ય હતો. હ્હેના એ અદ્‌ભુત સ્વભાવનો પરિચય હ્હેનાં અનેક કામોથી મળી શકે છે. લગ્ન કર્યાં પછી બે અઠવાડિયા બાદ એક દિવસ હ્હેણે સામાન્ય કારણને માટે ગુસ્સે થઈ જઇને નવી વહુને લાકડે લાકડે એવી તો મારી હતી કે હ્હેની વેદનાથી કેટલાએ દિવસ આનન્દીબાઈ માંદી રહી હતી. ! જે મનુષ્ય સ્ત્રીશિક્ષણનો ઘણો મ્હોટો પક્ષપાતી અને બાળક વહુ પાસે સાસરામાં કામ લેવાનો સખ્ત વિરોધી હતો, હ્હેની તરફથી આવી નિષ્ઠુરતા થાય એ ખરેખર ઘણું વિસ્મયકારક છે!

લગ્ન કર્યાં પછી આઠ મહિના સુધી ગોપાલરાવ સાસરે રહ્યો. કહેવાની જરૂર નથી, કે આનન્દીબાઇ હ્હેનાથી યમરાજાના જેટલું બ્હીતી, અને વાંચવા લખવામાં બની શકે તેટલી બેપરવાઈ જણાવતી હતી. કલ્યાણમાં રહ્યાથી પોતાની મરજી મૂજબ આનન્દીબાઇને ભણાવાશે નહિ. એમ ધારીને ગોપાલરાવે પોતાના ઉપરીઓને વિનંતિ કરીને અલિબાગ બદલી કરાવી. આનન્દીબાઇને સાચવવા સારૂ હ્હેની વૃદ્ધ દાદી પણ જમાઈની સાથે અલિબાગ ગઇ.

ત્યાં ગયા પછી પણ આનન્દીબાઇએ ભણવાગણવામાં મન પરોવ્યું નહિ. એ ગોપાલરાવના દેખતાંજ સ્લેટ પેન અને પુસ્તકો ફેંકી દેતી ! ગોપાલરાવે સ્ત્રીનો વાંચવા લખવા ઉપર આ પ્રમાણે કંટાળો જોઇને બીજી યુક્તિ શોધી કહાડી. હેણે એજ દિવસથી આનંદીબાઇ ઉપર ક્રોધ કરવો છોડી દીધો. અને જાતજાતની રમતગમતની સામગ્રીઓ આણી આપીને કહ્યું કે, વાંચતાં લખતાં શિખીશ તો એવી બીજી વસ્તુઓ આણી આપીશ. આ લાલચનું ફળ સારૂં આવ્યું આનન્દીબાઇનું મન ધીમે ધીમે લખવા વાંચવા ઉપર ચોંટવા લાગ્યું. છતાં પણ ભણવા બેસતી વખતે પાંજરામાં પૂરેલા નવા પોપટના જેવી દશા હેની થતી. થોડીકજવાર સુધી એકજ જગ્યાએ સ્થિર થઇને બેસી રહ્યાથી હેનો જીવ ગભરાઇ આવતો. ભણવાનું પૂરૂં થાય એટલે તરતજ એ કુદકો મારીને બ્હેનપણીઓ સાથે રમવાને ચાલી જતી. પરન્તુ હેની બુદ્ધિ તીવ્ર હોવાથી બેચાર વખત વાંચ્યાથીજ હેને પાઠ મ્હોંએ થઈ જતો.

સારાં સારાં કપડાં તથા ઘરેણાં ગાંઠાં પહેરવાનો આનન્દીબાઇને વિશેષ શોખ હતો. ગોપાલરાવનો સ્વભાવ એથી તદ્દન ઉલટોજ હતો. આડંબર અને વિલાસપ્રિયતા તરફ હેને ઘણોજ અણગમો હતો. આનન્દીબાઇનો પહેરવેશનો ઠાઠ હેને જરા પણ પસંદ પડતો નહિ. અને એટલા સારૂ એ વખતોવખત ઘાણી ગ્રામ્ય ભાષામાં હેનો તિરસ્કાર કરતો. પરિણામ એ આવ્યું કે, આનન્દીબાઇ પોતાની આગલી ટેવ છોડી દઈને સ્વામીના મતને અનુસરનારી થઈ. બીજી તરફ અલિબાગ ગયા પછી એક વર્ષની અંદર હેણે ભૂગોળ, વ્યાકરણ, મરાઠી ઇતિહાસ અને અંકગણિતનો પહેલો ભાગ એટલા વિષયો પૂરા કર્યા. હેના હાથના અક્ષર પણ સારા લખાતા ગયા.

પ્રકરણ ૨ જું-વિદ્યાભ્યાસ.

લગ્ન પછી બે વર્ષે આનન્દીબાઇ ગર્ભવતી થઇ. યથા સમયે ત્હેને એક પુત્ર સાંપડયો. પણ એ બાળક આ દુનિયામાં દશ દિવસ કરતાં વધારે વખત જીવ્યો નહિ. જનસમાજ સમક્ષ જે મહાન્ આદર્શ સ્થાપન કરવા સારૂ આનન્દીબાઇ આ જગતમાં આવી હતી, તે આદર્શનો માર્ગ સાફ કરવા માટેજ કદાચ ભગવાને ત્હેના ઉપર આ આપત્તિ આણી હશે.

આનન્દીબાઇના શિક્ષણમાં સગવડ કરી આપવા સારૂ ત્હેનો સ્વામી ગોપાલરાવ કલ્યાણ છોડીને અલિબાગ ગયો હતો. ત્યાં ગયા પછી એક વર્ષમાંજ આનન્દીબાઇનું મરાઠી શિક્ષણ સમાપ્ત થયું. ત્યાર પછી સુવાવડ કરવા ત્હેને કેટલાક મહિના પિયેરમાં રહેવું પડયું હતું. પુત્રશોકને લીધે એક માસ ઘણીજ દિલગીરીમાં ગાળીને આનન્દીબાઇએ ફરીથી વાંચવા લખવામાં મન પરોવ્યું. આ વખતે ગોપાલરાવે ત્હેને અંગ્રેજી ભણાવવાનો આરંભ કર્યો. આનન્દીબાઇને હવે વિદ્યાભ્યાસ ઉપર શોખ વધવા લાગ્યો. ત્હેની સ્મરણ શક્તિ ઘણી પ્રબળ હતી એટલે થોડા સમયમાંજ પાઠ પૂરો કરીને બાકીનો સમય અનેક અઠવાડિક અને માસિકપત્રો વાંચવામાં ગાળતી. ખાનગી કાગળો લખવાનું કામ પણ ગોપાલરાવે ત્હેને સોંપ્યું હતું એટલે ત્હેની ભાષા તથા શૈલી પણ સુધર્યાં અને હસ્તાક્ષર પણ સારા થયા. પરન્તુ પોતાની મરજી મૂજબ શિક્ષણ આપવા જતાં ગોપાલરાવને એવી વિપત્તિમાં આવવું પડ્યું કે ત્હેને થોડા દહાડામાંજ લાચાર થઇને અલિબાગ છોડી જવું પડયું.

અંગ્રેજી ભણાવવાની સાથે સાથે ગોપાલરાવ પોતાની પત્નીને લઇને લગભગ દરરોજ સંધ્યાકાળે હવા ખાવા સમુદ્ર કિનારે જતો.

એથી હેની વર્તણુક તરફ ઘણા લોકોનું ધ્યાન ખેંચાયું. મહારાષ્ટ્રીઓમાં પડદાનો-ઘુમટાનો રિવાજ બિલકુલ નહિ હોવા છતાં પણ આ પ્રમાણે જુવાન પત્નીને સાથે લઈ સમુદ્ર તીરે ફરવા જવું એ સાધારણ લોકોની આંખે દૂષણરૂપ દેખાવા લાગ્યું. એ કારણથી દુષ્ટ લોકો ગોપાલરાવની અનેક પ્રકારે મસ્કરી કરવા લાગ્યા. આખરે હેમણે ગોપાલરાવને એટલો બધો કંટાળો આપ્યો કે બિચારાને અલિબાગથી પોતાની બદલી કોલ્હાપુર કરાવવી પડી. એ વખતે આનન્દીબાઇની ઉમર તેર વર્ષની હતી.

કોલ્હાપુર અંગ્રેજ સરકારને ખંડણી ભરનારૂં દેશી રાજ્ય છે. ત્યાંના રાજપુરૂષો સ્ત્રી કેળવણી ઉપર વિશેષ ધ્યાન આપતા હતા. ત્યાંના મહારાજાના ખર્ચે ત્યાં એક કન્યાશાળા ઉઘડી હતી. કુમારી માઇસી નામની એક મડમ એ કન્યાશાળામાં શિક્ષકની જગ્યાએ નીમાઈ હતી. એ બધા સમાચાર સાંભળીનેજ ગોપાલરાવ કોલ્હાપુર ગયો હતો. પરન્તુ સાહેબ લોકોની રીત પ્રમાણે સ્ત્રીને શિક્ષણ આપવાની હેની ઇચ્છા છે એવું જાણ્યા પછી કોલ્હાપુરમાં પણ ગોપાલરાવ ઘણા લોકોના ઉપહાસને પાત્ર બન્યો. એ ત્યાંના પાદરીઓને ઘેર પોતાની સ્ત્રી સાથે વારે ઘડીએ આવ જા કરતો અને આનન્દીબાઇને કુમારી માઇસીની સાથે ગાડીમાં બેસાડીને દરરોજ રાજ્યની કન્યાશાળામાં ભણવા મોકલતો. એ કારણને લીધે સ્વદેશી રીત રિવાજના પક્ષપાતી કોલ્હાપુરના અમલદારો હેના ઉપર ઘણાજ ગુસ્સે થયા. પરિણામ એ આવ્યું કે રાજ્યની કન્યાશાળામાં આનન્દીબાઇને ભણાવવાની સગવડ ઘણી ઓછી થઇ ગઈ. પરન્તુ દૃઢપ્રતિજ્ઞ ગોપાલરાવે આવાં વિઘ્નોથી પોતાનો સંકલ્પ જરા પણ શિથિલ થવા દીધો નહિ.

પાદરીઓ સાથે વાતચીત કરતાં ગોપાલરાવને જણાયું કે, અમેરિકા જઇ શકાય તો, આનન્દીબાઇને પોતાની ઇચ્છા અનુસાર કેળ-

વણી આપવાની સગવડ થશે. પાદરીઓએ એ કામમાં હેને મદદ આપવાનું વચન આપ્યું અને અમેરિકાના અમલદારો સાથે ગોપાલરાવનો પરિચય કરાવી આપ્યો. એ વખતે હેમનો જે પત્રવ્યવહાર ચાલ્યો હતો, તે વાંચ્યાથી જણાઈ આવે છે કે, ગોપાલરાવે પોતાને માટે એક ચાકરી અમેરિકામાં શોધી કહાડવાનો પાદરીઓને આગ્રહ કર્યો હતો; પરન્તુ પાદરી સાહેબોએ એ બાબતમાં હેને કોઇ પણ મદદ આપવાને બદલે યુક્તિપૂર્વક હેને ખ્રિસ્તી ધર્મમાં વટલાવવાનો યત્ન કર્યો. આખરે કંટાળી જઇને ગોપાલરાવને હેમનો સંસર્ગ છોડવો પડયો. તે પહેલાંથીજ આનન્દીબાઇને ખ્રિસ્તી બનાવવા સારૂ પાદરી મહાશયોએ હેની આગળ ઈસુખ્રિસ્તના માહાત્મ્યનું કીર્તન કર્યું હતું. પરન્તુ તેર વર્ષની આનન્દીબાઈની સ્વધર્મમાં એટલી બધી દઢ નિષ્ઠા હતી કે હેના વિચારોમાં જરા પણ ફેરફાર થયો નહિ.

કોલ્હાપુરમાં આનન્દીબાઇને ભણાવવાની સગવડ બંધ પડી ગઈ એટલે ઈ. સ. ૧૮૭૯ ના પ્રારંભમાં ગોપાલરાવ મુંબઇ ગયો. ત્યાં આગળ પાદરીઓની એક નિશાળમાં આનન્દીબાઇના શિક્ષણનો બંદોબસ્ત કર્યો. આનન્દીબાઈ દરરોજ એકલી પગે ચાલીને નિશાળે જતી, તે ઉપરાંત હેના પહેરવેશમાં પણ થોડી ઘણી પાશ્ચાત્ય છટા આવી હતી, એને લીધે મુંબઇના કેટલાક લોકો, ખાસ કરીને વાણીઆ, તંબોળી, અને મોદી વગેરે, રસ્તામાં હેને જોતાં વારજ ચાળાચટકા અને મશ્કરીઠઠ્ઠા કરતા.

એ સમયમાં ગોપાલરાવના પિતા વિનાયકરાવ પુત્રને મળવા સારૂ મુંબઈ ગયા હતા. પુત્ર અને પુત્રવધૂનાં આવાં લક્ષણ જોઇને એ ઘણા નારાજ થયા. કારણ કે મહારાષ્ટ્ર દેશમાં સાધારણ સ્ત્રી-કેળવણીનો પ્રચાર ઘણા સમયથી હોવા છતાં પણ એ હાલના જમાનાને મળતો આવે એવો નહોતો. ઈ. સ. ની અઢારમી સદીમાં પેશ્વાઓના

રાજ્યમાં સારા ઘરના લોકો ઘેર શિક્ષક રાખીને ઘરની બાળાઓને યથોચિત શિક્ષણ આપતા હતા. એ વખતમાં સરદારોની સ્ત્રીઓ રાજનીતિના વિષયનું શિક્ષણ મેળવતી અને કોઇ કોઈ વખત તો સરદારોએ યુદ્ધક્ષેત્રમાં જઇને રણસંગ્રામમાં કરેલાં સર્વ કાર્યોનાં વૃત્તાંત (despatches) રાજદરબારમાં લખી મોકલતી. એજ પ્રમાણે પતિની અથવા વડીલની આજ્ઞા લઇને રાજમાર્ગમાં આવ જા કરવાનો પણ સાધારણ રીતે મહારાષ્ટ્રી બ્રાહ્મણમહિલાઓને કદી નિષેધ નહોતો અને હજુ પણ એવો નિષેધ નથી. પાશ્ચાત્ય કેળવણીનો પ્રકાશ મેળવીને મહારાષ્ટ્ર દેશના યુવકો સાધારણ કન્યાશાળામાં સ્ત્રીઓને એકલી પગે ચાલતી મોકલવાના પક્ષપાતી થયા એ જાણીને પ્રાચીન વિચારના લોકો ત્હેમની ઘણી નિંદા કરવા લાગ્યા. ગોપાલરાવના ઉપર ત્હેના પિતા ઘણા અસંતુષ્ટ થયા ત્હેનું મુખ્ય કારણ એજ હતું. વિદેશી ઉચ્ચ શિક્ષણની વિરૂદ્ધમાં ત્હેમણે પુત્રને ઘણો ઉપદેશ આપ્યો પણ ત્હેમાં એ સફલ થયા નહિ; એટલે ક્રોધાવેશમાં, હવેથી પુત્રનું મ્હોં જોઇશ નહિ, એવું કહીને મુંબઇ છોડીને ચાલ્યા ગયા.

મુંબઇમાં પાદરીઓની નિશાળમાં ભણતી વખતે આનન્દીબાઈ હમેશાં સૌથી પહેલો નંબર રાખવાનો યત્ન કરતી. ત્યાંની મહેતીજી અને છોકરીઓ સાથે અંગ્રેજીમાં વાતચીત કરવી પડતી હોવાથી આનન્દીબાઇનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન થોડા સમયમાં ઘણું વધી ગયું. અંગ્રેજી ભાષા શિખતી વખતે, અંગ્રેજી મહિલાઓની માફક આનન્દીબાઇ સ્વતંત્રપણે રહીને શિક્ષણ મેળવી શકે એ બાબત ઉપર ગોપાલરાવે ખાસ ધ્યાન આપ્યું હતું. અલિબાગથી કોલ્હાપુર જતી વખતે રસ્તામાં એક દિવસ આનન્દીબાઇને ઉતારામાં એકલી મૂકીને ગોપાલરાવ આઠ પ્રહર સુધી ક્યાંય સંતાઈ રહ્યો હતો ! તેર વર્ષની બાલિકા પરદેશમાં અજાણ્યા ઘરમાં આ પ્રમાણે સંકટમાં આવી પડયાથી કેટલી

ભયભીત થઇ ગઈ હશે, તે વાંચક બ્હેનો સ્હેલાઇથી સ્હમજી શકશે. મુંબાઇમાં રહેતી વખતે પણ ગોપાલરાવે સ્ત્રીનું સાહસ વધારવા સારૂ વિવિધ ઉપાયો યોજ્યા હતા. આનન્દીબાઇને પાદરીઓની નિશાળમાં એકલી ભણવા મોકલવામાં પણ ત્હેનો ઉદ્દેશ, ત્હેનું સાહસ વધારવાનો હતો. ત્યાંથી કલ્યાણ શહેર બહુ દૂર નહિ હોવાથી આનન્દીબાઇને પિયેર જવાનો ઘણો લાગ મળતો. ગોપાલરાવ ઘણી વખત ત્હેને એકલી પિયેર જવાની આજ્ઞા આપતો. શરૂઆતમાં તો ત્હેની સૂચના મૂજબ એક નોકર આનન્દીબાઈની સાથે જઇને ત્હેને ટિકિટ કઢાવી આપતો, પણ પાછળથી ગોપાલરાવે ત્હેને સાથે જવાની મના કરી દીધી. ત્યારથી આનન્દીબાઇને પોતાની ઇચ્છા ન હોવા છતાં પણ, બિલકુલ એકલી કલ્યાણ સ્ટેશને આવ જા કરવી પડતી.

ત્યાર પછી ગોપાલરાવે આનન્દીબાઇની દાદીને કલ્યાણ મોકલી આપી અને પોતે ત્રણ મહિનાની રજા લઇને ઉત્તર હિન્દુસ્તાનમાં ફરવા નીકળી ગયો. ચૌદ વર્ષની બાલિકા આનન્દીબાઇને મુંબઈમાં એકલાં રહેવું પડયું; એ વખતે એ નિશાળની બોર્ડિંગમાં વાસ કરતી અને દરરોજ બે વખત ગોપાલરાવની પહેલી વારની પત્નીના ભાઇને ઘેર જઈને ભોજન કરી આવતી. આ પ્રમાણે આવ જા કરતી વખતે રસ્તામાં બદમાશ લોકો ત્હેને ઘણું હેરાન કરતા. એ દુષ્ટજનોના ત્રાસથી કંટાળી જઇને આનન્દીબાઈ દોઢ મહિના પછી કલ્યાણ શહેરમાં પિયેર જઇને રહી.

ઉત્તર હિંદુસ્તાનમાં ફરી આવ્યા પછી ગોપાલરાવે જોયું કે વારે ઘડીએ પિયેરમાં આવ જા કર્યાથી આનન્દીબાઇના શિક્ષણમાં વિક્ષેપ પડે છે. એટલા માટે તે દૂર દેશાવરમાં બદલી કરાવવાનો યત્ન કરવા લાગ્યો. એ અરસામાં કચ્છભુજમાં ભુજની ટપાલ ઑફિસના પોષ્ટ માસ્તરની જગ્યા ખાલી પડી. અમલદારોએ ગોપાલરાવની એ જગ્યાએ

બદલી કરી, પણ ભુજ ગયા પછી આનન્દીબાઇને નિશાળમાં મોકલવાની સગવડ મળી નહિ. એટલે ગોપાલરાવ પોતેજ ફુરસદની વખતે ઘરમાં ત્હેને શિક્ષણ આપવા લાગ્યો.

ભુજ ગયા પછી ગોપાલરાવને એક નવી અડચણ નડી. આનન્દીબાઇને આટલા દિવસ સુધી ફક્ત ભણવાગણવામાંજ નિયુક્ત રાખી હતી, એટલે ત્હેને રસોઈ કરતાં શિખવાની ફુરસદ મળી નહોતી. અત્યાર સુધી દાદીની ઘણી કૃપા હોવાથી રસોઇ કરવાનું પ્રયોજન ત્હેને કદી પડયું નહોતું. અહીંયા ભુજમાં આવ્યા પછી ઘરસંસારનો બધો ભાર ત્હેના માથા ઉપર આવી પડયો. રસોઇના કાર્યમાં માહિતી નહિ હોવાથી ત્હેને એ કામ ઉપર ઘણો કંટાળો ઉપજતો. ભુજમાં ખાવાની બીજી સારી વસ્તુઓ તૈયાર પણ મળતી નહિ. એથી શરૂઆતમાં થોડા દિવસ એ દંપતીને શેકેલા ચણા ખાઇને ઘણા કષ્ટમાં ગાળવા પડયા હતા.

દોઢ વર્ષ ભુજ નગરમાં રહ્યાથી આનન્દીબાઇએ અંગ્રેજી ભાષામાં પ્રવીણતા મેળવી. બે એક સંસ્કૃત પુસ્તક પણ ત્હેણે આગમચ પૂરાં કર્યાં હતાં. હવે તો થોડા દિવસમાંજ તે સંસ્કૃત જ્ઞાનમાં ગોપાલરાવથી આગળ વધી ગઈ! કોઇ ગોરી મડમની સહાયતાથી એ શીવણ, ભરત અને ગુંથણ કામ પણ શિખી હતી.

બીજી તરફ, ગોપાલરાવ સાથે થોડા સમય પૂર્વે પાદરીઓને જે પત્રવ્યવહાર થયો હતો, તે ‘ ક્રિશ્ચિયન રિવ્યુ ’ નામના અમેરિકાના એક માસિક પત્રમાં પ્રગટ થયો. એ પત્ર દૈવયોગે શ્રીમતી મેરીકાર્પેંટન્ર નામની એક દયાળુ અંતઃકરણની રમણીની જાણમાં આવ્યું. તે દિવસથી આનન્દીબાઇના જીવનનો સ્રોત બીજી દિશામાં વળ્યો. એ રમણી રોશેલ નગરમાં વાસ કરતી હતી. કુતૂહલપૂર્વક ત્હેમણે એ વર્તમાનપત્ર વાંચ્યું અને એમાં લખેલા વૃત્તાંતથી હૃદયમાં દુઃખનો

સંચાર થયો. એમાં છપાયેલા પત્ર ઉપરથી ગોપાલરાવની અવસ્થા અને પાદરીઓએ ત્હેની સાથે ચલાવેલી વર્તણુકનો વૃત્તાંત ત્હેના જાણ્યામાં આવ્યો. એજ ક્ષણે ત્હેણે આનન્દીબાઇને સહાનુભૂતિ-સૂચક એક પત્ર લખીને ઉચ્ચ પ્રકારનું શિક્ષણ મેળવવામાં ત્હેને ઉત્તેજન આપવાનો સંકલ્પ કર્યો. એ સંકલ્પ કાર્યમાં એક દૈવી ઘટના અનુકૂળ થઈ પડી.

બીજે દિવસે પ્રાતઃકાળે શ્રીમતી કાર્પેન્ટરની 'આમી' નામની એક નવ વર્ષની બાલિકા પથારીમાંથી ઉઠતાં વારજ ત્હેમની પાસે જઇને બોલી 'મા! મ્હેં સ્વપ્નમાં જોયું કે ત્હમે હિન્દુસ્તાનમાં કોઇને પત્ર લખો છો.'

એ બાલિકાએ એશિયાખંડનો નકશો કદી દીઠો નહોતો; અને શ્રીમતી કાર્પેન્ટરે પણ પોતાના સંકલ્પનો વિષય પહેલાં કદી કોઇની પણ આગળ જણાવ્યો નહોતો. એથી કરીને બાલિકાના આ સ્વપ્નને એમણે દૈવી સંકેત ગણી લીધો. ત્હેણે જરા પણ વિલંબ કર્યા વગર કોલ્હાપુરને શિરનામે આનન્દીબાઇને સહાનુભૂતિસૂચક અને ઉત્સાહ-વર્ધક એક પત્ર લખ્યો. એ પત્રમાં લખ્યું હતું કે, અમેરિકા સંબંધી ત્હમારૂં જ્ઞાન વધે એટલા સારૂ ન્યુયોર્કમાંથી પ્રગટ થતું એક ઉત્તમ અઠવાડિક કે માસિકપત્ર ત્હમારે વાંચવા સારૂ નિયમિત રૂપે હું મોકલતી રહીશ. આ બનાવનો ઉલ્લેખ કરતાં એ પરોપકારી બાઈ જાતે એક સ્થળે કહેતી કે, 'મ્હારી કન્યાએ આ પ્રમાણે સ્વપ્ન જોઇને એનો વૃત્તાંત મ્હારી આગળ ન કહ્યો હોત, તો કદાચ વિવિધ કામોમાં ગુંથાઈ જઇને હું આનન્દીબાઇને પત્ર લખવાની વાત વિસરી જાત.'

ગોપાલરાવ અને આનન્દીબાઈ ભુજ નગરમાં રહેતાં હતાં તે વખતે એ પત્ર આનન્દીબાઇને મળ્યો. અમેરિકા જેવા દેશમાં આ પ્રમાણે એક નિઃસ્વાર્થ બન્ધુ મળી આવવાથી ત્હેમના હૃદયમાં અત્યંત

આનંદ ઉત્પન્ન થયો તથા ઈશ્વરની કરૂણા માટે પ્રગાઢ વિશ્વાસ બેશી ગયો. આનન્દીબાઇએ એક પત્ર લખીને મેરી કાર્પેન્ટરનો ત્હેમની સહૃદયતા માટે ખરા અંતઃકરણપૂર્વક આભાર માન્યો. એ દિવસથી બે જણાંઓ નિયમિત રીતે દર મહિને એક બીજાને પત્ર લખવા લાગ્યાં, એ બધા પત્રોદ્વારા બન્ને જણાં પોતપોતાના દેશના સામાજિક આચાર વિચારની વાત પરસ્પર જણાવવા લાગ્યાં. સ્વજાતિ અને સ્વદેશના રીતરિવાજ ઉપર આનન્દીબાઇને કેટલી બધી શ્રદ્ધા હતી અને કેટલી હિંમતથી એ પોતાના અંતઃકરણનો ભાવ પરદેશીઓની આગળ જણાવી શકતી, એ તે વખતના પત્રો ઉપરથી સ્હમજી શકાય છે.

એક પત્રમાં આનન્દીબાઇએ શ્રીમતી કાર્પેન્ટરને લખ્યું હતું કે "હિન્દુઓ સાધારણ રીતે જેટલા શાન્ત સ્વભાવના અને સાત્વિક પ્રકૃતિના છે તેટલા યુરોપિયનો નથી. હમારા (દક્ષિણીઓ) માં પશ્ચિમના નિવાસીઓ કરતાં રોગની સંખ્યા ઓછી છે અને કામ ક્રોધ આદિ મનોવિકારનો પ્રભાવ પણ ઘણો થોડો છે." વળી બીજા એક પત્રમાં લખ્યું છે કે ' યુરોપવાસીઓ એમ માને છે કે, સભ્ય જાતિઓને હિન્દુ શાસ્ત્રમાં કાંઇ પણ શિખવાનું મળે એવું નથી. ત્હેમનો એ વિચાર ભૂલભરેલો છે એ બતાવવા સારૂજ હું સંસ્કૃત ભણું છું. હું નિરામિષ (માંસમાંછલી વગરનું) ભોજન કરૂં છું અને દેશી પોશાક પહેરૂં છું. મડમના જેવો પોશાક પહેરવાની મ્હારી બિલકુલ ઇચ્છા નથી. એટલા માટે સ્વદેશી રીતભાતનું સંપૂર્ણપણે રક્ષણ કરીને અમેરિકામાં રહેવું મ્હારે માટે સંભવિત થઇ શકશે કે નહિ, તે મ્હને જણાવશો." કોઈ કોઈ પત્રમાં તો ત્હેણે પોતાના દેશની સ્ત્રીઓએ યોજેલાં વ્રત અનુષ્ઠાનો વગેરેની અધ્યાત્મિક વ્યાખ્યા પણ શ્રીમતી કાર્પેન્ટરને સ્હમજાવી હતી. એક કરતાં વધારે પત્રોમાં ત્હેણે પાદરીઓને દુરાગ્રહી, પારકાના ધર્મ ઉપર દ્વેષ રાખનારા, સાંકડા મનવાળા કહીને વર્ણન કર્યું છે.

આનન્દીબાઇનો ભૂતપ્રેત ઉપર વિશ્વાસ હતો. એ સંબંધમાં ત્હેણે એક પત્રમાં શ્રીમતી કાર્પેન્ટરને લખ્યું હતું કે "ભૂતપ્રેત, પિશાચ આદિ ઉપર મ્હારો વિશ્વાસ દિનપ્રતિદિન ગાઢો થતો જાય છે. નિદ્રિત અવસ્થામાં હું ઘણા અઘરા અને ગુંચવાડા ભરેલા પ્રશ્નોનો જવાબ મેળવી શકુ છું. દેશી સ્ત્રી પુરૂષોને પહેરવાનાં કપડાં વેતરતાં મ્હને આવડતું નહોતું, તે હું સ્વપ્નમાંજ શિખી છું. ભણવાના પુસ્તકમાંથી જેટલો ભાગ મ્હોંએ કરવાનો હોય, તેટલો ભાગ હું દિવસમાં એકવાર વાંચી રાખું છું. ત્યાર પછી રાતને સમયે ઉંઘી ગયા પછી ઘોર સ્વપ્નાવસ્થામાં એ પાઠને વારંવાર ગોખું છું. પ્રાતઃકાળે ઉઠીને જોઉં છું તો આખો પાઠ મ્હને મ્હોંએ થઇ ગયો હોય છે! કાવ્ય વાંચતી વખતે એમાંનો જે ભાગ અતિશય અઘરો અને સ્હમજી ન શકાય એવો લાગે છે ત્હેને એક વાર વાંચીને છોડી દઉં છું; રાત્રિકાળે ઉંઘમાં એ બધા ભાગનો ખરો અર્થ મ્હને આવડી જાય છે! પ્રાતઃકાળે ત્હેનું સંપૂર્ણ ભાષાન્તર કરવામાં મ્હને જરા પણ અડચણ પડતી નથી. રાત્રીના સમયે એ બધા અઘરા વિષયોનો ખુલાસો મ્હને કોણ કહી જાય છે તે હું કહી શકતી નથી; પરન્તુ હું એટલું જાણું છું કે, મ્હારૂં લેસન એ પ્રમાણે થઈ જાય છે. હું આપને ખરેખરૂં કહું છું કે, ભૂતપ્રેતાદિ ઉપરનો વિશ્વાસ મ્હારા હૃદયમાં પ્રગાઢરૂપ મુદ્રિત થઈ ગયો છે."

શ્રીમતી કાર્પેન્ટરની સાથે પત્રવ્યહાર કરતાં ધીમે ધીમે આનન્દીબાઇનો ત્હેમની સાથેનો સંબંધ વધારે ઘાડો થતો ગયો. બન્ને જણાં પોતપોતાના દેશની શિલ્પસામગ્રી અને અલંકારો એક બીજાને ભેટ તરીકે મોકલતાં. શ્રીમતી કાર્પેન્ટરની સાથે પરિચય બંધાયા પછી આનન્દીબાઈનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન ઘણું વધવા લાગ્યું.

આ સમયમાં બંગાળાના પોષ્ટ માસ્તર જનરલ સાહેબે ટપાલ ખાતામાં સ્ત્રીઓને નોકર રાખવા સંબંધી એક હુકમ બહાર પાડયો.

એ હુકમ વાંચીને આનન્દીબાઇને એ ખાતામાં કોઇ કામ ઉપર નોકર રખાવવાની ઇચ્છા ગોપાલરાવના મનમાં તીવ્રરૂપે ઉત્પન્ન થઇ. એ કારણથી પોતાની બદલી કલકત્તા કરવાની ત્હેણે ઉપરી અમલદારોને અરજ કરી. ઈ. સ. ૧૮૮૧ ની ૪ થી એપ્રિલે ગોપાલરાવ પોતાની સ્ત્રીની સાથે કલકત્તા શહેરમાં જઇ પહોંચ્યો.

કલકત્તા ગયાથી આનન્દીબાઇની સુખશાન્તિનો એક પ્રકારે નાશ થયો. ત્યાંનાં હવા પાણીના દોષથી તે વારે ઘડીએ માંદી પડવા લાગી. એ દેશમાં પડદાનો રિવાજ ઘણો સખ્ત હોવાથી ત્હેની ચાલચલણ સંબંધી ત્યાંના લોકોના મનમાં અનેક પાયા વગરની શંકાઓ ઉત્પન્ન થવા લાગી. ત્યાંના લોકો ત્હેના વિશેષ કષ્ટનું કારણ રૂપ થઈ પડયા. આનન્દીબાઇના કેટલાક પત્રમાં કલકત્તાની નિંદા જોવામાં આવે છે. એક પત્રમાં ત્હેણે લખ્યું છે કેઃ—

'કલકત્તામાં હમારી સહનશીલતાની પરીક્ષા—ઘણી સખ્ત પરીક્ષા—થાય છે. એ વાત હું આપને (શ્રીમતી કાર્પેન્ટરને) આગળ જણાવી ગઇ છું. મ્હારી તબિયત એટલી બધી ખરાબ થઈ છે કે એકવાર જે ખાઉં છું તે ૨૪ કલાકમાં પણ પચતું નથી. તાવ અને માથાનો દુખાવો એ તો હવે રોજના બનાવ થઇ ચૂકયા છે. અહિંયાં ઘણી ગરમી પડે છે. વરસાદ શરૂ થયો છે, તથાપિ ગરમી ઓછી નથી થઇ. મ્હારા આખા શરીરે ફોલ્લા નીકળ્યા છે તેથી મ્હને ઘણું કષ્ટ થાય છે.'

" અહિંના લોકોએ હમને બહુ હેરાન કર્યા છે. અહિંના અંગ્રેજોના હૃદયમાં પણ દયા નથી. હમારા પડોશમાં રહેનારી એક જર્મન સ્ત્રી હમારા સંબંધી જાતજાતની ખોટી અફવા ફેલાવતાં સંકોચાતી નથી. 'હું મ્હારા સ્વામીની ધર્મપત્ની નથી, આખી રાત સ્વામીની સાથે લ્હડયા કરૂં છું,' વગેરે ગપાટા મારવામાં તે આનંદ માને છે. હમે રસ્તામાં ફરવા બહાર નીકળીએ છીએ ત્યારે યુરોપીઅનો હમારા

તરફ એકી ટશે જોઇ રહે છે તથા મ્હારી તરફ આંગળીનો ઇશારો કરીને હમારી વર્તણુક સંબંધી ટીકા કરવા લાગી જાય છે. દેશીઓની તો વાતજ શી પૂછવી? હમને ખુલ્લી રીતે રસ્તામાં જતાં જોઇને તેઓ પોતાની ગાડી ઊભી રાખીને હમારા સ્હામું તાકી તાકીને જુએ છે! કોઈ કોઇ તો હમારી પાસે આવી પહોંચી, ગાડીવાનને ધીમે ધીમે ગાડી હાંકવાનો હુકમ આપે છે, અને એ પ્રમાણે સ્હામું ને સ્હામુ જોઈ રહે છે. બંગાળામાં પડદાનો રિવાજ સખ્ત હોવાથી આ પ્રમાણે બને છે, જે લોકો ઘણા દિવસ ઇંગ્લેન્ડ અને અમેરિકામાં વાસ કરી આવીને ત્યાંનું શિક્ષણ મેળવી આવ્યા છે, તે લોકો પણ દેશી રિવાજનું ઉલ્લંઘન કરી શકતા નથી. એક દિવસ હમે એસપ્લેનેડ રોડ ઉપર ફરતાં હતાં, એટલામાં પોલિસના એક સિપાઇએ મ્હારા સ્વામી પાસે એકદમ આવીને હમારો પરિચય પૂછ્યો! એ ગુસ્સે થઇ ગયા અને 'સિપાઇની વિરૂદ્ધ પોલિસ કમિશનરને અરજી આપીશ,' એવું કહ્યું. ત્યારે તે સિપાઇ ક્ષમા માંગીને તથા સલામ કરીને ચાલ્યો ગયો."

કલકત્તામાં નોકરી કરતી વખતે એકવાર એક સરકારી કાગળ ગોપાલરાવના હાથમાંથી અચાનક ખોવાઇ ગયો. એ વાંક માટે ત્હેને થોડા સમય માટે નોકરી ઉપરથી બરતરફ થવું પડ્યું હતું. એ બનાવ સંબંધી આનન્દીબાઇના એક પત્રમાં નીચે પ્રમાણે લખ્યું છેઃ-

"હમે હજુ પણ વિપત્તિની જાળમાંથી છુટકારો મેળવી શક્યાં નથી. છેલ્લા પાંચ મહિના થયાં ઘરમાં તેમજ બહાર એક સરખું માનસિક કષ્ટ ભોગવીએ છીએ, એ કષ્ટ ભૂલાઇ જાય તે પહેલાં નવું કષ્ટ આવીને ઉભું થયું છે. ગવર્નર જનરલ સાહેબ તરફથી બંગાળાના લેફ્ટેનન્ટ ગવર્નરના નામ ઉપર એક પત્ર આવ્યો હતો. એ પત્ર સિમલાથી એક સરકારી અમલદારની ખાસ દેખરેખ નીચે કલકત્તા પ.

હોંચ્યો હતો. રેલવે સ્ટેશન ઉપર જઇને એ કાગળ ટપાલમાં નાંખી આવવાનું કામ મ્હારા સ્વામીને સોંપવામાં આવ્યું હતું. એ કામ માથે લઇને મ્હારા સ્વામી એક નોકર સાથે રેલવે સ્ટેશન તરફ જઇ રહ્યા હતા. પત્ર નોકરના હાથમાં હતો. બંને જણા ઉતાવળે પગલે જઈ રહ્યા હતા, એટલામાં પત્ર રસ્તાની નજીકમાંજ ક્યાંક પડી ગયો. તરતજ ત્હેમણે તપાસ શરૂ કરી, પણ આખો રસ્તો તપાસી વાળ્યા છતાં પણ ત્હેનો પત્તો લાગ્યો નહિ, જોતજોતામાં એ પત્ર અદૃશ્ય થઈ ગયો. આ બનાવથી શહેરમાં કેટલો ખળભળાટ મચી ગયો હશે! ત્હેની કલ્પના આપ અનુભવી, કરી શકશો, હું ત્હેનું વર્ણન કરવા અસમર્થ છું. આ બનાવની પૂરી તપાસ કરવા સારૂ ઉપરી અમલદારોની એક સભા મળી હતી. શોધને માટે ચારે તરફ પોલિસ દોડાવવામાં આવ્યા હતા, રસ્તામાં જતા આવતા લોકોનાં વસ્ત્રોની ઝડતી લેવાનું પણ ત્હેમણે બાકી રાખ્યું નહોતું. બધી જાતના ઉપાય તેઓ કરી ચૂક્યા, પણ ખોવાયલા પત્રનો કંઇ પત્તો લાગ્યો નહિ. મ્હારા સ્વામીને અને ત્હેમના નોકરને પોલિસના હાથમાં સોંપી દેવામાં આવ્યા. ભિન્ન ભિન્ન અમલદારોએ ત્હેમની જુબાની લખી લીધી. મ્હારા સ્વામીને થોડા વખતને માટે નોકરી ઉપરથી કહાડી મૂકવામાં આવ્યા. એ દિવસની વિપત્તિની વાત હું આખી જીંદગીમાં વિસરી જઈશ નહિ.”

આ બનાવ બન્યા પછી આનન્દીબાઇએ સ્વામીને રંગુન અને જાપાનને રસ્તે અમેરિકા જવાની સલાહ આપી, ઉત્તર હિન્દુસ્તાનમાં સર્વત્ર સ્ત્રીઓને ઘુમટો તણાવવાનો તથા સખ્ત પડદામાં રાખવાનો રિવાજ પ્રચલિત હોવાથી એ પ્રદેશમાં રહીને નોકરી કરવાની ત્હેમની ઇચ્છા નહોતી, દક્ષિણ હિન્દુસ્તાનમાં ગયાથી આનન્દીબાઇના શિક્ષણમાં વિક્ષેપ પડવાનો સંભવ હતો. એ બધાં કારણોને લીધે દેશનો ત્યાગ કરવાનોજ ત્હેમણે સંકલ્પ કર્યો. પરન્તુ ઈ. સ. ૧૮૮૨ ની ૧ લી

એપ્રિલે ગોપાલરાવ ફરીથી નોકરીમાં દાખલ થયો, અને ત્હેની બદલી શ્રીરામપુર ખાતે થઇ. એને લીધે થોડા દિવસને માટે એમને પોતાનો સંકલ્પ તજવો પડયો. આનન્દીબાઇને કલકત્તા કરતાં શ્રીરામપુર વધારે પસંદ આવ્યું હોય એમ લાગે છે ત્યાંનાં નરનારીઓનાં ચરિત્રની ત્હેણે ઘણી પ્રશંસા કરી છે. ત્યાંની સ્ત્રીઓની અતિશય પાન ચાવવાની ટેવ તથા શિક્ષિત મહિલાઓના પહેરવેશની વિચિત્રતા સંબંધી ત્હેમણે પોતાના એક પત્રમાં કટાક્ષ પણ કર્યો છે.

આનન્દીબાઇને ટપાલખાતામાં નોકરી અપાવવાને માટે ગોપાલરાવે જે યત્ન કર્યો હતો, તે હવે ફળીભૂત થયો. ટપાલખાતાના વડાએ આનન્દીબાઇને મહિને ત્રીશ રૂપિયાના પગારની એક નોકરી આપી, પણ તે પહેલાં ગોપાલરાવના થોડા સમય સુધી બરતરફ થઈ જવાથી, ચાકરી ઉપર આનન્દીબાઇને તિરસ્કાર ઉત્પન્ન થયો હતો, એટલે ત્હેણે આ વખતે નોકરી મળવા છતાં પણ ત્હેનો સ્વીકાર કર્યો નહિ.

શ્રીરામપુરના નિવાસ કાળમાં, થોડાક મહિનાની રજા લઇને ગોપાલરાવ પોતાની સ્ત્રી આનન્દીબાઇ સાથે જયપુર, આગ્રા, લખનૌ, ગ્વાલિયર, કાનપુર, દિલ્હી, પ્રયાગ અને કાશી આદિ સ્થાનોમાં મુસાફરી કરવા ગયો હતો. આ પ્રવાસથી આનન્દીબાઈનું જ્ઞાન વિશાળ થયું તથા પ્રવાસ સંબંધી ઘણી માહિતી અને અનુભવ ત્હેણે મેળવ્યાં. હિન્દુસ્તાનમાં આનન્દીબાઈનું શિક્ષણ શ્રીરામપુરમાંજ સમાપ્ત થયું. ત્યાંથીજ તે વૈદકશાસ્ત્ર ભણવા અમેરિકા દેશમાં ગઈ.

પ્રકરણ ૩ જું.—સ્વદેશપ્રીતિ અને વિદેશગમન.

ગોપાલરાવની વર્તણુંક બીજી બાબતમાં ગમે તેવી હશે, પણ એક વિષયમાં તે ઘણો દૃઢ પ્રતિજ્ઞાવાળો હતો. સ્વદેશની રમણીઓનું કલ્યાણ સાધવાની ઇચ્છાએ તરૂણવયથીજ ત્હેના હૃદયમાં ઊંડું મૂળ ઘાલ્યું હતું. પરન્તુ સ્ત્રીકેળવણી અને સ્ત્રીસ્વતંત્રતા સંબંધી ત્હેના સમકાલીન સુધારકો જે આન્દોલન કરી રહ્યા હતા, ત્હેનો એ વિશેષ પક્ષપાતી નહોતો. ખાલી મ્હોંએથી બોલીને સુધારક કહેવરાવવા કરતાં સ્ત્રી જાતિનું ખરૂં હિત સાધવાનું ત્હેને વિશેષ પસંદ હતું. એ વિષયમાં પોતાની સહધર્મિણીની ખાસ મદદ મળે એટલા સારૂ ત્હેણે ત્હેને ધીરજ અને ખંતપૂર્વક શિક્ષણ આપીને પોતાનું અભીષ્ટ સાધવામાં ઉપયોગી બનાવી હતી. દેશની અવસ્થાનું અવલોકન કર્યાથી ત્હેણે એવો વિચાર બાંધ્યો હતો કે, સારી સ્ત્રીડૉકટરોના અભાવથી ભારતવર્ષની મહિલાઓ ડગલે ડગલે અડચણ ભોગવે છે. આના જેવી મ્હોટી ખામી બીજી કોઇ નથી, એ કારણને લીધે બીજા કોઇ વિષય ઉપર ધ્યાન ન આપતાં, એ અભાવ પૂરો કરવા માટે ત્હેણે પોતાની ક્ષુદ્ર શક્તિનો ઉપયોગ કર્યો હતો. આપત્તિને સમયે સ્ત્રી પોતાનું ગુજરાન જાતેજ ચલાવી લે એવી સ્થિતિમાં ત્હેને મૂકવાનો ત્હેનો બીજો ઉદ્દેશ હતો. શ્રીરામપુરથી આનન્દીબાઇએ શ્રીમતી કાર્પેન્ટરને લખ્યું હતું કે “ચિકિત્સાવિદ્યા શિખીને હમારા દેશનો એક મ્હોટો અભાવ દૂર કરવાને હું ઘણી વ્યગ્ર થઇ છું. સ્વામીના ઉપદેશને લીધેજ એ વિષય ઉપર મ્હારો આટલો બધો પ્રબળ આગ્રહ ઉત્પન્ન થયો છે, એ વાત કબુલ કરવી એ હું મ્હારી ફરજ સ્હમજુ છું. ત્હેમના ઉપદેશથી તે વિષય મ્હારા હૃદયમાં એવી દૃઢતાથી છપાઇ ગયો છે કે, જે કદી ભૂંસાઇ જવાનો નથી. મ્હારો એ સંકલ્પ કશાથી ચલિત થવાનો નથી.”

આ પ્રમાણે આવા મહાન્ ઉદ્દેશથી પ્રેરાઇને આ મહારાષ્ટ્રીય દંપતીએ 'સ્વદેશનો ત્યાગ કરીને અમેરિકા જવાનો સંકલ્પ કર્યો હતો. કેવળ એટલુંજ નહિ, પણ પાશ્ચાત્ય અને દેશી વૈદકશાસ્ત્રનું ઐક્ય કરીને દેશની વર્તમાન અવસ્થાને ઉપયોગી થઇ પડે એવી ચિકિત્સા-પદ્ધતિ શોધી કહાડવા તરફ પણ આનન્દીબાઇનું ઘણું લક્ષ્ય હતું. પૈસાની તંગીને લીધે ત્હેમનો આ સંકલ્પ ઘણા દિવસ સુધી પાર પડી શક્યો નહિ. કલકત્તા આવ્યા પછી ગોપાલરાવ નોકરી ઉપરથી બરતરફ થયો, ત્યારે ત્હેણે પોતાને ગામ પાછા ન જતાં અમેરિકાની મુસાફરી કરવાની તૈયારી કરી હતી. પરન્તુ મુકદ્દમાની તપાસ ચલાવ્યા પછી અમલદારોએ ત્હેને નિર્દોષ ઠરાવીને થોડાક સમય પછી ત્હેની મૂળ નોકરી ઉપર બહાલ કર્યો એટલે અમેરિકાની મુસાફરી કેટલાક દિવસને માટે મુલતવી રહી.

શ્રીરામપુરમાં કેટલાક દિવસ રહ્યા પછી ગોપાલરાવે અમેરિકા જવા સારૂ પોતાના ઉપરી પાસે બે વર્ષની રજામાગી. ત્હેણે વિચાર્યું હતું કે, પત્ની સાથે પોતે અમેરિકામાં હશે તો ત્હેને સગવડ પડશે, અને બે વર્ષમાં આનન્દીબાઇનો અભ્યાસ સમાપ્ત થશે. પરન્તુ અમલદારોએ ત્હેને રજા આપવાની ના કહી તેથી ત્હેનો સંકલ્પ પૂરો થઇ શક્યો નહિ. એમ છતાં પણ ગોપાલરાવ પોતાના સંકલ્પમાંથી ડગ્યો નહિ. ઘણો વિચાર કરીને ત્હેણે એક દિવસ આનન્દીબાઇને કહ્યું 'મ્હને લાગે છે કે, હવે નકામો સમય ગુમાવવાથી કાંઇ લાભ નથી. એટલા માટે ત્હમે એકલાંજ અમેરિકા જાઓ. હું થોડા દહાડા પછી ત્યાં આવી પહોંચવાનો યત્ન કરીશ.'

સ્વામીની વાત સાંભળીને આનન્દીબાઇ આશ્ચર્યચકિત થઇ ગઇ. પરન્તુ એ ઉત્તર આપે તે પહેલાંજ ગોપાલરાવ બોલ્યો 'આજ સુધી કોઇ બ્રાહ્મણની પત્ની એકલી પરદેશમાં ગઇ નથી. તેથી ત્હમે એ

સંબંધમાં બધાંનાં માર્ગદર્શક બનો. સ્વદેશી રીતભાતમાં જરા પણ ફેરફાર થવા દીધા વગર, પોતાની વર્તણુંકના ગુણથી અમેરિકાના વતનીઓને હિન્દુસ્તાનની રીતભાતના પક્ષપાતી બનાવજો. સ્ત્રીઓ દ્વારા કોઇ પણ મ્હોટું કાર્ય સધાવાનું નથી એવું જે હિંદવાસીઓનું માનવું છે, ત્હેને ત્હમે ખોટું સાબિત કરી આપજો. આ દેશમાં ઘણા સુધારકો સ્ત્રીજાતિના કલ્યાણને માટે મ્હોંએથી ઘણા દિવસો થયાં આંદોલન કરતા આવ્યા છે. પરન્તુ ત્હેમનાથી કાંઇ કાર્ય થઈ શક્યું નથી. મ્હારી ઇચ્છા છે કે, ત્હમે એ અધરૂં કામ થોડું ઘણું પણ સાધીને બધા લોકોને ઉદાહરણ રૂપ બનો.'

સ્વામીના ઉપદેશામૃતના સિંચનથી આનન્દીબાઇના હૃદયક્ષેત્રમાં દેશહિતનાં બી પહેલેથીજ રોપાઇને અંકુરિત થયાં હતાં. એટલે સ્વામીની આ આજ્ઞા સાંભળતાં વારજ આનન્દીબાઇએ પોતાની સંમતિ જણાવી. ત્યાર પછી લાંબી મુસાફરીને લીધે થનારા વિરહ અને પરદેશમાં પડતાં સુખ દુઃખનું સ્મરણ કરીને એ થોડી વાર સુધી મુંઝાઇ ગઈ. પરન્તુ પરમેશ્વરની કરૂણામાં દૃઢ વિશ્વાસ અને કર્તવ્યપાલનમાં અટલ વાસના હોવાથી ત્હેણે પોતાનો ઘણા દિવસનો સંકલ્પ છોડી દીધો નહિ. આ સંબંધમાં ત્હેણે શ્રીમતી કાર્પેન્ટરને જે પત્રો લખ્યા હતા, તે વાંચ્યાથી, પતિના વિયોગના વિચારથી ત્હેને ઉત્પન્ન થયેલો ઉદ્વેગ, સ્વામીની પૈસા સંબંધી અગવડ માટે ખેદ, પોતાના અમેરિકા જવા સંબંધી સગાં સંબંધીઓનો વિરોધ; અને શિયળનો ભંગ થશે એવી તેઓએ બતાવેલી શંકા, ત્હેની દૃઢચિત્તતા, સ્વદેશ ભગિનીઓનું હિત સાધવાનો ઉત્સાહ વગેરે વિષયોનું ચિત્ર આંખ આગળ ખડું થાય છે. એક પત્રમાં તે પોતાનો છેવટનો નિશ્ચય નીચેના શબ્દોમાં પ્રગટ કરે છે.

"મ્હેં પ્રતિજ્ઞા કરી છે કે, જે કાર્ય માટે અમેરિકા જાઉં છું, તે કાર્ય સિદ્ધ નહિ થાય તો હું સ્વદેશમાં પાછી નહિ ફરૂં. જો નિ-

ષ્ફળ નીવડીશ તો ભારતમાં ફરીથી કોઇને મ્હોં દેખાડીશ નહિ. પ્રાચીન કાળની હિન્દુરમણીઓ કેવી બુદ્ધિમતી, શૂરવીર, અને પરોપકારી હતી, તે હું જાણું છું. એ વંશમાં જન્મ ગ્રહણ કરીને એમના નામને હું કદી કલંકિત કરીશ નહિ, ગમે તે પ્રકારે, હું મ્હારા કર્તવ્યનું પાલન કરીશ. મ્હારો વિશ્વાસ છે કે કોઇ મ્હારૂં અનિષ્ટ કરી શકશે નહિ. કારણ કે એક માત્ર ઈશ્વર વગર કોઇ માણસ બીજાનું ઈષ્ટ કે આનષ્ટ કરી શકતો નથી. આપણે બધાં જ્યારે પરમેશ્વરનાં સંતાન છીએ, ત્યારે મ્હારે કષ્ટ શું કામ ભોગવવું પડશે? મ્હારે મ્હારૂં કર્તવ્ય પાલન કરવુંજ પડશે. 'મંત્રનું સાધન કે શરીરનું પાતન' મરીશ કે જીવીશ પણ સંકલ્પમાંથી પાછી હઠીશ નહિ × × × × હું જ્હેના ઘરમાં રહું, તે મ્હને પોતાની કન્યાની માફક રાખે, એટલીજ મ્હારી પ્રાર્થના છે. ત્યાં રહેતી વખતે મ્હારે હાથે રાંધવું પડશે એથી ખર્ચ પણ થોડું આવશે."

આ પત્ર લખાયો તે સમયે આ વીર બાળાની ઉમર ફક્ત ૧૭ વર્ષની હતી.

ગોપાલરાવ મુંબઇની થિયોસોફિકલ સોસાઇટીનો એક સભાસદ હતો. એ સંબંધને લીધે આનન્દીબાઇના અમેરિકા જવાના સમાચાર સાંભળીને કર્નલ ઓલકોટ સાહેબે અમેરિકાના એક ન્યાયાધીશ ઉપર ત્હેને ભલામણ પત્ર લખી આપ્યો. ત્યાર પછી સારો સંગાથ ખોળવામાં તથા બીજી અનેક જાતની તૈયારીઓ કરવામાં ઘણા દિવસ નીકળી ગયા. પેલી તરફ આનન્દીબાઇ અમેરિકા જશે, એ વાત વર્તમાનપત્રો દ્વારા જાહેર થતાં, ત્હેનાં સગાંસંબંધીઓ તથા મિત્રો વગેરે અનેક પ્રકારે ત્હેના કામમાં વિઘ્ન નાંખવા લાગ્યાં. ત્હેના અનેક હિતૈષીઓ પણ આ વખતે ત્હેની સાથે શત્રુતાનું આચરણ ચલાવવા તૈયાર થયા. પણ આનન્દીબાઇએ કશાથી પોતાના સંકલ્પનો ત્યાગ કર્યો નહિ.

આનન્દીબાઇના અમેરિકા જવાના કારણ સંબંધી અનેક લોકોએ ત્હેને અનેક પ્રકારના પ્રશ્ન કર્યા હતા, એ બધા પ્રશ્નોના ઉત્તર આપવા માટે આનન્દીબાઇએ સ્થાનિક નિશાળમાં એક જાહેર સભા બોલાવીને પોતાનો વિચાર અંગ્રેજી ભાષણદ્વારા પ્રગટ કર્યો. એ ભાષણ એ વખતનાં ઘણાંક દેશી અને અંગ્રેજી વર્તમાનપત્રોમાં છપાયું હતું. સત્તર વર્ષની બ્રાહ્મણ યુવતીને મ્હોંએથી ખુલ્લી રીતે ભરી સભામાં અંગ્રેજીમાં અસ્ખલિત ભાષણ અપાતું જોઇને ઘણા લોકો વિસ્મય પામી ગયા. એ દિવસના ભાષણમાં આનન્દીબાઇએ જે છ પ્રશ્નના ઉત્તર આપ્યા હતા, તે નીચે મુજબ છેઃ–

૧. હું શા સારૂ અમેરિકા જાઉં છું?

૨. ભારતવર્ષમાં રહીને શું શિક્ષણ મેળવી નથી શકાતું?

૩. હું એકલી શા માટે જાઉં છું?

૪. અમેરિકાથી પાછી આવ્યા પછી ન્યાતજાતવાળા મ્હને ન્યાત બહાર મૂકશે કે નહિ?

૫. પરદેશમાં કોઇ વિપત્તિ પડશે તો હું શું કરીશ?

૬. આજ સુધી જે કામ કોઇ પણ રમણીએ કર્યું નથી, તે કાર્યમાં હું શા સારૂ હાથ ઘાલું છું?

પ્રથમ પ્રશ્નના ઉત્તરમાં ત્હેણે જણાવ્યું "આ દેશની સ્ત્રીઓમાં જેટલા પ્રકારની ખામીઓ છે, તેમાં 'ચિકિત્સાશાસ્ત્ર જાણનારી રમણીઓનો અભાવ' એ મુખ્ય છે. આ દેશમાં અનેક સભાઓ અને સમાજોએ સ્ત્રીશિક્ષણ, સ્ત્રીઓની સ્વતંત્રતા, અને શિલ્પકળા વિજ્ઞાનાદિના જ્ઞાનનો પ્રચાર કરવા યત્ન કર્યો છે; પરન્તુ દેશી રમણીઓને અમેરિકા જેવા સભ્ય દેશમાં મોકલીને ઉંચા પ્રકારના ચિકિત્સાશાસ્ત્રમાં પારદર્શી કરવાનો તથા ત્હેમની મારફત આ દેશમાં ચિકિત્સાશાસ્ત્રનો પ્રચાર કરવાનું કોઇએ ધ્યાન આપ્યું નથી. યુરોપ અને અમેરિકા દેશની મડમો

અત્રે ડૉકટરનો ધંધો ચલાવે છે, એ વાત ખરી, પણ તેઓ આપણા દેશના રીતરિવાજથી અજાણી હોય છે અને પરધર્મી હોય છે; એ કારણને લીધે ત્હેમની દ્વારા આ દેશની સ્ત્રીઓની ચિકિત્સા સારી રીતે નથી થતી. ભારતવર્ષની સ્ત્રીઓનો આ મ્હોટો અભાવ દૂર કરવા સારૂં હું જાતે પ્રવૃત્ત થઇને અમેરિકામાં ડૉકટરની વિદ્યા શિખવા જાઉં છું."

બીજા પ્રશ્નના ઉત્તરમાં ત્હેણે જે કહ્યું, ત્હેનો મર્મ આ પ્રમાણે હતો.

"મદ્રાસ સિવાય હિન્દુસ્તાનમાં બીજે કોઇ ઠેકાણે સંપૂર્ણ રીતે ડૉકટરીનું શિક્ષણ આપવાની કૉલેજ નથી. બીજે જ્યાં જ્યાં કૉલેજ છે ત્યાં ત્યાં સૂયાણીના કામ કરતાં વિશેષ કાંઇ શિખવવામાં આવતું નથી. મદ્રાસમાં પણ હિન્દુ રમણીના શિક્ષણને માટે કોઇ સારો બંદોબસ્ત નથી, હું પણ ડૉકટરી ધંધો ભણવા માટે બીજો ધર્મ સ્વીકારવાની ઇચ્છા નથી રાખતી. ટુંકામાં મ્હારા માટે આ દેશમાં કોઇ પણ સ્થાને શિક્ષણ મેળવવાની સગવડ નથી એમ કહીએ તો ચાલે."

મુંબઈ, કલકત્તા અને શ્રીરામપુરમાં વસતી વખતે દુષ્ટ હરામખોરોએ ત્હેની જે મશ્કરીઓ કરી હતી તથા ત્હેને અનેક રીતે જે ત્રાસ આપ્યો હતો તથા અનેક સદ્‌ગૃહસ્થમાં ગણાતા અનેક પુરૂષો ત્હેની સાથે બેશરમી ભરી વર્તણુંક ચલાવીને કેવો સંતોષ માનતા હતા, એ બધા પ્રસંગોનું ત્હેણે આ ભાષણમાં વર્ણન કરીને જણાવ્યું કે, અમેરિકામાં એવા બનાવ બનવાનો જરાએ સંભવ નથી.

ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં ત્હેને પોતાના સ્વામીની ગરીબાઇનો ઉલ્લેખ કરવાની ફરજ પડી. તે ઉપરાંત પોતાનાં સાસુ, સસરા અને ન્હાની વયના દિયેરો વગેરેના ભરણપોષણનો ભાર પોતાના સ્વામીના ઉપર હોવાથી ત્હેમને નિરાધાર અવસ્થામાં મૂકીને, સ્ત્રીના રક્ષણ સારૂ અમેરિકા જવું ગોપાલરાવને માટે વ્યાજબી નથી એવું આનન્દીબાઇનું માનવું હતું.

અમેરિકા જવાથી સામાજીક દંડ ભોગવવો પડશે એ પ્રશ્નના જવાબમાં હેણે કહ્યું “ હું જો અમેરિકામાં હિન્દુઓના ધર્મ સંપૂર્ણ રીતે સાચવીને રહીશ, તો પછી ન્યાતની બહાર શા સારૂ કરવામાં આવશે તે હું સમજી શકતી નથી, હું વસ્ત્રાભૂષણ અને આચારવિચાર વગેરે સર્વ વિષયમાં મ્હારા પૂર્વજોએ બતાવેલા માર્ગનું અનુસરણ કરીશ, એવો મ્હેં સંકલ્પ કર્યો છે. હું ગમે ત્યાં જઈશ પણ; હું હિન્દુ રમણી છું એ વાત હું કદી વિસરી જનાર નથી, એટલું સાચવ્યા છતાં પણ જો કોઇ મ્હને ન્યાત બહાર કરવા માગતુ હોય, તો ભલે મ્હને હમણાંજ ન્યાતબહાર મૂકે! એવી વાતથી હું જરા પણ બ્હીતી નથી.”

પાંચમા પ્રશ્નના સંબંધમાં હેણે કહ્યું, “આપત્તિ તો સ્વદેશમાં અને વિદેશમાં સર્વત્ર નડી શકે છે, એવી આપત્તિની ખોટી શંકા આણીને દેશનું કલ્યાણકારી કાર્ય કરતાં અટકવું એ ઉચિત નથી.”

છેવટના પ્રશ્નના ઉત્તરમાં શિબિ અને મયૂરધ્વજ રાજાનું ઉપાખ્યાન વર્ણવીને હેણે કહ્યું કે, “સમાજના ઘણા મનુષ્યોના હિતની ખાતર કોઈ પણ એક વ્યક્તિએ અંગત પરિશ્રમ વેઠવા પાછા હઠવું એ વ્યાજબી નથી, જે સમાજમાં આપણે વાસ કરીએ છીએ, જે સમાજ તરફથી રાત દિવસ આપણને અનેક પ્રકારની મદદ મળતી રહી છે, તે સમાજનું હિત સાધવા માટે, હેના તરફથી મળેલા ઉપકારોનું ઋણ ચૂકવી આપવા માટે, કષ્ટ સહન કરવું એ પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે. બીજાઓએ તે કર્તવ્ય પાલન કરવામાં ઉદાસીનતા બતાવી છે એટલા માટે મ્હારે પણ શું એમજ કરવું ?”

શ્રીરામપુરની કૉલેજમાં પણ હેણે એજ મતલબનું ભાષણ આપ્યું. ત્યાર પછી ઘણા કેળવાયલા મનુષ્યોએ હેને ઉત્સાહવર્ધક કાગળો લખ્યા, ટપાલખાતાના ડાઇરેક્ટરે આ સમાચાર જાણીને આનન્દીબાઈ ઉપર, મદદ તરીકે, સો રૂપીયાની એક નોટ મોકલી આપી. અમેરિ-

કાના બે પ્રતિષ્ઠિત ગૃહસ્થો ઉપર બે ભલામણપત્ર લખી આપ્યા. ત્હેમણે આનન્દીબાઇના ઉદ્દેશની પ્રશંસાપૂર્વક, અમેરિકાના એક વર્તમાનપત્રમાં ત્હેનું જીવનચરિત્ર લખીને ત્હેના પ્રતિ અમેરિકાવાસીઓની સહાનુભૂતિ સંપાદન કરી હતી. ડૉક્ટર થોબર્ન નામના એક કલકત્તાપ્રવાસી અમેરિકન પાદરી પાસેથી આનન્દીબાઈ ત્હેના અમેરિકામાં રહેનારા દોસ્તો ઉપર ભલામણના પત્ર મેળવવા સમર્થ થઈ હતી.

ઇ. સ. ૧૮૮૩ ની ૭ મી એપ્રિલનો દિવસ આનન્દીબાઇની અમેરિકાની યાત્રા માટે નક્કી કરવામાં આવ્યો. પહેલાં તો ગોપાલરાવે ત્હેની સાથે એડન સુધી, અથવા એટલું ન બને તો મદ્રાસ સુધી જવાનો નિશ્ચય કર્યો હતો. પણ પૈસા અને ફુરસદની અગવડને લીધે ત્હેને તે સંકલ્પ પણ છોડી દેવો પડ્યો. આખરે શ્રીમતી જોન્સન નામની એક મહિલાએ ત્હેને આશ્વાસન આપ્યું કે આનન્દીબાઇને હું મ્હારી સંગાથે લઇ જઇશ. ફિલાડેલફિયાની 'ઓલ્ડ સ્કૂલ' નામની વૈદક કૉલેજ કેવળ સ્ત્રીઓને માટેજ છે. ત્યાં આગળ વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો સ્ત્રીઓજ હોય છે. ત્યાં આગળ પુરૂષનો સંચાર પણ નથી હોતો. એ વિદ્યાલયમાં જઇને ચિકિત્સાવિદ્યા ભણવાનો આનન્દીબાઇએ નિશ્ચય કર્યો હતો.

ત્યાર પછી મુસાફરીની તૈયારીઓ શરૂ થઈ. આપણા દેશના પદાર્થ અમેરિકામાં સ્હેલાઇથી મળી શકશે નહિ એમ વિચારીને આનન્દીબાઇએ પુષ્કળ ચૂડીઓ, કાંચળીઓ, દેશી કાપડ, મરાઠી સાડી, અને ઉત્કૃષ્ટ દેશી સિન્દુર વગેરે ચીજો સાથે લીધી હતી. આનન્દીબાઇ પરદેશી વસ્તુઓ વાપરવાની સખ્ત વિરોધી હતી. એટલા માટે ત્રણ વર્ષ સુધી ચાલે એટલી બધી વસ્તુઓ ત્હેને અહિંથી સાથે લઇ જવી પડી હતી. અમેરિકામાં આપણા દેશ કરતાં ટાઢ વધારે પડે છે. ફક્ત કાંચળી પહેર્યાથી ટાઢ ઉડવાનો સંભવ નથી એમ જાણીને

આનન્દીબાઇએ કબજા બનાવવા સારૂ પશ્ચિમ હિન્દુસ્તાનમાંથી બનાતો તથા ઓઢવાને માટે ધુસા વગેરે જાડાં વસ્ત્રો પણ જોઇતા પ્રમાણમાં સાથે રાખ્યાં હતાં. અમેરિકાવાસીઓને દેખાડવા સારૂ ત્હેણે રામચન્દ્ર, શંકર, પાર્વતી, વગેરે દેવદેવીઓનાં ચિત્રો પણ સાથે રાખ્યાં હતાં. ટુંકામાં એજ કે, અમેરિકા જતી વખતે વર્તમાનકાળની તામસિકતા કે વિલાસપ્રિયતા તો આનન્દીબાઇમાં લેશ પણ નહોતાં. આશ્રમવાસી તપસ્વિની ઋષિકન્યાની પેઠે જ્ઞાનાકાંક્ષી થઇને તે ઘણા પવિત્ર ભાવથી અમેરિકાના ખ્રિસ્તી રાજ્યમાં ગઇ હતી. યૌવનાવસ્થામાં ચિત્ત ઉપર આટલો સંયમ રાખી શકે એવા મનુષ્યો હાલના સમયમાં ઘણા દુર્લભ છે.

૬ ઠ્ઠી એપ્રિલના રાતના અગિયાર વાગ્યા સુધી જાગીને બધી તૈયારીઓ સમાપ્ત કરીને આખા દિવસના થાક પછી, આનન્દીબાઈ સૂઈ ગઇ. એ રાત્રે ગોપાલરાવને નિદ્રા આવી નહિ. સત્તર વર્ષની યુવાન સ્ત્રીને દેશના અને ત્હેના પોતાના કલ્યાણની ખાતર સમુદ્રપાર નિર્વાસિત કરવા પોતે તૈયાર થયો છે એ કામ સારૂં છે કે ખોટું? પોતાના હૃદયનું સર્વસ્વ દાન કરીને જહેનું આટલા દિવસ પાલનપોષણ કર્યું છે, તે યુવતીનું અજાણ્યા દૂર દેશમાં કોણ રક્ષણ કરશે? પોતે પણ પ્રિયતમાના વિરહમાં કેવી રીતે દહાડા કહાડશે? વગેરે વિવિધ પ્રકારની ચિન્તાઓ આખી રાત ત્હેના મગજમાં ઘોળાવા લાગી.

સમીપમાં આવેલા દેવળના ઘડીયાળમાં ટન, ટન કરતા ત્રણ વાગ્યા એટલે ગોપાલરાવે સહધર્મિણીને ઉંઘમાંથી જગાડી અને મુસાફરી માટે તૈયાર થવા કહ્યું, આનન્દીબાઇ જાગીને પથારીમાં બેઠી થઇ એટલે તરતજ પ્રબળ શોકાવેગથી ગોપાલરાવનો કંઠ રૂંધાઇ ગયો. એક મુહૂર્ત પછી, પ્રિયતમ સ્વામી અને માતાથી પણ અધિક પ્યારી જન્મભૂમિના શાન્તિરનિગ્ધ ખોળામાંથી દૂર થઇને, ઘણે આઘેના દેશમાં દેશવટો ભોગવવો પડશે, એ વિચારથી આનન્દીબાઇનું હૈયું

પણ ભરાઈ આવ્યું. ત્હેનામાં આ વખતે બોલવાની શક્તિ પણ રહી નહિ. શોકથી ગંભીર ચિત્તે સગાંસંબંધીઓને નમસ્કાર કરીને એ પોતાના સ્વામી સાથે ગાડીમાં બેસીને બંદર તરફ ચાલી. રસ્તામાં બન્નેની દૃષ્ટિ એકી ટશે એક બીજાની તરફ લાગેલી હતી; બન્નેમાંથી કોઇની પણ જીભ વાતચીત કરવાને ઉપડી શકી નહિ.

બંદર ઉપર પહોંચ્યા પછી આનન્દીબાઇ સ્ટીમરમાં બેઠી. શ્રીમતી જોન્સનના હાથમાં પોતાની પત્નીને સોંપીને ગોપાલરાવ બોલ્યો "થોડા ખર્ચે છતાં પણ બની શકે તેટલા સુખ અને સગવડપૂર્વક મ્હારી સ્ત્રી અમેરિકા પહોંચી શકે એવો આપ પ્રયત્ન કરશો તો હું ઘણો સુખી થઇશ." એ વાત સાંભળીને જોન્સન સાહેબે ઘણા ઉદ્ધત ભાવે જવાબ આપ્યો "એ બની શકશે નહિ. મ્હારી સ્ત્રીની સાથે મોકલો છો, તો ત્હમારી સ્ત્રીને પણ ત્હેની માફકજ ખર્ચ કરવું પડશે." આ ઉત્તરથી ગોપાલરાવના હૃદયને વજ્રાઘાત થયો. પણ એ વખતે આનન્દીબાઇને ઉતારી લેવાનો સમય નહોતો, એટલે ત્હેણે આનન્દીબાઇને ચેતવણી આપીને કહ્યું "ત્હમે કરૂણામય સર્વ સાક્ષી પરમેશ્વર ઉપર ભરોંસો રાખીને રહેજો."

ત્યાર પછી ત્યાં આગળ ઊભા નહિ રહી શકાયાથી ગોપાલરાવ પણ આંસુ લુછતો લુછતો ઘર તરફ ચાલ્યો. પેલી તરફ આનન્દીબાઇનો અત્યાર સુધી રોકી રાખેલો શોકાવેગ ઉભરાઇ આવ્યો. ત્હેનાથી હવે રોદનને રોકી શકાયું નહિ. પ્રબળ અશ્રુધારા ત્હેના ગાલપર થઇને ત્હેના વસ્ત્રને ભીંજવવા લાગી. સ્ટીમર જ્યાં સુધી દૃષ્ટિમર્યાદાની બહાર ન પહોંચી ત્યાં સુધી, ત્હેની આંસુ ભરી દૃષ્ટિ ગોપાલરાવના તરફ સ્થાપિત રહી હતી. ગોપાલરાવના ચાલ્યા ગયા પછી પણ ઘણીવાર સુધી આનન્દીબાઇ ચિત્રમાં આંકેલી પુતળીની પેઠે સ્વામીના ધ્યાનમાં નિમગ્ન રહી હતી.

આ પ્રમાણે દેશહિતકર કાર્ય સારૂ પોતાના પ્રાણની પ્રતિમાનું વિસર્જન કરીને, ગોપાલરાવ શૂન્ય હૃદયે ઘેર પાછો ફર્યો. ત્યારં પછીની ત્હેની દશાની સરખામણી સીતાદેવીને દેશવટો આપનાર રામચંદ્રજીની સાથે સંપૂર્ણરૂપે થઇ શકે છે. એ ત્રણ મહિનાની રજા લઇને સંન્યાસીના વેશમાં ભારતવર્ષનાં ભિન્ન ભિન્ન સ્થાનોમાં પ્રવાસ કરીને ચિત્તને શાન્ત કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એ વખતે ત્હેનું હૃદય શોકથી એવું વિંધાઈ ગયું હતું કે, કોઈ પણ સ્થાનમાં બે દિવસથી વધારે ટકીને ત્હેનાથી રહેવાતું નહિ.

પ્રકરણ ૪ થું-અમેરિકાનિવાસ.

આગબોટમાં બેઠા પછી આનન્દીબાઇની કઠિન પરીક્ષા શરૂ થઇ. એક તો પ્રિય જનોના વિરહ અને અજાણ્યા દેશનાં દુઃખનું સ્મરણ કરીને તે વિહ્વળ થઈ ગઇ હતી, તથા સમુદ્રની પીડાથી ત્હેનું શરીર ઘણું અસ્વસ્થ થઇ ગયું હતું, તેમાં વળી શ્રીમતી જોન્સનના દુર્વ્યવહારથી ત્હેને ઘણુંજ સખ્ત દુઃખ ભોગવવું પડયું. શ્રીમતી જોન્સન એક મિશનરી (પાદરી) રમણી હતી. ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા સારૂ સ્વામીની સાથે ભારતવર્ષમાં આવી હતી, ત્હેના યત્નથી આ દેશમાં કેટલાંક માણસોનાં હૃદય ઈસુખ્રિસ્તની તરફ આકર્ષાયાં હતાં, તે તો અમે જાણતા નથી, પણ ત્હેણે આનન્દીબાઇને ખ્રિસ્તીધર્મની દીક્ષા આપવાને માટે જે બેહદ દુઃખ દીધું હતુ, તે વાંચ્યા પછી, પાદરીઓ તરફ અભક્તિનો સંચાર થાય છે. સ્ટીમરમાં રહેતી વખતે ત્હેણે પ્રથમ તો મીઠા ઉપદેશથી અને ત્યાર પછી લાલચથી અને છેવટે તિરસ્કાર તથા ભય દર્શાવીને અસહાય આનન્દીબાઇ પાસે સ્વ-

ધર્મનો ત્યાગ કરાવવાનો યત્ન કર્યો હતો. પરન્તુ દૃઢ મનની આનન્દીબાઈ કોઇ પણ રીતે સ્વધર્મનો ત્યાગ કરવા સંમત થઇ નહિ.

ત્યાર પછી બીજી જાતની લાલચ અને વિપત્તિનો સૂત્રપાત થયો. એ સ્ટીમરનો એન્જિનિયર સાહેબ શ્રીમતી આનન્દીબાઇને કુમાર્ગે ચ્હડાવવાનો યત્ન કરવા લાગ્યો. એ પાપી ત્હેને એકલી જોઇને ત્હેની પાસે ગયો તથા અનેક પ્રકારે ત્હેની ઠઠ્ઠા મશ્કરી કરવા લાગ્યો, અને પોતાની સાથે નીચે જઇને સ્ટીમરનું સાંચાકામ જોવાનો આગ્રહ કરવા લાગ્યો. એ યુક્તિ વ્યર્થ જવાથી એન્જિનિયર સાહેબે ત્હેને એક સોનાની કિંમતી ઘડિયાળ ભેટ આપવાની સૂચના કરી. સાહેબ બોલ્યા ‘ આપનાં જ્ઞાન અને ખંત જોઇને હું વિસ્મય પામી ગયો છું. અમેરિકામાં ભણતી વખતે આ ઘડિયાળ આપને ઘણા કામમાં આવશે. ’ સાધ્વી આનન્દીબાઇએ ત્હેની સૂચના નામંજૂર કરી.

આનન્દીબાઇને આ પ્રમાણે અચળ અને દૃઢ જોઇને શ્રીમતી જોન્સન ત્હેના ઉપર ઘણી અસંતુષ્ટ થઇ. એ સમયથી આનન્દીબાઈ ઉપર ત્હેનો કંટાળો ઘણો વધી પડયો. સ્ટીમરમાં રહેતી વખતે આનન્દીબાઇ દાંતના દુખારાથી ઘણું પીડાઇ હતી. એ દશામાં ત્હેને કેટલાક દિવસ સુધી બિલકુલ ભૂખ્યાં રહેવું પડયું હતું. પરન્તુ આશ્ચર્યની વાત એ છે કે, કઠોર હૃદયની શ્રીમતી જોન્સન એ દારૂણ પીડાના સમયમાં એક દિવસ પણ ત્હેની પાસે ગઇ નહોતી. સ્ટીમરમાંની બીજી ગોરી મહિલાઓએ પણ મીસીસ જોન્સનના માર્ગનું અનુસરણ કર્યું હતું. એટલુંજ નહિ, પણ સાધારણ રીતે લોકો પોતાની દાસદાસીઓ સાથે જેવો વ્યવહાર રાખે છે, તેવો વ્યવહાર આ ગોરી મડમોએ શ્રીમતી આનન્દીબાઈ સાથે રાખ્યો હતો. આનન્દીબાઇ માંસમદિરા આદિ અખાદ્ય વસ્તુઓ ખાવાને ના કહેતી ત્યારે તેઓ હસીને ત્હેની મશ્કરી કરતાં પણ અચકાતી નહિ. એટલુંજ નહિ પણ વખતો વખત

એમાંની બેએક જણીઓ આનન્દીબાઇના ઓરડામાં પેસી જઇને, ત્હેને બિચારીને ઉપર ડેક (તુનક) ઉપર ખુલ્લી જગ્યામાં રહેવાની ફરજ પાડતી. આ પ્રમાણે અનેક પ્રકારનાં કષ્ટ અને અપમાન સહન કર્યા છતાં પણ આનન્દીબાઈએ ત્હેમના તરફ કોઇ પણ જાતનો તિરસ્કાર પ્રગટ ન કર્યો, ત્યારે ત્હેમનામાંની અનેક રમણીઓ ત્હેની સાથે મિત્રતા બાંધવા તૈયાર થઇ. પણ શ્રીમતી જોન્સનના સ્વભાવમાં કાંઇ પણ પરિવર્તન થયું નહિ.

સ્ટીમરમાં રહેતી વખતે આનન્દીબાઇ દરરોજ બે ત્રણ બટાકા સિવાય બીજું કાંઇ ખાતી નહિ. આ પ્રમાણે તે ૧૦ મી મેને દિવસે લંડન અને ૧૬ મી મેને દિવસે લિવરપુર પહોંચી. ત્યાં બેએક દિવસ રહીને તે અમેરિકા જનારી સ્ટીમરમાં બેઠી. શ્રીમતી જોન્સને એ વખતે પણ ત્હેનો પરિત્યાગ કર્યો નહિ. સ્ટીમર અમેરિકાની પાસે પહોંચી એટલે ત્હેણે આનન્દીબાઇને કહ્યું " મિસિસ જોશી ! ત્હમારા સ્વામી ત્હમને મ્હારા હાથમાં સોંપી ગયા છે, એટલે મિસિસ કાર્પેન્ટરનો ત્હમારા ઉપર કાંઇ પણ અધિકાર નથી." ત્યાર પછી એ દુષ્ટ સ્ત્રીએ " મેરી કાર્પેન્ટર ઘણીજ ખરાબ ચાલની સ્ત્રી છે" એવું સ્હમજાવવાનો યત્ન કર્યો હતો. આનન્દીબાઇએ ત્હેની એવી વાતો ઉપર અણગમો બતાવ્યો, ત્યારે એ પાપી સ્ત્રીએ ત્હેને 'ચોર, દુષ્ટ, અસભ્ય અને ખૂની' વગેરે જાતજાતના અપશબ્દો કહીને પીડા આપી હતી. ત્યાર પછી પણ બોસ્ટન શહેરમાં ત્હેને લઇ જઈને ખ્રિસ્તી ધર્મની દીક્ષા આપવાનો પ્રયત્ન કરતાં એ મડમ ચૂકી નહોતી. આશ્ચર્યની વાત તો એ છે કે, આ બધા જુલ્મની વાત આનન્દીબાઈએ ઘણા દિવસ સુધી પોતાના સ્વામીને જણાવી નહોતી, કેવળ એટલુંજ નહિ, પણ અનેક પત્રમાં ત્હેણે સાધારણ શબ્દોમાં શ્રીમતી જોન્સનનાં વખાણ કર્યાં હતાં. અમેરિકા પહોંચ્યા પછી ઘણે દિવસે એક પત્રમાં, પ્રસંગ-

વશાત્ ત્હેણે પોતાના સ્વામીને સાર રૂપે નીચે પ્રમાણે લખ્યું હતું.

"આજ સુધી જે વાત આપને જણાવી નથી, તે આજે જણાવું છું. શ્રીમતી જોન્સનની દુષ્ટ વર્તણુંકની વાત આપને વિસ્તારથી લખી જણાવવાનો અનેકવાર વિચાર કર્યો હતો; કેટલીકવાર લખવા પણ બેઠી હતી, પણ એ કથા લખતાં મ્હને એટલું બધું કષ્ટ થતું કે અનેકવાર અડધો લખેલો પત્ર ફાડી નાંખ્યો હતો, એ વખતે મ્હારૂં હૃદય એટલું ભરાઇ આવતું કે આંસુ લુછી નાંખ્યા પછી ઘણી વારે ચિત્ત શાન્ત થતું હતું. છતાં પણ એ વિષયનો આભાસ દેવા સારૂ સંક્ષેપમાં બેએક વાત લખું છું." આ પત્રમાં પણ તે બધી વાત વિસ્તારપૂર્વક લખી શકી નથી. ઘણા પ્રકારનો ત્રાસ વેઠયા છતાં પણ ક્ષમાશીલ આનન્દીબાઈ પારકી નિંદા કરવાની બાબતમાં મૌન ધારણ કરતી હતી. ત્હેનો સ્વભાવજ એવો હતો.

યથાસમયે આનન્દીબાઈ રોશેલની પાસેના બંદરમાં જઈ પહોંચી. ત્યાં ત્હેનો સત્કાર કરવા અર્થે શ્રીમતી કાર્પેન્ટર બંદર ઉપર આવતાં હતાં. આનન્દીબાઇ સ્ટીમરમાંથી ઉતરી એટલે એકદમ ત્હેમનો બન્નેનો મેળાપ થયો. તેઓએ ત્યાંથી આગગાડીમાં બેસીને રોશેલ તરફ મુસાફરી કરી એ પ્રથમ મુલાકાત વખતે આનન્દીબાઇની વર્તણુંક જોઇને શ્રીમતી કાર્પેન્ટરે નીચે લખેલો અભિપ્રાય લખી જણાવ્યો હતો.

"આનન્દીબાઈ કદી પણ પ્રયોજન કરતાં વધારે બોલતી નથી. એ છેક થોડાબોલી પણ નથી. ત્હેના જેવી ગંભીરતા મ્હોટી વયની ઘણી રમણીઓમાં પણ જવલ્લેજ દીઠામાં આવે છે. આનન્દીબાઈ સાથે બંદર ઉપર મ્હારી પ્રથમ મુલાકાત થઈ ત્યારે મ્હેં મનમાં વિચાર કર્યો હતો કે, એ બીજી ચપળ સ્વભાવની બાલિકાઓની પેઠે ગાડીની બારીઓમાંથી મ્હોં બહાર કહાડીને ચારે તરફ દૃષ્ટિપાત

કરશે, અથવા તો પ્રત્યેક નવી જોયેલી વસ્તુ સંબંધી જાત જાતના પ્રશ્ન કરીને મ્હને કંટાળો આપશે. પણ એમાંનું કશુંએ બન્યું નહિ. એ ઘણાજ ગંભીર ભાવથી ગાડીમાં બેસી રહી હતી. ઘણીવાર મ્હારા મનમાં એમ થતું કે, આ વખતે તો એ પ્રશ્ન પૂછ્યા વગર રહેશેજ નહિ. પરન્તુ ત્હેણે મ્હને કોઇ પણ વસ્તુ સંબંધી શરૂઆતમાં કાંઇ પણ સવાલ કર્યા નહિ, કહેવાની જરૂર નથી કે, ત્હેની બુદ્ધિની સ્થૂલતા અથવા જીજ્ઞાસાવૃત્તિનો અભાવ એજ ત્હેનાં કારણ નહોતાં, ત્હેણે પાછળથી મ્હારી સાથે જે બધી વાતચીત કરી તે ઉપરથી હું સ્હમજી કે, તીક્ષ્ણ બુદ્ધિના પ્રભાવથી અજાણ્યા દેશની અનેક બાબતોનો કાર્ય કારણ સંબંધ એ દૃષ્ટિ નાંખતાની સાથેજ સ્હમજી શકી હતી. અહિં આવ્યા બાદ રોજ નવા પદાર્થ અને નવા રીતરિવાજ જોઇને પણ ત્હેણે કદી એમના સંબંધી પ્રશ્ન પૂછીને મ્હને કંટાળો આપ્યો નથી. ત્હેની વર્તણુંકમાં દોષ કહાડવા જેવું કાંઈ પણ નથી. ત્હેની કાર્યકુશળતા, એકાગ્રતા અને સદાચાર આદિ ગુણો, બધાએ અનુકરણ કરવા યોગ્ય છે.”

અમેરિકા પહોંચ્યા પછી આનન્દીબાઇએ શ્રીમતી કાર્પેન્ટર સાથે પ્રથમ ન્યુ જરસી નગરમાં ત્હેમના ઘરમાં વાસ કર્યો. ત્યાં ત્હેને ચાર મહિના સુધી રહેવું પડયું. ત્યાંના નિવાસના થોડા દિવસમાંજ એ કાર્પેન્ટરના પરિવારના બધા મનુષ્યોની પ્રીતિપાત્ર બની હતી. બાલક બાલિકાઓ એક ક્ષણ પણ ત્હેમની આ હિન્દુ ભગિનીથી વિખુટાં પડતાં નહિ. પડોશણો પણ ત્હેના તરફ ઘણી માયાળુ થઇ ગઈ હતી. પરદેશમાં જઇને, લોકો મશ્કરી કરે એવા વિચારથી પારકાંઓની રીતભાતનું અવલમ્બન કરવાની વાત તો દૂર રહી, પણ આનન્દીબાઇએ, એથી ઉલટું કાર્પેન્ટરના પરિવારમાં ઘણી બાબતમાં હિન્દુઓના રીતરિવાજ દાખલ કર્યા હતા. આનન્દીબાઇ શ્રીમતી કાર્પેન્ટરને કદી

નામ દઇને બોલાવતી નહિ. મુરબ્બીઓને નામ દઇને બોલાવવાની રીત પશ્ચિમના દેશોમાં સર્વત્ર પ્રચલિત છે. એટલુંજ નહિ પણ ત્યાં પુત્ર પણ પિતાને નામ દઇને બોલાવતાં સંકોચાતો નથી. પણ આનન્દીબાઇના આચરણ ઉપરથી શ્રીમતી કાર્પેન્ટરનાં બધાં સગાંઓ તે સંબંધમાં હિન્દુ રિવાજને શ્રેષ્ઠ સ્હમજવા લાગ્યાં હતાં. પ્રાતઃકાળમાં 'શેકહેન્ડ'ને બદલે નમસ્કાર કરવાનો અને આશીર્વાદ આપવાનો રિવાજ પણ ત્હેમણે ગ્રહણ કર્યો હતો. આનન્દીબાઇએ કાર્પેન્ટરના પરિવારમાં 'હેલના' 'સુયાર્ટ' અને 'આમી' વગેરે નામને બદલે 'તારા' 'સગુણા' અને 'પ્રમીલા' નામ દાખલ કર્યાં. ત્હેણે પોતાની અનેક સખીઓને પણ ભારતવર્ષીય સાડીની પક્ષપાતી બનાવી હતી, કેવળ એટલુંજ નહિ, પરન્તુ ત્હેમનામાંની અનેક તો મહારાષ્ટ્રની રીત પ્રમાણે વેણી ગુંથવાનો અને કપાળમાં ચાંલ્લો કરવાનો શોખ પણ રાખવા લાગી. શ્રીમતી કાર્પેન્ટરના ઘરમાં સાડીનું માહાત્મ્ય એટલું બધું વધી પડયું હતું કે, બાલક બાલિકાઓ પોતાની ઢીંગલીઓને પણ સાડી પહેરાવ્યા વગર સંતોષ પામતાં નહિ.

આનન્દીબાઇએ ભારતવર્ષ છોડયા પછી ગોપાલરાવે ત્હેને એક પત્ર લખીને જણાવ્યું હતું કે, પ્રયોજન પડે તો પરદેશી વસ્ત્રાભૂષણ પહેરવાં અને માંસાહાર કરવો. પણ સ્વદેશી આચારવિચાર ઉપર આનન્દીબાઇની એટલી બધી ગાઢી પ્રીતિ હતી કે, ત્હેણે અમેરિકા જેવા ઠંડા દેશમાં રહેતી વખતે પણ માંસાહાર કર્યો નહિ. શરીર સ્વસ્થ હોય ત્યારે એ હમેશાં પોતાને હાથે દાળરોટલી રાંધીને ખાતી. એ દેશમાં ટાઢનું જોર વિશેષ હોવાથી એને પોતાના પોષાકમાં સાધારણ ફેરફાર કરવો પડયો હતો. મહારાષ્ટ્રી રીત પ્રમાણે સાડી પહેર્યાથી બન્ને પગનો નીચલો ભાગ થોડો ખુલ્લો રહે છે તેથી એ ગુજરાતી ઢબની સાડી પહેરતી. પરન્તુ સ્વદેશમાં આવવા સારૂ આગબોટમાં

ચ્હડયા પછી ફરીથી મહારાષ્ટ્રી ઢબની સાડી પહેરવામાં ત્હેણે વિલંબ કર્યો નહોતો. સ્વદેશી પોશાક પહેરવા માટે ત્હેને ઘણી વાર ઇંગ્લેન્ડ, આયર્લેન્ડ અને અમેરિકામાં અડચણ પણ વેઠવી પડી હતી. પાશ્ચાત્ય સમાજમાં ઉપહાસને પાત્ર થવું પડશે એમ ધારીને પ્રવાસમાં જે લોકો યુરોપિયન રીતરિવાજનું અનુકરણ કરે છે અને સ્વદેશમાં આવ્યા પછી પણ ટેવનું બહાનું કહાડીને જે લોકો પ્રચંડ ગ્રીષ્મ સમયમાં પણ સાહેબશાહી ખાણું ખાવાનો શોખ ધરાવે છે, તથા ગરમ કપડાંથી દેહને ઢાંકીને સાહેબશાહી મર્યાદાનું રક્ષણ કરે છે, તેઓ એક વખત આનન્દીબાઇના દૃષ્ટાંતનું સ્મરણ કરશે તો ઘણું સારૂં થશે.

અમેરિકામાં વાસ કરતી વખતે આનન્દીબાઈની અજ્ઞાનતા કોઇ દિવસ જણાઈ આવી નથી. કોઇને ત્હેને અનાડી કહેવાનો પ્રસંગ મળ્યો નથી. તીક્ષ્ણ બુદ્ધિબળને લીધે એઍક દિવસમાંજ એ ઘરકામમાં યથોચિત અભિજ્ઞતા મેળવી ચૂકી હતી, શ્રીમતી કાર્પેન્ટરના ઘરમાં રાંધવા સિવાયના બીજા બધા ઘરકામમાં એ મદદ આપતી. બાલ્યાવસ્થાથીજ રમત ગમત ઉપર ત્હેને ઘણો શોખ હતો. એકવાર જોવાથીજ અમેરિકાના બાલક-બાલિકાઓની રમત ગમતો એવી સરસ રીતે શિખી ગઈ હતી કે, ત્હેમની સાથે રમવાનો પહેલી વાર પ્રસંગ આવ્યો ત્યારે સૌથી ઉંચો નંબર એનોજ આવ્યો. સંગીતવિદ્યાથી પણ એ છેક અજાણી નહોતી. જે લોકો ત્હેને મળવા સારૂ આવતા ત્હેમને ઘણીવાર બ્રહ્મજ્ઞાન અને ભક્તિ વિષયક મરાઠી સંગીત સંભળાવીને પરિતૃપ્ત કરતી. ત્હેનું સંગીત શ્રવણ કરીને બધાં ત્હેની ઘણીજ પ્રશંસા કરતાં. પણ એ પ્રશંસાના શબ્દો સાંભળીને આનન્દીબાઇ કદી પણ ગર્વથી ફુલાઈ જતી નહિ; એટલુંજ નહિ, પણ એ વખાણોથી આત્મસંતોષનાં કોઇ લક્ષણ ત્હેના મુખકમળ ઉપર પ્રગટ થતાં નહિ.

કંઠસ્વરની માફક ત્હેના સૌન્દર્યે પણ અમેરિકાવાસીઓની

પ્રશંસા પ્રાપ્ત કરી હતી. શ્રીમતી કાર્પેન્ટરે લખ્યું છે " આનન્દીબાઇ સ્વદેશી વસ્ત્રાભૂષણમાં સજ્જિત થતી, ત્યારે હેના લાવણ્યની છટાથી હમારાં નેત્ર અંજાઇ જતાં. એવો ભાસ થતો કે, જાણે દેવલોકમાંથી કોઇ દેવકન્યા પૃથ્વીમાં ઉતરી આવી છે." આનન્દીબાઇનું રૂપ કાંઇ પણ ખોડખાંપણ વગરનું, સર્વ રીતે સુન્દર હતું, એમ નહિ; પણ હેની દિવ્ય જ્યોતિ બધાને વિસ્મયમાં ગરકાવ કરી નાંખતી. હેની વિવિધ અવસ્થાની છબીઓ જોયાથી એવો ભાસ થાય છે કે આ કોઇ, વારે ઘડીએ રૂપ બદલી શકનારી માયાવી સ્ત્રી હશે. ચિત્રો ઉપર વિશેષ શોખ હોવાથી અમેરિકામાં હેણે ઘણા ફોટોગ્રાફ પડાવ્યા હતા, પરન્તુ આશ્ચર્યની વાત એ હતી કે, હેના દરેક ચિત્રમાં હેનું સ્વરૂપ અવનવું દેખાતું હતું. એકજ દિવસે પડાવેલી હેની બે છબીઓમાં એટલી બધી ભિન્નતા જોવામાં આવે છે કે કોઇ પણ અજાણ્યો માણસ એકદમ એવું ન ધારે કે આ બન્ને છબીઓ એકજ સ્ત્રીની હશે. હેના આ નિત્ય પરિવર્તનશીલ સૌન્દર્યને લીધેજ કદાચ શ્રીમતી કાર્પેન્ટરની દૃષ્ટિમાં તે દેવકન્યા જેવી ભાસી હશે. હેનો સદા આનંદી સ્વભાવ પણ એવું માનવાનું બીજું કારણ હશે, એમ હમે ધારીએ છીએ. વિદ્યાભ્યાસના સમયમાં કે ઘરસંસારનાં કામકાજ કરતી વખત, સર્વદા હેનો ચહેરો પ્રફુલ્લિત જોઇને શ્રીમતી કાર્પેન્ટર હેના ઉપર એટલાં બધાં મુગ્ધ થઈ ગયાં હતાં કે, હેમણે હેનું નામ 'આનંદ નિર્ઝરિણી' પાડયું હતું.

પરન્તુ આ દેવકન્યા જેવી આનંદાનર્ઝરિણી પણ વખતો વખત ચિન્તાસમુદ્રમાં ડૂબવા લાગતી હતી, ભારતવર્ષની ટપાલ આવવાનો સમય પાસે આવે અને ગોપાલરાવનો પત્ર આવતાં વિલંબ થાય તો આનન્દીબાઇના મુખ ઉપર ઉંડો ઉદ્વેગ અને ઉદાસીન ભાવની છાયા જણાઇ આવતી. હેણે એક પત્રમાં ગોપાલરાવને લખ્યું હતું " બીજા

કામકાજમાં રોકાયલી રહેવા છતાં પણ એક વિષયમાં મ્હારૂં મન સર્વદા સંયુક્ત રહે છે. આપનું ધ્યાન ધરીને હું ઘણો વખત આનંદ-ઉલ્લાસમાં ગાળું છું; પણ જ્યારે આપણા બેની વચ્ચે કેટલું બધું અંતર છે—આપણે બે, એક બીજાથી કેટલે દૂર પડયાં છીએ,—એ વિષયનો વિચાર મનમાં ઉત્પન્ન થાય છે, ત્યારે હૃદય નિરાશામાં મગ્ન થઇ જાય છે. મ્હારો મનોભાવ છુપાવી રાખવાને હું યથાસાધ્ય પ્રયત્ન કરૂં છું; છતાં પણ મુખ ઉપર વિષાદની છાયા પ્રગટ થઈ આવે છે, એમ હું ધારૂં છું. શરૂઆતમાં તો 'હું ઘણું રડી દેતી, પણ અત્યાર સુધી પ્રતિજ્ઞાપૂર્વક મ્હેં મ્હારાં અશ્રુબિન્દુ કોઇને દેખવા નથી દીધાં. હવે ઘણું ખરૂં ચક્ષુમાં જળ આવતું નથી, દુઃખનો વેગ અસહ્ય થઇ જવાથી કેવળ જીભ અને કંઠ સૂકાઇ જાય છે, અને હૃદયમાં એક ન સ્હમજાય એવી પીડા થાય છે. પરન્તુ રખે કોઇ જાણી જશે એવા ભયથી, દીર્ઘ નિઃશ્વાસ નાંખીને હૃદયનો ભાર ઓછો કરવાનો અવસર પણ મ્હને મળતો નથી." આ પ્રમાણેની મર્મભેદક યંત્રણા સહન કર્યા છતાં પણ આનન્દીબાઈ શ્રીમતી કાર્પેન્ટરને 'આનંદ નિર્ઝરિણી' સ્વરૂપ દેખાઈ હતી, એ શું એની સામાન્ય ધૈર્યશીલતા સૂચવે છે?

આનન્દીબાઇના અમેરિકાનિવાસ દરમિયાન આ દેશના ઘણા સારા માણસોના સંતાન વિદ્યાભ્યાસ અર્થે એ દેશમાં ગયા હતા, ત્હેમનામાંથી, આનન્દીબાઇના પત્રોમાં કેવળ શ્રીયુક્ત પ્રતાપચંદ્ર મઝૂમદાર મહાશયની પ્રશંસા વાંચવામાં આવે છે. બીજા કેટલાકોના સંબંધમાં ત્હેણે પૂનામાં પોતાની કોઇ બ્હેનપણીને લખ્યું હતું:—

"અમેરિકામાં આવ્યાથી ભારતવાસીઓની જવાબદારી ઘણી વધી જાય છે, એ વાત ઘણાકો સ્હમજતા નથી. અહિંયાં આવ્યાથી જાણે હાથમાં સ્વર્ગ આવી ગયું હોય એમ ઘણા ધારે છે, અને સ્વેચ્છાચારમાં પ્રવૃત્ત થાય છે. એવા માણસોની સંખ્યા ઓછી હોવા છતાં

પણ એમનાં આચરણ જોઇને અમેરિકાના લોકો સમગ્ર ભારતવાસીઓના સ્વભાવ અને ચાલચલણ સંબંધી અનેક પ્રકારના સિદ્ધાન્ત બાંધી દે છે. એ કારણુસર તેમનાં માતપિતા અને સ્વદેશની આબરૂ ખાતર, આ દેશમાં રહેતી વખતે સદાચરણ ઉપર પ્રેમ દર્શાવવો એ એવા લોકોનું કર્તવ્ય છે. એમનામાંના બેએક જણા મ્હને મળવા આવ્યા હતા, ત્હેમાંથી એક જણાએ તો મ્હને પોતાની સાથે નાટક જોવા લઇ જવાનો પ્રસ્તાવ કર્યો હતો. મ્હેં ત્હેના એ પ્રસ્તાવ પ્રત્યે અનેક તિરસ્કાર દર્શાવ્યા. એણે કદાચ એવુંજ ધાર્યું હશે કે, ત્હેની માફક બધાંજ ભણવાનું બહાનું કહાડીને, વિલાસવાસના ચરિતાર્થ કરવા, અમેરિકા આવતાં હશે. એના જેવા કેટલાકની વર્તણુંકથી અમેરિકાવાસીઓની દૃષ્ટિમાં ભારતવાસીઓની મર્યાદા ઓછી થઇ ગઇ છે, એ જોઈને મ્હને ઘણું દુઃખ થયું છે. એક તો મૂળથીજ ભારતવર્ષ સંબંધી આ દેશના લોકોના મનમાં ઘણા કુસંસ્કાર છે; ત્હેમાં વળી 'ખ્રિસ્તિ ભટ્ટાચાર્યો' ની કૃપાથી એ કુસંસ્કાર ઘણા દૃઢ થાય છે. એવી અવસ્થામાં આ દેશમાં વસતી વખતે ઘણીજ સાવધાનીથી સદાચરણપૂર્વક ન વર્તાય તો ભારતમાતાની મર્યાદાને હાનિ પહોંચશે, એ વાત પ્રત્યેક ભારતવાસીએ સ્મરણમાં રાખવી જોઈએ.

અમેરિકા પહોંચ્યા પછી આનન્દીબાઇને વિદ્યાભ્યાસ સારૂ ફિલાડેલફિયા અને ન્યુયોર્ક શહેરમાં બોલાવવામાં આવી. ફિલાડેલફિયાના **ઓલ્ડ સ્કૂલ** નામના વિદ્યાલયમાં, ચિકિત્સાશાસ્ત્રમાં પારદર્શી થયેલી સ્ત્રીઓદ્વારા શિક્ષણ આપવાનું કાર્ય થાય છે એ વિચારથી એજ વિદ્યાલયમાં જવાનું આનન્દીબાઇને વ્યાજબી લાગ્યું. પ્રથમ તો ત્યાં એક વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરીને પાછળથી ન્યુયોર્ક જઇને હોમિયોપેથીનું શિક્ષણ મેળવવાનો ત્હેણે સંકલ્પ કર્યો હતો; પરન્તુ પાછળથી એ સંકલ્પનો ત્યાગ કરવો પડ્યો. બીજી તરફ ફિલાડેલફિયા સ્કૂલની

મુખ્ય અધ્યાપિકા કુમારી બોડ્લે મહોદયા આનન્દીબાઇને પોતાની નિશાળમાં આવવાને વારંવાર આમંત્રણ મોકલવા લાગી. ત્હેણે ત્હેને ત્રણ વર્ષ સુધી ભણવાને છસેં ડૉલરની છાત્રવૃત્તિ આપવાનું પણ કબૂલ કર્યું. એ કૉલેજના નિયમાનુસાર વીસથી ત્રીસ વર્ષની ઉમર સુધીની વિદ્યાર્થિનીને છાત્રવૃત્તિ મેળવવાનો અધિકાર હતો. એ જાણ્યા છતાં પણ આનન્દીબાઇએ પોતાની વય છુપાવી નહિ. પોતે હમણાંજ અઢારમા વર્ષમાં પ્રવેશ કરે છે, એ વાત ત્હેણે કુમારી બોડ્લેને સ્પષ્ટરૂપે જણાવી દીધી હતી. છતાં પણ કુમારી બોડ્લે ત્હેને છાત્રવૃત્તિ આપવા તૈયાર થઇ. બોસ્ટન કૉલેજમાંથી પણ આનન્દીબાઇને આમંત્રણ આવ્યું હતું. પણ ફિલાડેલફિયા કૉલેજ સૌથી પ્રાચીન અને પ્રસિદ્ધ હોવાથી તથા ત્યાં સર્જરી અર્થાત્ શસ્ત્રવિદ્યાના શિક્ષણને માટે ખાસ સારા પ્રકારની ગોઠવણ હોવાથી આનન્દીબાઇએ ત્યાંજ જવાનો સંકલ્પ કર્યો.

ન્યુજરસી શહેરનો પરિત્યાગ કરતાં પહેલાં આનન્દીબાઇએ પોતાની અમેરિકન બ્હેનપણીઓને એક દિવસ મરાઠી ઢબની 'ડિનર–પાર્ટી' આપી હતી. અઢાર અમેરિકન મહિલાઓએ તે દિવસે મરાઠી પોશાકમાં સજ્જિત થઇને ટેબલ, ખુરસી અને છરી કાંટાનો ત્યાગ કરીને સંપૂર્ણ હિન્દુ રીત પ્રમાણે ભોજન કર્યું હતું.

બધાની પાસે વિદાયગીરી માગીને ઈ. સ. ૧૮૮૩ ની ૨૭ મી સપ્ટેમ્બરને દિને આનન્દીબાઇએ શ્રીમતી કાર્પેન્ટરની સાથે ફિલાડેલફિયા તરફ યાત્રા કરી અને એ દિવસે સ્હાંજે ત્યાં ઉપસ્થિત થઈ. બીજે દિવસે કૉલેજના કર્તાહર્તાઓએ ખાસ સમારોહપૂર્વક આનન્દીબાઇને કૉલેજમાં દાખલ કરી. આનન્દીબાઇને અભિનંદન આપવા સારૂ એ દિવસે પાંચસો મહિલાઓ અને પ્રતિષ્ઠિત પુરૂષો હાજર થયાં હતાં. એ દિવસના સમારંભનું વર્ણન કરતાં શ્રીમતી કાર્પેન્ટરે લખ્યું છેઃ–" રત્ના-

લંકાર પહેરીને એટલી બધી મહિલાઓ એ દિવસે એકઠી થઈ હતી પણ ત્હેમાંની એક પણ સૌજન્યમાં આનન્દીબાઇની બરોબરી કરે એવી નહોતી." અસ્તુ! કૉલેજની પાસે આનન્દીબાઇને રહેવા સારૂ એક ઘર ભાડે રાખવામાં આવ્યું. શ્રીમતી કાર્પેન્ટર ત્હેને એ ઘરમાં રાખી આપીને બેએક દિવસ પછી પોતાને ગામ પાછાં સીધાવ્યાં. ભારતવર્ષનો ત્યાગ કરતી વખતે આનન્દીબાઇના મનને જેટલું કષ્ટ થયું હતું તેટલુંજ કષ્ટ ત્હેને શ્રીમતી કાર્પેન્ટરને વિદાયગીરી આપતી વખતે ભોગવવું પડ્યું હતું. નવ દસ દિવસ સુધી ત્હેને ખાતું પીવું ભાવ્યું નહોતું. ખરેખર જ્હેમના માતૃતુલ્ય સ્નેહ અને સંભાળ નીચે ચાર માસ સુધી ન્યુજરસી નગરમાં વાસ કરીને ત્હેણે એક દિવસ પણ પરદેશનું દુઃખ જાણ્યું નહોતું. ત્હેમનો વિયોગ આ પ્રમાણે દુઃસહ થઇ પડે એ તદ્દન સ્વાભાવિક છે. શ્રીમતી કાર્પેન્ટરના જેવાં રમણીરત્ન બધા દેશમાં વિરલ હોય છે.

ફિલાડેલફિયા ગયા પછી થોડા દિવસ પછીજ આનન્દીબાઇની તંદુરસ્તી નબળી પડી ગઇ. એ દરરોજ દસ અગિયાર કલાક અભ્યાસ કરતી, તે ઉપરાંત બધું ઘરકામ પણ ત્હેને એકલાને કરવું પડતું. ત્હેનું રહેવાનું ઘર પણ ઘણું સગવડતાવાળું નહોતું. ચુલો એવો ખરાબ હતો કે કોઇ દિવસ દેવતા જલ્દી સળગતો નહિ. એને લીધે કોઇ કોઇ દિવસ અનાહારપૂર્વક તો તો કોઇ દિવસ કાચું પાકું ભોજન ખાઇને ત્હેને કૉલેજમાં જવું પડતું. એ બધાં કારણોને લીધે ત્હેની તબિયત લથડવા માંડી. અમેરિકાનાં હવા પાણી અને ટહાડ તડકામાં પણ એવો મ્હોટો ફેરફાર થતો રહે છે, કે સર્વદા સાવધાન ન રહે તો તંદુરસ્ત મનુષ્ય પણ એકાએક માંદો પડી જાય. અતિશય ગરમીને લીધે ત્યાં એક એક દહાડામાં ચારસો પાંચસો મૃત્યુ થાય છે. અને ત્હેને બીજેજ દિવસે બેહદ ઝાકળ તથા ઠંડી પડવાથી અનેકની તબિયત બગડી

આવે છે. એવી અવસ્થામાં, આનન્દીબાઈ જે સ્થિતિમાં દિવસ વ્યતીત કરતી હતી તેવી સ્થિતિમાં તંદુરસ્તી ન બગડે એમ કોણુ કહી શકે?

ફેબ્રુઆરી માસના પ્રારંભમાં આનન્દીબાઈ 'ડિપથિરિયા' રોગથી પીડાવા લાગી. કંઠની નળીમાં ફોલ્લો થવાથી ત્હેને અસહ્ય વેદના થવા લાગી, એ ઉપરાંત જ્વર તથા માથાનો દુખારો હતો. એટલે એક દિવસની અંદરજ એ ઘણી દુર્બળ થઇ ગઈ. એ વખતના મંદવાડમાં ત્હેના બચવાની બિલકુલ આશા નહોતી, પણ ત્હેની સહાધ્યાયીઓના યત્ન અને શુશ્રૂષાને લીધે, બહુ કષ્ટ ભોગવ્યા છતાં પાછળથી તે સાજી તાજી થઈ ગઇ. આ સમયમાં ગોપાલરાવ અને શ્રીમતી કાર્પેન્ટર તરફથી ત્હેને જે આશ્વાસનના પત્રો મળ્યા હતા તે વાંચ્યાથી ત્હેનું માનસિક કષ્ટ ઘણું શમી ગયું હતું.

ફિલાડેલફિયા ગયા પછી શારીરિક પીડા ઉપરાંત બીજાં પણ કષ્ટ ત્હેને ભોગવવાં પડયાં હતાં. ઉપર જણાવેલી માંદગીમાંથી સાજી થયા પછી એ એટલી બધી દુર્બળ થઇ ગઇ કે ઘણા દિવસ સુધી ત્હેને સ્કૂલના બોર્ડિંગ હાઉસમાં જઇને નિરામિષ ભોજન કરવું પડયું હતું. એ ભોજનશાળા ઉપર કૉલેજની મુખ્ય અધ્યાપિકા મિસ બોડ્લે દેખરેખ રાખતી હતી, ત્હેની વ્યવસ્થા સારી નહિ હોવાથી ત્યાં જમનારી વિદ્યાર્થી કન્યાઓને ઘણા પ્રકારની અડચણ પડતી. વિદ્યાર્થીઓની સગવડ કે અગવડ તરફ એ ધ્યાન નહોતી રાખતી, એવા ભોજનાલયમાં કાચું પાકું અન્ન ખાધાથી આનન્દીબાઇનું શરીર સારૂં થઈ શકયું નહિ. એ ઉપરાંત મિસ બોડ્લેને હાથે ત્હેને બીજી પ્રકારે પણ પીડિત થવું પડયું. આનન્દીબાઇને ખ્રિસ્તિધર્મની દીક્ષા આપવા સારૂ એ અધ્યાપિકાએ ઘણો યત્ન કર્યો હતો. પણ એ બાબતમાં નિષ્ફળ નીવડયાથી ત્હેણે ત્હેના ઉપર વારે ઘડીએ ક્રોધ કરવાનું શરૂ કર્યું.

ત્હેના આ ત્રાસને લીધે આનન્દીબાઇને ઘણી વખત ઉપવાસ કરીને દહાડા ગાળવા પડયા હતા.

આટલું બધું કષ્ટ સહન કર્યાં છતાં પણ આનન્દીબાઇ ખરા દિલથી યત્ન કરીને કૉલેજમાં ભણવાના બધા વિષયો તૈયાર કરવા લાગી. એ સમયમાં ભારતવર્ષમાંથી કોઇ એક નરપશુએ ઘણી કુત્સિત ભાષામાં એક પત્ર લખીને ત્હેને મર્મપીડા પહોંચાડી હતી. એ પત્ર વાંચ્યાથી આનન્દીબાઇના હૃદયને એટલી ઉંડી વેદના પહોંચી હતી કે, દસ દિવસ સુધી ખાવા પીવામાં કે સુવામાં ત્હેને જરા પણ ચેન પડયું નહિ. છેવટે ત્હેણે એક દિવસ સ્વપ્ન જોયું કે, એક દિવ્યરૂપધારિણી રમણી એની પાસે આવીને એ પત્રને માટે દુઃખી થવાનો નિષેધ કરીને સાન્ત્વના આપી રહી છે. એ સ્વપ્ન જોયા પછી, આનન્દીબાઇના મનનો વિષાદ દૂર થયો.

આ બધી આપદાઓમાંથી એનો પૂરો ઉદ્ધાર થયો નહોતો, એટલામાં તો વળી ગોપાલરાવ ત્હેના ઉપર ગુસ્સે થયા. પ્રારંભમાં આનન્દીબાઇ પોતાના સ્વામીને દર અઠવાડિયે નિયમિત રૂપે વિસ્તારપૂર્વક પત્ર લખતી હતી. ફિલાડેલફિયા ગયા પછી ફુરસદના અભાવને લીધે સ્વામીને પત્ર લખવામાં ઘણું ખરૂં વિલંબ થતો. તે ઉપરાંત, ગોપાલરાવ કદી તો દર અઠવાડિયે એક પોસ્ટ કાર્ડ લખવાનું ત્હેને કહેતો; અને કદી એવું કહે તો કે 'મહિનામાં ચાર સંક્ષિપ્ત કાર્ડ લખવાને બદલે એકજવાર વિસ્તારપૂર્વક પત્ર લખજો.' આ પ્રમાણે વારંવાર વિચાર બદલાયાથી શું કર્યાથી પતિને સંતોષ થશે તે આનન્દીબાઇ સ્હમજી શકી નહિ. એથી કરીને પત્ર લખવામાં વિલંબ વધવા લાગ્યો. એ ઉપરથી ગોપાલરાવે પ્રથમ વિચાર્યું કે, આનન્દીબાઈની આળસ વધી પડી છે. પાછળથી ત્હેને એવી શંકા ઉપજી કે આનન્દીબાઇ અહંકારને લીધે પત્ર લખવામાં બેપરવાઇ રાખે છે.

તે ઉપરાંત આનન્દીબાઇએ ગુજરાતી વેશ ધારણ કરતાં પહેલાં ગોપાલરાવની અનુમતિ લીધી નહોતી; એ કારણને લીધે પણ ગોપાલરાવ ત્હેના ઉપર ઘણો ગુસ્સે થયો. વાંચકવૃંદને જણાવવાની જરૂર નથી કે, એવી બાબતમાં અનુમતિ માગવાનું આનન્દીબાઇને કાંઈ પણ પ્રયોજન નહોતું. કારણ કે પ્રયોજન પડે તો પાશ્ચાત્ય પહેરવેશ પહેરવાની તથા માંસાહાર સુદ્ધાંત કરવાની ગોપાલરાવે ત્હેને રજા આપી હતી. પરન્તુ અત્યારે એ વાત ત્હેના સ્મરણમાં રહી નહોતી. ત્હેણે ઇ. સ. ૧૮૮૪ ની ૬ ઠ્ઠી જાન્યુઆરીને દિવસે આનન્દીબાઈને એક પત્ર લખ્યો હતો ત્હેમાં ત્હેને માટે 'ગર્વિતા' અને 'નફ્ટ' આદિ તિરસ્કારપૂર્ણ શબ્દો વાપર્યા હતા. પરન્તુ ગોપાલરાવની નિષ્ઠુરતા એટલેથી સમાપ્ત થઇ નહિ. તે એક પત્રમાં ત્હેને 'વિશ્વાસઘાતી' કહેતાં પણ અચકાયો નહોતો. ગોપાલરાવ કહેતો કે, આનન્દીબાઇના ચરિત્રને ઉદ્દેશીને ત્હેણે એ કઠોર શબ્દનો ઉપયોગ કર્યો નહોતો. વિદ્યાભ્યાસમાં ધ્યાન ઓછું જણાયાથી ગોપાલરાવની દૃષ્ટિમાં આનન્દીબાઈ વિશ્વાસઘાતી જણાઇ હતી. પરન્તુ પતિના એ બધા પત્રો વાંચ્યાથી આનન્દીબાઇની મર્મવેદનાનો પાર રહ્યો નહિ. સુખની વાત એટલી છે કે, ત્યાર પછી થોડે સમયે સહધર્મિણીએ ક્ષમા માગ્યાથી તથા ક્ષોભપૂર્ણ પત્ર લખ્યાથી ગોપાલરાવનો આગલો વિચાર એકદમ દૂર થઇ ગયો. આનન્દીબાઇને વિદ્યાભ્યાસ કરવામાં વિશેષ ઉત્તેજિત કરવા સારૂ તે ત્હેને ત્યાર પછીના પત્રોમાં 'સરસ્વતી' નામથી સંબોધન કરવા લાગ્યો. અવ્યવસ્થિત ચિત્તના મનુષ્યો એજ પ્રમાણે ઘડીકમાં રાજી ને ઘડીકમાં ગુસ્સે થઇ જાય છે.

બાલ્યાવસ્થામાં આનન્દીબાઇને બગિચો બનાવવાનો ઘણો શોખ હતો, એ વાત હમે આગળ જણાવી ગયા છીએ.

અત્યાર સુધી ઉદ્યાન સંબંધી ચર્ચા કરવાનો અવસર ત્હેને મળ્યો

નહોતો. ફિલાડેલફિયા આવ્યા પછી ત્હેણે એ વિષયમાં ખાસ મન પરોવ્યું. કૉલેજમાં ચિકિત્સાશાસ્ત્રનો અભ્યાસ કર્યા પછી ત્હેને જે સાધારણ અવકાશ મળતો, ત્હેનો ઉપયોગ વનસ્પતિશાસ્ત્ર (બૉટની) નો અભ્યાસ કરવામાં કરતી. જંગલી પુષ્પોનો સંગ્રહ કરીને ત્હેમની વૈજ્ઞાનિક પરીક્ષા કરવામાં ત્હેનો ઘણો સમય જતો હતો. ત્હેણે જર્મન અને ફ્રેન્ચ ભાષાનો અભ્યાસ પણ શરૂ કર્યો હતો. પરન્તુ સમયના અભાવને લીધે આખરે એ અભ્યાસ છોડી દેવો પડ્યો હતો. સંસ્કૃત ભાષા ઉપરનો ત્હેનો પ્રેમ પરદેશમાં ગયા છતાં પણ ઓછો થયો નહોતો. ગોપાલરાવ ત્હેને વખતો વખત આપણા દેશમાંથી સંસ્કૃત ગ્રન્થો મોકલી આપતો. એકવાર આનન્દીબાઈએ ભારતવર્ષમાંથી પોતાના એક પત્રમાં શ્રીમતી કાર્પેન્ટરને લખ્યું હતું કે, "ભારતવર્ષ સંબંધી અમેરિકાવાસીઓ બિલકુલ અજ્ઞાન છે. હિન્દુ શાસ્ત્ર અને હિન્દુ આચારવ્યવહારનું રહસ્ય સ્હમજાવવા સારૂ હું સંસ્કૃત ભાષાનું અધ્યયન કરૂ છું." ફિલાડેલફિયા જઈને આનન્દીબાઈએ એ પ્રતિજ્ઞા પૂર્ણ કરી હતી. ભારતવર્ષમાંથી પાછી આવેલી પાદરી રમણીઓ હિન્દુઓના સંબંધમાં મરજીમાં આવે તેવા વિચારો પ્રગટ કરતી ત્યારે ત્હેમનું ખંડન કરવાનો અને ત્હેમની ભ્રાન્તિ સુધારવાનો લાગ એ બનતા સુધી ખોતી નહિ. એક વખત હિન્દુઓમાં પ્રચલિત બાલવિવાહ સંબંધી કોઈ એક રમણીએ કેટલુંક અવનવું ભરડ્યું હતું. ત્હેનું સ્ત્રીઓની એક સભામાં ખંડન કરીને ત્હેણે જય મેળવ્યો હતો, અને તે માટે ત્હેને દશ ડૉલરનું ઇનામ મળ્યું હતું. એ સભામાં એ દિવસે લગભગ બે હજાર સ્ત્રીઓ હાજર હતી. 'હિન્દુ રમણી' એ વિષયપર પણ એકવાર ભાષણ આપીને અમેરિકાવાસીઓના ઘણા ખોટા વિચારો દૂર કરવાનો ત્હેણે યત્ન કર્યો હતો. ત્હેનું ભાષણ સાંભળવા પ્રત્યેક મનુષ્યને ઈંતેજારી રહેતી. પણ સમયના અભાવને લીધે આનન્દીબાઈને

અનેક જગ્યાઓનાં ભાષણ આપવા આવવાનાં નિમંત્રણ નામંજુર કરવાં પડયાં હતાં. એમ છતાં પણ અમેરિકાવાસીઓની દૃષ્ટિમાં ભારતવર્ષનું ગૌરવ કેવી રીતે વૃદ્ધિ પામે, ત્હેની ચિન્તા આનન્દીબાઈના ચિત્તમાં સંપૂર્ણ અધિકાર જમાવીને બેઠી હતી.

એકવાર ત્હેણે એક પત્રમાં પોતાના એક સંબંધીને નીચે લખેલા કેટલાક પ્રશ્ન પૂછયા હતા.

આપણી જાતીય પતાકા કયી?

ત્હેનો રંગ તથા આકૃતિ કેવાં છે?

મહારાજા શિવાજીની વિજયપતાકા કેવા પ્રકારની હતી?

મહારાષ્ટ્રી હોવા છતાં આ વાત ન જાણવી એ ખરેખર શરમની વાત છે. પ્રસિદ્ધ ગેરવા રંગની પતાકાજ ખરેખરી ત્હેમની વિજયપતાકા હતી?

હાલના દેશી રાજાઓ કયા પ્રકારના નિશાનનો ઉપયોગ કરે છે? કૃપા કરીને મ્હને એ બધી બાબતોનો ખુલાસો જણાવજો. જો બની શકે તો ત્હેમનાં ચિત્ર કે નમૂના મોકલાવશો. ત્હેમાંથી અહિંની કૉલેજની સહાધ્યાયિનીઓ અને મુખ્ય અધ્યાયિકાને તથા માશીને (મેરી કાર્પેન્ટરને) એમની એકેક પ્રતિકૃતિ કે પ્રતિલિપિ ઉતરાવીને આપીશ, તથા અસલ નમૂનાઓ મ્હારી પાસે રાખી મૂકીશ.

હાલના સમયમાં કેટલા માણસોના હૃદયમાં આ બધી બાબતોનાં તત્ત્વ જાણવાની જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે?

પ્રકરણ ૫ મું–અમેરિકામાં વિદ્યાભ્યાસ.

ફિલાડેલફિયામાં થોડા દિવસ રહ્યા પછી ગોપાલરાવના વિયો-ગથી આનન્દીબાઇને ઘણું કષ્ટ થવા લાગ્યું. એટલા માટે તેણે સ્વામીને અમેરિકા બોલાવવાનો પત્ર લખ્યો. એ પત્રનો એક અંશ આ પ્રમાણે છે. "આપનાથી વિખુટી પડયે બરોબર એક વર્ષ, બે માસ અને વીસ દિવસ થયા. હવે આપનો વિયોગ મ્હારે માટે અત્યંત કષ્ટકારી થઇ પડયો છે. હું બનતાં સુધી ગ્રન્થ વાંચવામાં ચિત્ત પરોવીને એ કષ્ટ દૂર કરવાનો યત્ન કરૂ છું * * * * * *

ગમે તે પ્રકારે, આપ અહિંયાં આવવાનો યત્ન કરશો, કારણકે ઘણા દિવસ સુધી આપનાથી દૂર રહેવું ધીમે ધીમે મ્હારે માટે કઠિન થતું જાય છે. આપની પાસે પૈસા ટકાનો અભાવ હશે તો હું મ્હારા અલંકારો આપને મોકલાવી આપીશ. તેને વેચીને ભાડાના પૈસા એકઠા કરજો. જો તમારી મરજી હશે તો એ અલંકારોને અહિંયાં વેચીને આપને નાણાં મોકલાવી આપું" દુર્ભાગ્યની વાત છે કે, આનન્દી-બાઇનો આવો પત્ર મળ્યા બાદ પણ ગોપાલરાવે સામાન્ય કારણસર તેના ઉપર ગુસ્સે થઇને તેને 'ગર્વિતા' 'વિશ્વાસઘાતી' આદિ દુર્વચનોથી સંબોધીને પીડા આપી હતી.

ગોપાલરાવ પણ અમેરિકા જવા ઉત્સુક થઈ રહ્યો હતો. આ-નન્દીબાઇના ભારતવર્ષ છોડયા પછી અનેક કારણોને લીધે સ્વદેશ અને સ્વસમાજ ઉપરથી ગોપાલરાવની શ્રદ્ધા ઓછી થઇ ગઇ હતી અને તેણે સ્થાયિ રૂપે અમેરિકામાં વાસ કરવાનો સંકલ્પ કર્યો હતો. આ-નન્દીબાઇએ તેનો મનોભાવ જાણ્યા પછી તેને જે પત્ર લખ્યો હતો, તેનો કેટલોક ભાગ નીચે ઉતારીએ છીએ.

"હમણાં હમણાંમાં આપના વિચારો બદલાતા જોઇને હું ઘણી

દુઃખી થઈ છું. આપે લખ્યું છે કે “ હિન્દુઓ ઉપર મને ધૃણા ઉત્પન્ન થઇ છે.” હિન્દુજાતિ સંબંધી આપના વિચાર આ પ્રમાણે શાથી બદલાઇ ગયા ? સારૂં નરસું બધા દેશોમાં અને બધી સમાજોમાં હોય છે. * *

‘ હિન્દુ ’ કહેવરાવાથી હુ ખાસ અભિમાન અનુભવું છું. આ દેશમાં જો કે બધાં મ્હારા ઉપર સ્નેહ રાખે છે, એટલે સુધી કે, ધોબી પણ ઓછે પૈસે મ્હારાં કપડાં ધુએ છે, કોઇ પણ પ્રકારનું મ્હને કષ્ટ નથી, છતાં પણ મ્હારી દ્વારા કોઈપણ દેશનો ઉપકાર થવાનો સંભવ હોય તો તે ઉપકાર ભારતવર્ષ ઉપર થાય એવી મ્હારી એક માત્ર કામના છે. ભારતવર્ષમાં સ્ત્રીઓને વૈદક વિદ્યાનું શિક્ષણ આપવા સારૂ કૉલેજ સ્થાપવાનું ઇશ્વિરને મંજુર ન હોય તો, છેવટે તંદુરસ્તી સાચવવાના નિયમોથી તેઓ જાણીતી થાય એવું કરવામાં મ્હારો બધો સમય અને મ્હારી સમસ્ત શક્તિનો ઉપયોગ કરવાનું કર્તવ્ય મ્હેં મ્હારે માટે નિર્માણ કરી રાખ્યું છે. એ વિષયમાં કોઇ મ્હારાથી પ્રતિકૂળ આચરણ કરશે તોપણ હું કર્તવ્ય માર્ગમાંથી ખસી જઇશ નહિ. * * * * * * *

પૃથ્વીના કોઇ પણ દેશને હું ધિક્કારતી નથી. પરન્તુ ભારતવર્ષના અભાવો જે પ્રમાણમાં વધારે છે, અને ત્યાંની રમણીઓના રીતરિવાજ તથા સ્વભાવાદિ સંબંધી મ્હને જેટલી માહિતી છે, તે બધું જોતાં બીજા બધા દેશો કરતાં ભારતવર્ષનો મ્હારા ઉપર અધિક હક્ક છે એવું મ્હારૂં માનવું છે. મ્હારી દ્વારા ત્યાં આગળ વધારે સારૂં કામ થઇ શકશે × × × આપ અમેરિકામાં સ્થાયિ ભાવે વાસ કરવાનો સંકલ્પ છોડી નહિ દો તો તેથી વિપરીત પરિણામ આવશે. મ્હેં પ્રતિજ્ઞા કરી છે કે, હું સ્વદેશમાં પાછી જઇશ. મ્હારા વગર આપને અમેરિકામાં રહેવાથી શું સુખ મળશે તે હું જાણતી નથી ! (અથવા હું શું ગાંડી થઇ છું ? મ્હારા અભાવથી આપના સુખમાં શો અંતરાય નડશે ?) એક વખત

અમેરિકા આવ્યા પછી સ્વદેશમાં પાછા નજ જવાનો આપનો સંકલ્પ હોય તો આપે અહિંયા આવવાની કાંઇ જરૂર નથી. હુ કોઈ પણ પ્રકારે સુખે દુઃખે ચાર વર્ષ કહાડી નાંખીશ. મ્હારૂં ધૈર્ય કાંઈ છેકજ જતું રહ્યું નથી, મ્હારે સારૂ કોઇ પણ જાતની ચિન્તા કરવાનું આપને કારણ નથી."

"ઠીક, હું આપને પ્રશ્ન કરૂં છું કે, આ દેશમાં સ્થાયિરૂપે વાસ કર્યાથી આપ સ્વદેશવાસીઓને કેવું શિક્ષણ આપશો? સ્વાર્થપરતાનુંજ ને? આપ પણ સ્વાર્થપરતાને ધિક્કારો છો, હું પણ ત્હેને ધિક્કારૂં છું. *

સાધારણ મનુષ્યોને અનુકરણ કરવા યોગ્ય આચરણ કરવાને માટે ભારતવર્ષ જ યોગ્ય ક્ષેત્ર છે. અમેરિકા નહિ."

બીજા એક પત્રમાં ત્હેણે લખ્યું છેઃ–"આચાર વિચારમાં હિન્દુ રહીને આપણે સુધારો અને ઉન્નતિ કરવાં પડશે. એ વાક્ય આપના પત્રમાં વાંચીને હુ ઘણી આનંદિત થઇ. એ નીતિ ઘણી ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય છે. * * * * * *

મ્હારી કૉલેજમાં એક રમણી ઘણીજ નાસ્તિક હતી; અનેક મિશનરીઓએ ઘણો ઉપદેશ આપ્યા છતાં પણ એ આસ્તિક બની શકી નહિ. એટલા સારૂ અનેક જણીઓ ત્હેનો ભય રાખતી, પણ મ્હારી સાથે ત્રણ દિવસ સુધી ધર્મ સંબંધી વાદવિવાદ કર્યાથી એ હવે ઇશ્વર ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખનારી થઇ ગઇ છે. * * *

હિન્દુ રમણી કરતાં આ દેશની રમણીઓ વધારે પ્રમાણમાં સ્ત્રી-રોગોથી પીડાય છે. આપણી હિન્દુ રમણીઓ ગમે તેટલી અશિક્ષિત અને અસભ્ય હશે, પરન્તુ ધર્મ, સહનશીલતા, અને નીતિના વિષયમાં આ દેશની રમણીઓ કરતાં ઘણે દરજ્જે શ્રેષ્ઠ છે. પૃથ્વીનાં બધાં રાજ્યોના લોકોએ હિન્દુ રમણીના એ ગુણનું અનુકરણ કરવું જોઇએ.

હું ખ્રિસ્તી થઇ જઇશ એવો આપને ભય રહે છે; પણ

આનન્દીબાઇ કાંઇ રમાબાઇ નથી; રમાબાઈ પણ આનન્દીબાઇ નથી. વિશ્વાસવિરૂદ્ધ કાર્ય કરવા કરતાં હું મૃત્યુને શ્રેયસ્કર ગણું છું, રમાબાઇ મ્હારા કરતાં વીશ ગણી વધારે વિદ્વાન છે એમાં સંદેહ નથી. પરન્તુ મ્હારી પ્રતિજ્ઞા છે કે, મરતાં સુધી સ્વધર્મનો ત્યાગ નહિ કરૂં. 'હું ખ્રિસ્તી થઇ જઇશ' એવું લખીને ફરીથી ત્હમે મ્હને નિરર્થક કષ્ટ આપશો નહિ.

"ઇલ્બર્ટ બિલ પાસ થયું છે, એ સાંભળીને મ્હારા મનમાં હર્ષ સમાતો નથી. એને માટે ઇશ્વરનો કેટલો બધો ઉપકાર માનીશું! હિન્દુઓના સાચા હિતૈષી ઇલ્બર્ટ સાહેબનો એ ઉપકાર ભૂલી જવા જેવો નથી."

આનન્દીબાઇનો પત્ર વાંચીને ગોપાલરાવે અમેરિકામાંજ ઘર માંડીને વસવાનો સંકલ્પ ત્યજી દીધો. પરન્તુ એ સમયે સહધર્મિણીને મળવા સારૂ અમેરિકા જવાનું ત્હેનાથી બની શક્યું નહિ. નાણાંનો અભાવ એ ત્હેનું મુખ્ય કારણ હતું. અમેરિકાની યાત્રાનું ખર્ચ કહાડવા માટે આનન્દીબાઇએ ગોપાલરાવને ભારતવર્ષમાંથી કેટલીક વસ્તુઓ લેતા આવવાનું લખ્યું હતું. અમેરિકા સાથે વેપારનો સંબંધ બાંધ્યાથી કેટલો લાભ થઇ શકશે અને એ વિષયમાં હિન્દુસ્તાનના લોકોના માર્ગદર્શક બન્યાથી દેશના ઉપર કેટલો મ્હોટો ઉપકાર થવાનો સંભવ છે, એ સંબંધી આનન્દીબાઇએ કેટલાક પત્રમાં વિસ્તારથી વિવેચન કર્યું હતું. પરન્તુ એ વિષયમાં ગોપાલરાવે ત્હેના કેટલાક વેપારી બન્ધુઓની સલાહ માગી તોપણ કોઇ ત્હેને મૂડી આપીને મદદ કરવા આગળ પડયો નહિ. એ વખતે આનન્દીબાઇએ લખ્યું "મ્હને હવેથી ફક્ત દર મહિને પચાસ રૂપિયા મોકલશો. મનીઓર્ડર કરવાના ખર્ચ સહિત પચાસ રૂપિયા કરતાં વધારે ખર્ચ મ્હારે માટે આપ કરશો નહિ. એટલા રૂપિયામાંથી હું ગમે તે પ્રકારે અહિંનું ખર્ચ ચલાવીશ. મ્હને

કષ્ટ પડશે એમ ધારીને પચાસ રૂપિયા કરતાં એક પાઇ પણ વધારે મોકલશો નહિ. આ પ્રમાણે કર્યાથી જે રકમ બચે તે બેંકમાં જમા કરાવી રાખશો. એમ કર્યાથી થોડા દિવસમાં આપને અમેરિકા આવવા જેટલું ધન જમા થશે. * * * મ્હારે માટે જોડા કે વસ્ત્ર વગેરે મોકલવાનું હવે કાંઇ પ્રયોજન નથી. એમ છતાં ખરેખર મ્હારે માટે કાંઇક મોકલાવવાની આપની ઇચ્છાજ હોય તો, અનુકૂળતાએ એક પિન (કપડામાં ખોસવાની ટાંકણી) દેશી સોની પાસે ઘડાવીને મોકલાવી આપશો. અંગ્રેજોની દુકાનેથી એને ખરીદ કરશો નહિ. અંગ્રેજ કારીગરની બનાવેલી વસ્તુનો ઉપયોગ કરવામાં હું જરા પણ ગૌરવ ગણુતી નથી.”

આનન્દીબાઇની સ્વદેશનિષ્ઠા, ચિત્તની દૃઢતા વગેરે ગુણો જોઇને અમેરિકાના એપિસ્કોપેલિયન સમ્પ્રદાયના એક પાદરીએ પોતાના શિષ્યોને કહ્યું હતું “મિસિસ જોશીએ જે દિવસે અમેરિકામાં પહેલીવાર પગ મૂક્યો તે દિવસે એ જેવી હતી તેવી ને તેવીજ આજે છે. એના આચારવિચારમાં અણુ માત્ર પરિવર્તન થયું નથી. પણ એ આ પ્રમાણે અવિકૃત અવસ્થામાં સ્વદેશમાં પાછી જશે, તો આપણા માટે અને ખ્રિસ્તી ધર્મને માટે એ ઘણીજ લજ્જાની વાત થશે.”

અમેરિકાના સંવાદ પત્રોના રિપોર્ટરોએ આનન્દીબાઇને ઘણોજ કંટાળો આપ્યો હતો. એ કયાંય પણ જતી તો તેઓ ત્હેની પછવાડી જતા, અનેક લોકો તેની સાથે મુલાકાત કરીને તેને અનેક વિષયના પ્રશ્ન પૂછતા. પરન્તુ આનન્દીબાઇની યશોલિપ્સા પ્રબળ નહિ હોવાથી એ સંક્ષેપમાંજ વાતચીત કરીને તેમને વિદાય કરી દેતી. વખતો વખત એ રિપોર્ટરો ત્હેના સંબંધી એવાં અદ્‌ભુત વૃત્તાંતો પ્રગટ કરતા કે, ત્હેને વાંચ્યા પછી હાસ્ય રોકી રાખવું દુષ્કર થઈ પડતું. સારાટોગા નામક સ્થાનના એક સંવાદ પત્રમાં એકવાર ત્હેના સંબંધી

આ પ્રમાણે ખબર છપાઈ હતીઃ–“ એક હિન્દુ મહિલા ઝરણાં જોવા સારૂ આ દેશમાં આવી છે; હેણે પ્રત્યેક ઝરણામાંથી એટલું બધું પાણી પીધું છે કે, તેથી હેની તબીયત બગડી છે, અને ડાકટરો હેને દવા પાઇ પાઇને કંટાળી ગયા છે ! ” બીજાં બેએક પત્રમાં પણ હેના સંબંધી એવી અજ્ઞતાપૂર્ણ ખબરો પ્રગટ થઇ હતી. તથાપિ અધિકાંશ વર્તમાનપત્રો તો હેની પ્રશંસામાંજ તત્પર રહેતાં. એક વખત ગોપાલરાવે આનન્દીબાઇના કાગળપત્ર અને તે સંબંધી અમેરિકાના અધિપતીઓએ દર્શાવેલા અભિપ્રાયો એકઠા કરીને પ્રગટ કરવાનો સંકલ્પ કર્યો હતો, પણ આનન્દીબાઇને યશોવાસના બિલકુલ નહિ હોવાથી હેણે એવું કરવાની સાફ ના કહી અને ગોપાલરાવને એ સંકલ્પનો ત્યાગ કરવો પડયો.

દર વરસે ઉન્હાળાની રજામાં આનન્દીબાઈ હેની માશી (મેરી કાર્પેન્ટર) પાસે રોશેલના ન્યુજરસિ ગામમાં જતી. કોઇ કોઈ વખત બેએક બ્હેનપણીઓના ઘણાજ આગ્રહને માન આપીને એ હેમને ગામ પણ જતી. એ પ્રકારે હેણે વૉશિંગટન, બોસ્ટન, વગેરે કેટલાંક નગર જોયાં. હેના એ લાંબા પ્રવાસમાં તે પોતાની સખીઓના ખાસ આગ્રહથી ફક્ત એકજવાર નાટક અને સર્કસ જોવા ગઈ હતી. અમેરિકામાં હેની વિલાસપ્રિયતા કે કૌતુક જોવાની ઇચ્છા કંઈ પ્રગટ થયાં નહોતાં. હેણે જેવી રીતે જ્ઞાનાર્થી થઇને તપસ્વિનીની પેઠે આડમ્બર વગર અમેરિકા ગમન કર્યું હતું તેવીજ રીતે ત્યાં ગયા પછી એક દિવસ પણ આત્મસંયમ ખોયો નથી. હેણે એક પત્રમાં લખ્યું છે:– “ભારતવાસીઓને સારૂ કાંઈ કરવું ઉચિત છે એવો વિચાર મ્હારા મનમાં ન હોત તો હું એટલે દૂર દેશાવર કદી પણ આવત નહિ * * * ભારતમાં પાછા ફર્યા પછી હિન્દુ મહિલાઓ માટે એક ડૉકટરી કૉલેજ સ્થાપન કરવી એ મ્હારા જીવનનું મુખ્ય લક્ષ્ય થયું છે.” એ

લક્ષ્યથી તે એક ક્ષણને માટે પણ આઘી ખસી નહોતી; પરન્તુ ભગવાનનું વિધાન જૂદાજ પ્રકારનું હતું.

આનન્દીબાઇનું કર્ત્તવ્યજ્ઞાન કેવા પ્રકારનું હતું, તે ત્હેના નીચે લખેલા પત્રનાં કેટલાંક વાકયોમાંથી સ્પષ્ટ સ્હમજી શકાય છે. ' આ જગત્‌માં જે બધાં કાર્યો કર્તવ્યની લાગણીથી પ્રેરાઇને થતાં નથી, તે બધાં કામોમાંથી દુઃખની ઉત્પત્તિ થાય છે. વ્યવસાય અને અવસ્થાનુસાર આપણામાંનાં દરેકને કેટલાંક કર્તવ્ય હોય છે. સ્વર્ગમાં પણ કેવળ પુષ્કળ ધન, ઉત્તમોત્તમ ભોજનો અને ઉત્કૃષ્ટ વસ્ત્રાદિજ હોય અને કર્તવ્ય ન હોય, તો મ્હારે એ સ્વર્ગનું પણ પ્રયોજન નથી. એવા સ્વર્ગને હું વાંચ્છનીય ગણું નહિ. કારણકે કર્તવ્યનું પાલન કર્યા પછી જે સુખ મળે છે તે સુખ વગરનાં બીજાં બધાં સુખ ક્ષણિક છે." (ઇ. સ. ૧૮૮૬ ની ૧૨ મી ફેબ્રુઆરીએ શ્રીમતી કાર્પેન્ટરને લખેલા પત્રમાંથી.)

ઇ. સ. ૧૮૮૩ ના વસન્ત કાળમાં આનન્દીબાઇ મોરિસન હોસ્પિટલ નામની એક ગાંડાઓની હોસ્પિટલ જોવા ગઇ હતી ત્યાં તે મ્હોટી વિપત્તિમાં આવી પડી. ત્યાં આગળ એક ગાંડી સ્ત્રીએ ત્હેના ઉપર હુમલો કર્યો. એ ગાંડીનો કર્કશ સ્વર અને ઉગ્ર મૂર્તિ બધાના ચિત્તમાં ભય ઉત્પન્ન કરતાં. ગાંડીની પાસે એક ટેબલ ઉપર કેટલાક ધારવાળાં ઓજાર પડેલાં હતાં. ગાંડાની હોસ્પિટલની એક દાસીએ દૂરથી આ બનાવ જોઇને ભયભીત ચિત્તે આનન્દીબાઇને ત્યાંથી પલાયન કરી જવાનો ઇસારો કર્યો. પણ નિર્ભય સ્વભાવની આનન્દીબાઇ આ બનાવથી જરા પણ વિચલિત થઇ નહિ. પરન્તુ અસાધારણ ધૈર્ય રાખીને આનન્દીબાઇ આ મ્હોટી ઘાતમાંથી બચી ગઇ. ત્હેણે ધીરજ અને કૌશલપૂર્વક પોતાને ગાંડીના પંઝામાંથી મુક્ત કરી, એટલામાં એ ગાંડીની દેખરેખ રાખનારી સ્ત્રીએ પાછળથી આવીને એ ગાંડીને પકડી લીધી. અસ્તુ !

બીજી તરફ ગોપાલરાવના મનમાં ઘણા દિવસથી પૃથ્વીની મુસાફરી કરવાની ઇચ્છા હતી. આનન્દીબાઇના વિરહને લીધે પણ તે અમેરિકા જવાને ઘણો વ્યગ્ર થયો હતો. આખરે ઇ. સ. ૧૮૮૪ ની સાલના મધ્ય ભાગમાં છ મહિનાની 'ફરલો' રજા લઇને તે અમેરિકા જવા તૈયાર થયો. એના થોડા દિવસ અગાઉ કલકત્તાના પોષ્ટમાસ્ટર જનરલે આનન્દીબાઇને મોકલવા સારૂ ગોપાલરાવને એકસોને ચાલીસ રૂપિયા, મદદ તરીકે ભેટ આપ્યા હતા. એ રૂપિયામાંથી થોડા દિવસ સુધી આનન્દીબાઇનો નિર્વાહ ચાલશે એમ ધારીને ગોપાલરાવે પૃથ્વીના પ્રવાસનો આરંભ કર્યો. એ પ્રવાસમાં ભારતવર્ષની એક કોડી પણ ખર્ચ નહિ કરવાનો હેણે પ્રવાસે નીકળતી વખતેજ સંકલ્પ કર્યો હતો. એટલા માટે હેને ભગવાં વસ્ત્ર પહેરીને સંન્યાસીના વેશમાં ઠેકાણે ઠેકાણે ભાષણો આપીને ધન એકઠું કરવું પડયું હતું.

ગોપાલરાવ પ્રથમ તો બ્રહ્મદેશ, અને પછીથી સિયામ, ચીન અને જાપાન વગેરે દેશમાં ભ્રમણ કરી આવીને અમેરિકા પહોંચ્યો. ચીનમાં રહેતી વખતે એકવાર હેને વિષમ પીડા થઇ આવી હતી. નાના પ્રકારનાં ઔષધોનું સેવન કર્યાથી આરામ ન થયો ત્યારે કંટાળી જઇને રોગ જલ્દી મટી જાય એવી આશામાં એક દિવસ હેણે ખાંડ મેળવીને ઘાસલેટ પી લીધું. કહેવાની જરૂર નથી કે, એવા સાહસના પરિણામે હેને એ યાત્રામાં ઘણું દુઃખ વેઠવું પડયું. અસ્તુ! સાજા થયા પછી તે જુદાં જુદાં સ્થાનોમાં ભાષણોદ્વારા એ દેશવાસીઓના આચાર વિચારની નિંદા અને ભારતવર્ષના રીતરિવાજનું શ્રેષ્ઠત્વ પ્રતિપાદન કરતો કરતો અમેરિકા જઇ પહોંચ્યો.

સ્વામીના આગમનની વાર્તા સાંભળીને આનન્દીબાઈ ઘણીજ ઉત્કંઠિત થઇ ગઈ. કેવી રીતે સ્વામીની અભ્યર્થના કરવી એ સંબંધમાં હેણે બહુ પ્રકારનો વિચાર કરીને ગોપાલરાવને પોતાનો અભિ-

પ્રાય જણાવવા સારૂ એક પત્ર લખ્યો. ત્હેણે ત્યાંની એક કૉલેજમાં ગોપાલરાવને માટે એક સંસ્કૃત શિક્ષકની જગ્યા પણ રખાવી મૂકી હતી. પરન્તુ વિચિત્ર સ્વભાવના ગોપાલરાવને એ વાત રૂચી નહિ. આનન્દીબાઇએ પત્રમાં કરેલી સૂચનાનો ઉલટો અર્થ કરીને એક પત્રમાં ઘણા કઠોર શબ્દમાં ત્હેનો તિરસ્કાર કર્યો. આનન્દીબાઇને એથી કોપ ચ્હડયો અને ત્હેણે ત્હેનો જે અભિમાનપૂર્ણ પત્ર લખ્યો ત્હેનો ગોપાલરાવે ફરીથી ઉત્તર ન આપ્યો. ત્યાર પછી ગોપાલરાવ અમેરિકામાં નાના સ્થાનોમાં ભાષણ આપતો ફરવા લાગ્યો. દીન આનન્દીબાઇ ત્હેના દર્શન મેળવવાને જેટલી વ્યગ્રતા પ્રકટ કરવા લાગી તેટલીજ ગોપાલરાવ એ બાબતમાં બેપરવાઇ જણાવવા લાગ્યો. એટલુંજ નહિ, પણ તેણે એકવાર આનન્દીબાઇને જણાવ્યું કે ત્હમે પરીક્ષા આપી નહિ રહો ત્યાં સુધી હું ત્હમને મળીશ નહિ.

એક દિવસ આનન્દીબાઇ શ્રીમતી કાર્પેન્ટરની કન્યા આમિની સંગાથે કોઈ બ્હેનપણીને ઘેર ગઇ હતી. ત્યાંથી પાછી આવીને જુએ છે તો ગોપાલરાવ ત્હેના ઓરડામાં એક ટેબલ આગળ પુસ્તક વાંચવામાં નિમગ્ન થઇને બેઠા છે. કહેવાની જરૂર નથી કે, ગોપાલરાવે પોતાના આવવાની ખબર આગમચથી કોઇને મોકલી નહોતી. આનન્દીબાઈ ઘેર પાછી આવી તે વખતે પણ ત્હેને કોઇએ સ્વામીના આગમનના સમાચાર જણાવ્યા નહોતા. એવી અવસ્થામાં દીર્ઘકાળના વિરહ અને આશા ઉપરાંત પ્રતીક્ષા કર્યા પછી એકાએક સ્વામીનાં દર્શન થયાથી ત્હેના મનને કેવા પ્રકારનો આનંદ ઉપજ્યો હશે, તે સહજ સમજાઇ શકે એવું છે.

ઘણા દિવસના પ્રવાસમાં ભોગવેલા કષ્ટને લીધે ગોપાલરાવની તબિયત લથડી ગઈ હતી. આનન્દીબાઇના યત્નથી ત્હેણે પોતાનું આગલું સ્વાસ્થ્ય પાછું મેળવ્યું. ત્યાર પછી બન્ને જણાંએ એકત્ર વાસ

કરીને પરમ સુખમાં ચાર માસ ગાળ્યા. એ વખતે ગોપાલરાવે ફરીથી ભારતવર્ષ પાછા જવાને બદલે સ્ત્રીનું શિક્ષણ પૂરૂં થતાં સુધી અમેરિકામાં વાસ કરવાનો સંકલ્પ કર્યો. પશ્ચિમના દેશોમાં ભાષણો આપીને યથેષ્ટ ધન કમાઇ શકાય છે. ગોપાલરાવમાં ભાષણ આપવાની શક્તિ હતી. એટલે હેણે એ વ્યવસાય કરવાનું શ્રેયસ્કર ગણ્યું. આનન્દીબાઇએ કહ્યું "દુષ્ટ સ્વભાવના પાદરીઓ બીજા દેશોના સંબંધમાં પાયા વગરની વાતો ઘડી કહાડવામાં મઝાહ માને છે. એવી અવસ્થામાં ત્હમે જો ભારતવર્ષ સંબંધી ભાષણો આપીને આ દેશના લોકોની ભ્રાન્તિભરેલી ધારણાઓ દૂર કરવાનો યત્ન કરશો, તો તેથી ઘણું સારૂં પરિણામ આવશે." ગોપાલરાવે પણ એ સૂચના માન્ય રાખી. એક તો મૂળથીજ એ પર–છિદ્રાન્વેષી હતો, ત્હેમાં વળી સ્ત્રીના આગ્રહ અને સ્વદેશભક્તિને લીધે ઉત્સાહિત થઇને ત્હેણે ભાષણ આપવાં શરૂ કર્યાં ત્યારે એક પ્રકારના શ્રોતાવર્ગનું ધ્યાન ત્હેના તરફ ઘણું આકર્ષાયું. આ પ્રમાણે શહેરે શહેરમાં ભાષણ આપતો આપતો એ ફરવા લાગ્યો. આનન્દીબાઇએ પોતાના વિદ્યાભ્યાસમાં મન પરોવ્યું.

શીતપ્રધાન અમેરિકા દેશમાં પ્રાયઃ બરફ ઘણો પડે છે, અને એ બરફથી રસ્તાઓ છવાઇ જાય છે. એવા તુષારમય રસ્તાઓ ઉપર આવજા કરતી વખતે અનેક બાલક બાલિકાઓ અને યુવતીઓ ખસી પડે છે, અને ત્હેમના ખસી પડયાથી બીજા લોકો મસ્કરી કરવા લાગી જાય છે. આનન્દીબાઇ ત્રણ વર્ષ સુધી અમેરિકામાં રહી પણ એ અરસામાં ફક્ત એકજવાર હિમથી છવાયેલા માર્ગમાં ત્હેનો પગ સરકી પડગો હતો. એ દુર્ઘટનાથી ત્હેના હાથમાંની કાચની બધી બંગડીઓ નંદાઇ ગઇ. આનન્દીબાઇએ નવી બંગડીઓ નખાવી ત્યાં સુધી અન્નજળ ગ્રહણ કર્યાં નહિ. ગોપાલરાવ એ સમયે અમેરિકામાં હતો. ત્હેણે એ બનાવ બન્યા પછી પ્રિયતમાને સોનાની બંગડીઓ બનાવી આપી.

એ બનાવનો ઉલ્લેખ કરીને આનન્દીબાઇએ શ્રીમતી કાર્પેન્ટરને લખ્યું હતું:-"મ્હને કાચની બંગડીઓના બદલામાં સોનાની બંગડીઓ મળી છે, દરેક વખતે ઠોકર ખાવાથી જો આટલું સોનું મળે, તો આવી ઠોકરને શું દુર્ઘટના કહી શકાય? છતાં પણ હું એ બનાવને દુર્ઘટના માનું છું. કારણ, એવી દુર્ઘટના ન બની હોત તો એટલા ધનમાંથી એક જરૂરનું ઓજાર કે ઉપયોગી પુસ્તકો ખરીદી શકાત."

ગોપાલરાવે ધન પ્રાપ્ત કરવા માટે વ્યાખ્યાન આપવાનો ધંધો શરૂ કર્યો એટલે આનન્દીબાઇ ફરીથી ધ્યાન દઇને વિદ્યાભ્યાસ કરવા લાગી. પરીક્ષાનો દિવસ જેમ જેમ પાસે આવતો ગયો તેમ તેમ કઠણ પરિશ્રમ કરીને અભ્યાસક્રમના બધા વિષયો ત્હેણે તૈયાર કરી નાંખ્યા. જેથી ત્હેની તબિયત બગડી આવી. ઇ. સ. ૧૮૮૬ ના ફેબ્રુઆરી માસમાં ત્હેને ફરીથી એક વાર ડિપથિરિયા રોગ થઇ આવ્યો. સદ્ભાગ્યે એ વખતે ત્હેના ભીષણ આક્રમણમાંથી એ સહજમાં બચી ગઇ, પરન્તુ ફરીથી તે પહેલાંના જેટલી તંદુરસ્તી મેળવી શકી નહિ. આ મંદવાડ આવતાં પહેલાં નાતાલની રજામાં રોશેલ નગરમાં રહેતી વખતે ત્હેણે અંગ્રેજી ભાષામાં "હિન્દુ ધાત્રીવિદ્યા" ના વિષય ઉપર પચાસ પૃષ્ઠનો એક નિબંધ લખ્યો હતો. એ પુસ્તકને એકસો પૃષ્ઠમાં સંપૂર્ણ કરવાની ત્હેની ઇચ્છા હતી, પણ સમયના અભાવને લીધે એ પુસ્તક તે સંપૂર્ણ કરી શકી નહિ.

યથાસમયે આનન્દીબાઈ પરીક્ષામાં પાસ થઈ. ઇ. ૧૮૮૬ ના માર્ચ માસની ૧૨ મી તારીખે ફિલાડેલફિયા કૉલેજના અધ્યક્ષ, અધ્યાપકો અને ત્યાંના ઘણા પ્રતિષ્ઠિત સદ્ગૃહસ્થો અને સન્નારીઓએ એકત્રિત થઇને મ્હોટા સમારોહપૂર્વક ત્હેને **એમ. ડી.** ની પદ્વી આપી. એ પદ્વીની સનંદ-ડિપ્લોમા-નીચે પ્રમાણે છે.

To All and Every one who will read these Presents.

Let it be known that we the President and Professors of the Medical College of Pennsylvania founded for the purpose of instructing women in the art of Medicine By This Parchment certify that *Anandibai Joshee of the East India* has devoted herself amongst us to all those studies which rightly and legitimately pertain to the Degree of Doctor of Medicine and we have made and constituted her after being approved by Examination held before the Professors, a Doctor in the art of Realing and we have given-and granted to her all the Rights, Immunities and Privileges pertaining to that degree both here and elsewhere.

In further confirmation of which let this diploma altered with our common Seal and subscribed with our Signatures be a witness.

Given in the Hall of the College of Philadelphia on the 11th March 1886.

Rachel L. Bodley. M. D. Prof. Chemistry and Toxicology Clara. Marshall M. D. Prof. Materea Medica and General Therapetecs. Frances Emily White. M. D. Prof. of Physiology and Hygiene. Anna Broomall M. D. Ph. D. Practrce Medicine. Hannah T. Croasdale M. D. Prof. of Legnor Cology and Dis. child. William H. Parish. M. D.

Prof. of anatomy. T. Morris Perot; President. C. N. Perice. Sec. End Lewis. Treasurer.*

અમેરિકામાં વૈદક કૅાલેજો ઘણી છે, તેમાં ફિલાડેલફિયાની કૅાલેજ સૌથી શ્રેષ્ઠ તરિકે પ્રખ્યાત છે. એ કૅાલેજમાંથી ઉપાધિ (ડીગ્રી) મેળવવા સારૂ રૂશિયા, જર્મની, ફ્રાન્સ અને ઇંગ્લેન્ડની રમણીઓ વિશેષ આગ્રહ ધરાવે છે. અધઃપતિત ભારતની હિન્દુ મહિલા આ સર્વોત્કૃષ્ટ કૅાલેજમાંથી સર્વોચ્ચ ઉપાધિ પ્રાપ્ત કરવા સમર્થ થઇ એ સામાન્ય ગૌરવની વાત નથી. એ ગૌરવકર ઉત્સવમાં સામિલ થવા માટે કૅાલેજમાં કારભારીઓના આગ્રહથી કૅાલેજને ખર્ચે પંડિતા રમાબાઇ છેક ઇંગ્લાંડથી ફિલાડેલફિયા આવી હતી. ઉપાધિ મળ્યાને પ્રસંગે આનન્દીબાઇએ અનેક બ્હેનપણીઓ અને હિતૈષીઓ તરફથી ભેટો અને ઇનામો મેળવ્યાં. એ સમયે ત્યાંની કોઈ સારા ઘરની મહિલાએ ત્હેને એક સુંદર સોનાનું ઘડિયાળ ભેટ આપ્યું હતું. ત્યાર પછી સખીઓની સાથે ભ્રમણ કરવામાં તથા ઉજાણીઓ વગેરેનો અત્યત આનંદ ભોગવવામાં ત્હેનાં બે ત્રણ અઠવાડિયાં વ્યતીત થઇ ગયાં.

---

* એ લખાણનો ભાવાર્થ આ પ્રમાણે છે સ્ત્રીઓને વૈદકીય શિક્ષણ આપવા માટે સ્થપાયલી પેન સીલ્વેનીઆની વૈદકીય પાઠશાળાના પ્રમુખ અને પ્રોફેસરો આ પ્રમાણપત્રથી પ્રસિદ્ધ કરીએ છીએ કે પૂર્વ હિંદુસ્તાનની રહીશ આનંદીબાઈ જોશીએ ડીગ્રી ઓફ મેડીસીન મેળવવા પૂરતો અભ્યાસ અમારી સમક્ષ કર્યો છે; અને પ્રોફેસરો સન્મુખ થયેલી પરીક્ષામાં ફતેહમંદ થવાથી અમે તેમને ડાક્ટર ઓફ રીઅલીંગ તરીકે કબુલ કરેલાં છે. અમે આ ડીગ્રી તમામ હક્ક તથા છૂટ સાથે આ દેશને તેમજ અન્ય દેશને માટે આપી છે. ”

પ્રકરણ ૬ ઠું–અન્તાવસ્થા.

પહેલેથીજ આનન્દીબાઈની તબિયતમાં બગાડો થયો હતો. પરીક્ષાના સમયમાંજ એ અત્યંત દુર્બળ થઇ ગઇ હતી. ત્હેણે ડિગ્રી–ઉપાધિ–લીધા પછી થોડે સમયે પંડિતા રમાબાઈની કન્યા મનોરમા ઘણી માંદી પડી. આનન્દીબાઇએ તે સમયે કેટલીએ રાત ઉજાગરો કરીને ત્હેની શુશ્રૂષા કરી. એથી ત્હેની પોતાની પ્રકૃતિ વધારે મંદ થઇ ગઇ. એ અસ્વસ્થતા ઘણા શ્રમને લીધે થઈ હશે એમ ધારીને વિશ્રામ લેવા સારૂ આનન્દીબાઇ પતિની સાથે રોશેલ નગર ગઇ. ત્યાં થોડા દિવસ રહીને સાજી થઇ ન થઇ એટલામાં ત્હેને ન્યુ ઇંગ્લન્ડલેન્ડની બ્લ્યાકલે હોસ્પિટલમાં ચિકિત્સાશાસ્ત્ર સંબંધી વ્યાવહારિક જ્ઞાન મેળવવા જવું પડયું. ત્યાં આગળ રાત દિવસ રોગીઓની તપાસ કરવામાં રોકાવાની ફરજ પડતી હોવાથી ત્હેનું સ્વાસ્થ્ય બગડી ગયું. પહેલેથીજ ત્હેને માથાના દુઃખારાનો રોગ હતો. હવે એ વ્યાધિ વધી પડયો, અને દુર્બળતા સાથે ખાંસીએ દેખાવ દીધો. આ કોઇ ભયંકર રોગનાં પૂર્વ લક્ષણ છે, એ વાત એ સમયે કોઇની સ્હમજમાં આવી નહિ. કેવળ હવાફેર અને વિશ્રામ કર્યાથી એ રોગનું નિવારણ થશે એમ ધારીને બધાએ તેજ પ્રમાણે વ્યવસ્થા કરી. આનન્દીબાઇએ કદી તો પોતાના સ્વામીની સાથે તો કદી બીજી બ્હેનપણીઓની સાથે બોસ્ટન, પ્રોવિડેન્સ, હાઇફોર્ટ; ડિલ્લાવાકો, સિનસિનેટો, કાર્લાઇલ વગેરે સ્વાસ્થ્યકર સ્થાનમાં પ્રવાસ કરવામાં કેટલાય દિવસ ગાળ્યા પરન્તુ એથી એની પીડા કાંઈ શમી નાહ. ઉપર જણાવેલાં સ્થાનોમાં બોસ્ટન નગર, સિનસિનેટો નગરમાંનો નાયગરા નદીનો ધોધ, અને કાર્લાઇલ નગરમાં 'ઇંડિયન સ્કૂલ' અથવા દક્ષિણ અમેરિકામાં ગયેલા હિન્દુઓને માટે સ્થાપેલું વિદ્યાલય, વગેરે જોઇને આનન્દીબાઇએ સવિશેષ આનંદ અનુભવ્યો હતો.

એ સમયમાં મુંબઇ ઇલાકામાં આવેલા કોલ્હાપુર નામના દેશી રાજ્યના અધિપતિએ એક ઇસ્પીતાલ સ્થાપી હતી. એ ઇસ્પીતાલની ડાકટરનું પદ સ્વીકારવાને આનન્દીબાઇને આમંત્રણ મોકલવામાં આવ્યું. ઘણા દિવસથી પરદેશમાં એકલી રહેતી હોવાથી, સ્વદેશમાં જઇને સગાં સંબંધીઓની સાથે દિવસ ગાળવાની ત્હેને પ્રબલ ઇચ્છા ઉત્પન્ન થઇ હતી; પરન્તુ ગોપાલરાવ એ મતનો વિરોધી હતો. ત્હેની ઇચ્છા તો રૂશિયા, ઇંગ્લેંડ આદિ દેશોમાં જઇને ભારતીય સમાજ કરીને નીતિની શ્રેષ્ઠતા પ્રતિપાદન કરવાની હતી. એ કારણને લીધે આનન્દીબાઇએ એકલું સ્વદેશમાં પાછું જવાનું નક્કી કર્યું. પરન્તુ આખરે આનન્દીબાઈની તબિયતની અવસ્થા અને સ્વદેશમાં જવાની ત્હેની વ્યગ્રતા જોઇને ગોપાલરાવને પોતાનો સંકલ્પ છોડવો પડયો. એ સમયમાં આનન્દીબાઇએ પોતાના સસરાને જે થોડાક પત્રો લખ્યા હતા, ત્હેમાં ત્હેણે પોતાની સાસુજીને કોલ્હાપુર આવીને પોતાની સાથે વસવાનો આગ્રહ કર્યો હતો. સાસુજીનો સ્નેહ પ્રાપ્ત કરવા તથા ત્હેને સર્વ પ્રકારે સુખી કરવાને ત્હેના મનમાં એ સમયે જે એક વ્યાકુળતા જન્મી હતી, તે આ પત્રો વાંચ્યાથી સ્પષ્ટ જણાઈ આવે છે.

અમેરિકા છોડી જતાં પહેલાં આનન્દીબાઇને ડાકટરોની સલાહ મુજબ થોડા દિવસ સુધી પહાડી પ્રદેશમાં રાખવામાં આવી; પરન્તુ એથી પણ એની તંદુરસ્તી સુધરી નહિ; બલ્કે ખાંસીની સાથે હવે જ્વરે પણ દેખાવ દીધો. આવી અસ્વસ્થ અવસ્થામાં એ એક દિવસ બધાના નિષેધનું ઉલ્લંઘન કરીને પણ એક સંકટમાં આવી પડેલી પ્રસૂતિને પ્રસવ કરાવવા સારૂ ત્હેને ઘેર ગઇ હતી. ત્યાં આગળ દશ કલાક સુધી પરિશ્રમ કર્યાથી તથા પાછી ફરતી વખતે એકાએક વરસાદની ઝડી પડવાને લીધે ભીંજાઈ જવાયાથી, ત્હેની પીડા અતિશય વધી પડી. પરોપકાર વૃત્તિથી ઉત્સાહિત થઇને ત્હેણે એ રમણી અને ત્હેના ગર્ભ-

માંના બાળકના પ્રાણનું રક્ષણ કર્યું એ વાત ખરી, પણ ત્હેના બદ-લામાં છેવટે ત્હેને પોતાનો પ્રાણ વિસર્જન કરવો પડયો. આ વખતે વધારે પરિશ્રમ કર્યાથી ત્હેની પીડામાં જે વૃદ્ધિ થઈ હતી, ત્હેને લીધેજ ત્હેનું મૃત્યુ થયું હતું.

આ પ્રમાણે પીડાની વૃદ્ધિ થયાથી ત્હેને થોડાક દિવસ ફિલાડેલ-ફિયાની સ્ત્રીઓની ઇસ્પીતાલમાં દવા કરાવવા સારૂ રહેવું પડયું. પરન્તુ ત્યાં રહેવાથી પણ ત્હેનું શરીર જરા પણ સુધર્યું નહિ. ત્યારે ત્યાંના ડાકટરોએ ત્હેને સ્વદેશમાં જવાની સલાહ આપી, ત્યારપછી આનન્દી-બાઇએ પોતાની વ્યવસ્થા પ્રમાણે ઔષધ સેવન કર્યું. એથી થોડોક લાભ જણાયો; પરન્તુ એ લાભ ઘણા કાળ સુધી સ્થિર રહ્યો નહિ. ત્હેને ક્ષયનો રોગ થયો છે એમ સ્હમજીને ગોપાલરાવ અને ત્હેના હિતૈષીઓ અત્યંત ચિંતાતુર થયા. પરન્તુ સ્વદેશમાં જઇને આયુર્વેદિક દવા કર્યાથી આરોગ્યલાભ થશે એવો વિલક્ષણ વિશ્વાસ આનન્દી-બાઈના મનમાં પ્રબલ હતો.

કોલ્હાપુર દરબાર તરફથી આનન્દીબાઇને માટે સફરનું ખર્ચ આવી પહોંચ્યું એટલે ત્હેણે શ્રીમતી કાર્પેન્ટર વગેરેને મળી આવીને અમેરિકા ત્યાગની તૈયારીઓ કરવા માંડી. આ વખતે ત્હેની અધ્યા-પિકા કુમારી બોડ્લેએ ત્હેની સાથે જે વર્તણુંક ચલાવી એ ઉલ્લેખ કરવા યોગ્ય છે. આનન્દીબાઇએ ત્હેના ઉપદેશ અનુસાર ખ્રિસ્તી ધર્મ ન સ્વીકાર્યો તેથી ત્હેણે ત્હેને ઘણી જાતનું દુઃખ દીધું હતું. એ બાઇસાહેબના પાપે ઉપવાસ કર્યાથી તથા કાચું પાકું ખાધાથીજ આનન્દીબાઇનું સ્વાસ્થ્ય બગડી આવ્યું હતું. આ વખતે આન-ન્દીબાઇને કોલ્હાપુરની હોસ્પિટલમાં નોકરી ન મળે એવી કોશીશ આ આદર્શ (?) ખ્રિસ્તી અધ્યાપિકા ગુપ્તપણે ખરા અંતઃકરણથી કરવા લાગી. કહેવાની જરૂર નથી કે, ત્હેનો એ ઉદ્દેશ સફળ થયો

નહિ. એ બધાં કારણોને લીધે આનન્દીબાઇને ખાત્રી થઈ ગઈ હતી કે, બધા પાદરીઓ ક્રૂર સ્વભાવના, વિશ્વાસઘાતક અને બેઇમાન હોય છે. સ્વદેશમાં આવ્યા પછી જ્યારે જ્યારે ત્હેની તબિયત બગડી આવતી ત્યારે ઘણી વખત ત્હેને સ્વપ્ન આવતું કે, કોલ્હાપુરની સ્ત્રીઓની હોસ્પિટલની મિશનરી (પાદરી) રમણીઓ સાથે પોતાને ટંટો થયો છે અને એની ફરિયાદ મહારાજા સાહેબના દરબાર સુધી પહોંચી છે.

ઇ. સ. ૧૮૮૬ ની ૯ મી અકટોબરે આનન્દીબાઇ અને ગોપાલરાવે અશ્રુપૂર્ણ નયને શ્રીમતી કાર્પેન્ટરના શાન્તિનિકેતનનો ત્યાગ કરીને બન્દર તરફ યાત્રા કરી. વિદાય સમયે આનન્દીબાઇએ ત્હેની બ્હેનપણીઓને કહ્યું હતું કે, અવસર મળશે તો થોડા દિવસને માટે હું ફરીથી અમેરિકાનો પ્રવાસ કરવા આવીશ. અમેરિકાના અનેક સજ્જન મનુષ્યોએ ત્હેની સાથે જે સારો વ્યવહાર કર્યો હતો, ત્હેને લીધે ખરેખર એ દેશ પ્રતિ ત્હેને એક પ્રકારનો સ્વાભાવિક અનુરાગ ઉત્પન્ન થયો હતો, તેથી કરીને અમેરિકાની સાથે બધો સંબંધ તોડી નાંખીને એ સ્વદેશમાં પાછી આવી શકી નહિ; પરન્તુ ત્હેના બીજા ઘણા મનોરથોની પેઠે ફરીથી અમેરિકા જવાની ત્હેની કામના પણ અપૂર્ણજ રહી ગઇ.

શ્રીમતી કાર્પેન્ટર ત્હેને આગબોટમાં બેસાડીને દિલગીરી સાથે ઘેર પાછાં ગયાં. આનન્દીબાઈ ત્હેમના વિરહથી અત્યંત દુઃખી થઈ હતી. યાત્રા સમયે ત્હેની જમણી આંખ વારંવાર ફરકવા લાગી, તેથી આનન્દીબાઇનું ચિત્ત નાના પ્રકારની દુશ્ચિન્તાઓથી આકુળવ્યાકુળ થવા લાગ્યું. તે ઉપરાંત આગબોટની સફરમાં દરિયાની હવાથી અસ્વસ્થ દેહવાળી આનન્દીબાઈ અતિશય કષ્ટ પામવા લાગી. ત્હેને જ્વર, ખાંસી, અરૂચિ, દુર્બલતા વગેરે બધાં ચિહ્નો વધી પડયાં. ૧૩ મી

અક્ટોબરની રાત્રીએ ત્હેની અવસ્થા એટલી બધી શોચનીય થઈ પડી કે, ગોપાલરાવે ત્હેના જીવનની આશાનો ત્યાગ કર્યો. પરન્તુ સૌભાગ્યને લીધે બીજે દિવસે ત્હેનું શરીર જરા સુધર્યું.

લંડનમાં આવ્યા પછી ત્હેમને આગબોટ બદલવી પડી. ત્હેમણે બીજી આગબોટની ટીકીટ ખરીદ કરીને ત્હેમાં બેસવા જવા માંડયું. પરન્તુ એ આગબોટના કેપ્ટને ત્હેમને 'નેટિવ' અથવા 'કાળા આદમી' કહીને આગબોટમાં ચ્હડવાનો નિષેધ કર્યો. ત્હેમને ટીકીટનાં નાણાં પાછાં આપી દેવામાં આવ્યાં અને એ બે જણાં બીજી આગબોટની શોધ કરવા લાગ્યાં. આ બનાવને લીધે ચઢ ઉતર કરવાથી તથા બહુ ફરવું પડેલું હોવાથી આનન્દીબાઇને વિશેષ કષ્ટ પહોંચ્યું, પણ બીજો ઉપાય નહિ હોવાથી લાચારીએ બધું સહન કરવું પડયું.

ત્યાર પછી થોડાકજ સમયમાં ત્હેમને બીજી આગબોટમાં બેસવાની સગવડ મળી આવી. નાણાંની તંગીને લીધે ગોપાલરાવે આનન્દીબાઇને સારૂ એક પહેલા વર્ગની ટીકીટ ખરીદ કરી અને પોતાને એ બાઇના નોકર તરીકે ઓળખાવીને પોતાને સારૂ ત્રીજા વર્ગની ટીકીટ ખરીદ કરી. લંડન છોડયા પછી થોડા દિવસ સુધી આનન્દીબાઈ સ્વસ્થ રહી. એ વખતે ત્હેને લાગ્યું કે 'હું સંપૂર્ણ સાજી થઇ ગઈ છું, અને સ્વદેશના સુખકર વાયુના સેવનથી તદ્દન તંદુરસ્ત થઈ જઇશ, એવા વિચારથી ત્હેણે પોતાના સ્વાસ્થ્ય તરફ જરાક બેકાળજી બતાવી. પરિણામ એ આવ્યું કે ત્હેની પીડા વધી ગઇ.

આ પ્રમાણે મંદવાડની દશામાં ૧૬ મી નવેમ્બરને દિને શ્રીમતી આનન્દીબાઈ જોશી મુંબઇ નગરીમાં આવી પહોંચી. ગોપાલરાવના મિત્રો ત્હેમનો આદરસત્કાર કરવા સારૂ બંદર ઉપર હાજર થયા હતા. આનન્દીબાઇ સ્વદેશી વસ્ત્રાભૂષણમાં સજ્જિત થઇને આગબોટ ઉપરથી નીચે ઉતરી એટલે એ લોકોએ ત્હેને પુષ્પવૃષ્ટિ કરીને વધાવી લીધી.

આનન્દીબાઇના આગમનના સમાચાર ચારે તરફ પ્રસરી ગયા અને જૂદાં જૂદાં શહેરોમાં લોકો સભાઓ ભરીને ત્હેને અભિનંદનપત્ર મોકલવા લાગ્યા. ઘણાઓએ તાર દ્વારા પોતાનો આનંદ પ્રગટ કર્યો. મુખ્ય મુખ્ય વર્તમાનપત્રો ત્હેના યશોગાનથી પરિપૂર્ણ થઇ ગયાં.

પરન્તુ જ્હેને સારૂ લોકો આટલો બધો આનંદ પ્રગટ કરી રહ્યા હતા, તે તો રોગના આક્રમણથી દિવસે દિવસે વધારે પીડા પામતી હતી. એકે એકે મુંબઇના અનેક ડાકટરોએ ત્હેની દવા કરી. હવાની ફેરબદલી પણ ઘણી વાર કરી, પરન્તુ કશાથી એ દુષ્ટ વ્યાધિ શમ્યો નહિ. આખરે આનન્દીબાઈ પૂના ગઇ. ત્યાંનાં હવાપાણીના ગુણને લીધે તથા સગાંસંબંધીઓના સહવાસને લીધે પ્રથમ થોડા દિવસ ત્હેની તબીઅતમાં સાધારણ સુધારો જણાયો. ત્હેની મા, બ્હેન વગેરે સગાંઓ ત્હેને મળવા તથા ચાકરી કરવા સારૂ પૂનામાં આવ્યાં હતાં, પરન્તુ ગોપાલરાવની માફક બીજું કોઇ ત્હેની સેવા–શુશ્રૂષા કરી શકયું નહિ. એ સમયમાં ગોપાલરાવે જેટલા યત્ન અને પરિશ્રમપૂર્વક આનન્દીબાઇની શુશ્રૂષા કરી હતી, તેટલા યત્ન અને પરિશ્રમપૂર્વક અનેક માતાઓ પણ પોતાના સંતાનની સેવા કરી શકતી નથી. તે એક ક્ષણ પણ આનન્દીબાઇની પાસેથી ખસ્યો નહોતો. સહધર્મિણીની શય્યાની પાસે બેસીને એ ઘણી રાત ઉજાગરામાંજ ગાળતો હતો. દુર્ભાગ્ય ક્રમે ત્હેના આ પરિશ્રમનું કાંઇ પણ સાર્થકય થયું નહિ. આનન્દીબાઇ દુષ્ટ વ્યાધિની પીડાથી દિવસે દિવસે ક્ષીણ થવા લાગી. અનેક પ્રકારની ડાકટરની અને દેશી વૈદની દવાઓ કરવામાં આવી, પરન્તુ કોઇ પણ ઔષધથી લાભ થયો નહિ. ગોપાલરાવ એકેશ્વરવાદી હોવા છતાં પણ આનન્દીબાઇને ખાતર બ્રાહ્મણોદ્વારા સ્વાસ્તાયન, શાન્તિ, શિવપૂજા વગેરે દૈવ ઉપાયોનું અવલંબન લેતાં પણ સંકોચાયો નહોતો.

આનન્દીબાઈના મંદવાડની વાત જાણ્યા પછી દરરોજ ઘણા

લોકો ત્હેને મળવા આવતા. સમાચાર પત્રોમાં ત્હેની શારીરિક અવસ્થાની ખબરો લગભગ દરરોજ પ્રગટ થયા કરતી. શ્રીયુક્ત બાલગંગાધર તિલક મહોદયે એ આપત્તિને સમયે, આનન્દીબાઈની ચિકિત્સા સારૂ પોતાના ગજા ઉપરાંત સાહાય્ય કરી હતી.

ઘણા દિવસ સુધી વિદેશમાં રહ્યાથી સ્વદેશી રસોઇ અને ભાતભાતની સ્વાદિષ્ટ વાનીઓ જોવાનું આનન્દીબાઇને માટે દુર્ઘટ થઇ પડયું હતું. અમેરિકામાં વસતી વખતે, દેશી રસોઇ જમવાની પોતાની પ્રબલ ઇચ્છા ત્હેણે એક પત્ર લખીને સાસુજીને જણાવી હતી. મંદવાડ આવ્યા પછી એ ઇચ્છા વધારે બળવાન થઈ હતી. સ્વદેશમાં પાછી આવ્યા પછી ડાકટરોનો નિષેધ હોવાથી ખાવા પીવામાં એ તદ્દન સંયમપૂર્વક રહી. પરન્તુ ધીમે ધીમે ત્હેનો એ સંયમ વિલુપ્ત થતો જતો હતો. જીવનની આશા ક્રમશઃ ક્ષીણ થતી જતી હોવાથી ત્હેની જનની કેટલાક દિવસ સુધી ત્હેની મરજી માફક રસોઈ કરીને ખવરાવતી. ગોપાલરાવ કહેતા હતા કે એથી આનન્દીબાઇનો વ્યાધિ અસાધ્ય થઇ ગયો. છેવટે એક દેશી વૈદરાજની દવા કરવામાં આવી. ત્હેની દવા સાથે પથ્ય તરીકે પાણી પીવાનો નિષેધ હતો. એ ઔષધનું સેવન થતુ હતું તે સમયમાં એક દિવસ આનન્દીબાઇ તૃષાથી અતિશય કાયર થઇ જઇને તફડ્ કરવા લાગી. પરન્તુ એથી વિપરીત પરિણામ આવશે એવી શંકાને લીધે કોઇએ ત્હેને પાણી પીવા આપવાનું સાહસ કર્યું નહિ. ચાર પ્રહર સુધી તૃષાની વેદનાથી વ્યાકુલ થઇને એ બિલકુલ અધીરી બની ગઇ. સ્ત્રીની આવી દશા જોઇને ગોપાલરાવ પ્રથમથીજ નિરાશ થઇ ગયો હતો. આનન્દીબાઈ ત્હેને વારંવાર આશ્વાસન આપતી હતી કે 'હું જીવવાની છું' પરન્તુ એ દિવસનો ત્હેનો તરફડાટ જોઇને ગોપાલરાવના મનમાં એવો વિચાર આવ્યો કે કદાચ પાણી પીધા વગર તરશના માર્યા પોતાની સહધર્મિણીના પ્રાણ

જશે. એવા વિચારથી અને આનન્દીબાઇની વેદનાની ઉપેક્ષા કરી નહિ શકાયાથી ત્હેણે ત્હેને થોડું જળ પાયું. જળ પીધા પછી પ્રથમ તો રોગીએ સ્વસ્થતાનાં લક્ષણ બતાવ્યાં. ત્યાર પછી સર્વ પ્રકારની વ્યાકુળતાની સાથે ત્હેના શરીરની ગરમી પણ ઓછી થવા લાગી.

બીજે દિવસે (૧૮૮૭ ની ૨૬ મી ફેબ્રુઆરી) સંધ્યાકાળ સુધી આવી દશામાં સમય વ્યતીત થયો. સંધ્યાકાળે ગોપાલરાવે પોતાને હાથે સહધર્મિણીને થોડુંક દૂધ પીવરાવ્યું. આટલો વખત સુધી આનન્દીબાંઇ બધો ખોરાક ઉલટી દ્વારા કહાડી નાંખતી હતી, પરન્તુ સ્વામીના હાથનું દૂધ પીધા પછી ત્હેણે ઉલટી કરી નહિ. ત્યાર પછી ઔષધિનું સેવન કરીને રોજના કરતાં કાંઇક સુખપૂર્વક ત્હેણે શયન કર્યું. છેલ્લા ત્રણ દિવસથી ગોપાલરાવ એક ક્ષણ પણ ત્હેનાથી દૂર ખસ્યો નહોતો; તેમજ જરા પણ ત્હેણે આંખ મીંચી નહોતી, પરન્તુ એ દિવસે એ વખતે એકાએક અજાણપણામાં જ ત્હેની આંખ મળી ગઈ. આનન્દીબાઇની મા તેની પાસે બેઠેલી હતી. રાતના દશ વાગ્યાને સમયે ત્હેની આંખોમાં પણ નિદ્રાના પ્રાબલ્યને લીધે આળસ ભરાઇ આવી અને ત્હેને પણ ઝોકું આવી ગયું. એટલામાં આનન્દીબાઇએ ઉલટી કરીને 'મા! રે!' કરીને બૂમ પાડી, ત્હેની જનની તરતજ ત્હેની પાસે ગઇ. એ વખતે 'મ્હારાથી બની શક્યું તેટલું મ્હેં કર્યું?' એટલા શબ્દો કાને પડયા, એજ આનન્દીબાઇના છેવટના શબ્દો હતા. જનનીએ જોયું કે, ત્હેની કન્યાનો જીવન-પ્રદીપ બુઝાઇ ગયો છે! સ્ત્રીકેળવણીની જે વિજયપતાકા આટલા દિવસ પાશ્ચાત્ય જનસમાજને પણ આશ્ચર્યચકિત કરીને ફરકી રહી હતી, તે આજે આ પ્રમાણે ક્રૂર કાળની નિષ્ઠુરતાથી ઉખડી ગઇ. કેળવાએલા ભારતવાસીઓનું આશા-વૃક્ષ ફળ આવતાં પહેલાંજ અકસ્માત્ મૃત્યુ રૂપી દાવાનળથી દગ્ધ થઇ ગયું.

આ દુર્ઘટના જણાવતાં ગોપાલરાવે તા. ૨૮ મી ફેબ્રુઆરીએ શ્રીમતી કાર્પેન્ટરને જે પત્ર લખ્યો હતો, ત્હેનો કેટલોક ભાગ નીચે ઉતારીને, આ શોકકથાનો હમે ઉપસંહાર કરીશું.

" માશીજી !

આજ હું આપને શું કહીને બોલાવું તે સ્હમજી શકાતું નથી. આજ મ્હારા માથા ઉપર આકાશ તુટી પડ્યું છે. એ સૌન્દર્ય, ધૈર્ય, ક્ષમા અને શાન્તિના સાગરસ્વરૂપ ડૉક્ટર જોશી આજ ક્યાં છે? × × × ત્હેનો મૃત્યુનો દિવસ ઘણા સુખમાં ગયો હતો, એમ મ્હને લાગે છે. × × × સાધારણ રીતે જરા પણ અવાજ થતાં મ્હારી ઉંઘ ઉડી જાય છે. પરન્તુ એ દિવસે ત્હેના મૃત્યુ વખતે હું એટલી બધી ગાઢ નિદ્રાને વશ થઈ ગયો હતો કે, મ્હારા સસરા અને સાળા વગેરે કેટલાક જણાએ વારંવાર બૂમો પાડી તોપણ એકાએક મ્હારી નિદ્રા ઉડી શકી નહિ. × × × × મરણનાં કેટલાંક અઠવાડિયાં પૂર્વેથીજ એ ઘણું કષ્ટ ભોગવતી હતી, પણ રખે હું નિરાશ થાઉં, એ ભયથી ત્હેણે એક દિવસ પણ મ્હને પોતાની વેદના જણાવી નહોતી, બલ્કે સર્વદા પ્રફુલ્લિત ભાવ દેખાડવા યત્ન કરતી. અહિંયા આવ્યા પછી એ ઘણી ધર્મશીલ બની હતી. બીજી જાતિના કે ખ્રિસ્તીધર્મ પાળનારા મનુષ્યોને એ પહેલાંની પેઠે સ્પર્શ કરતી નહિ, કારણ કે હિન્દુ સમાજમાં હિન્દુની માફક આચરણ કરવું એ કર્તવ્ય છે એવો ત્હેનો અભિપ્રાય હતો. ત્હેના એવા વ્યવહારનું પરિણામ એ આવ્યું કે, હમારા ઓળખીતા મનુષ્યોમાંથી કોઇએ હમારી સાથે પરાયા માણસ જેવો વ્યવહાર રાખ્યો નથી. હમે અમેરિકાથી પાછાં ફર્યાં ત્યાર પછી પ્રાયશ્ચિત્ત કર્યું નહોતું, છતાં પણ હમને મળતાં કે હમને મદદ કરતાં હમારી ન્યાતવાળાઓમાંથી કોઇએ સંકોચ પ્રગટ કર્યો નથી. ઘણા કટ્ટર–જૂના વિચારના હિન્દુઓ પણ મ્હારી સ્ત્રી સાથે સારી રીતે વર્ત્યા છે.

ખ્રિસ્તી, સ્વધર્મભ્રષ્ટ, કે ન્યાત બહાર થયેલા મનુષ્યો સાથે સાધારણ રીતે લોકો જેવી વર્તણુક ચલાવે છે, તેવી વર્તણુક ત્હેની સાથે કોઇએ ચલાવી નથી, ત્હેને સુખી અને સંતુષ્ટ કરવા સારૂ બધા બ્રાહ્મણો ત્હેણે કરેલા બ્રાહ્મણભોજનમાં હાજર થઇને સંકોચ વગર જમી જતા. એ બનાવ જોઇને આ દેશના સુધારકો વિસ્મય પામી જતા. ત્હેના મનને સંતોષ આપવા સારૂં જે કાંઈ કરવું આવશ્યક લાગે તે બધું લોકોએ કર્યું હતું. એ થોડા દિવસ જીવી હોત તો, એ બધાની સાર્થકતા થાત. × × × × આ દેશના મ્હોટા લોકો પણ કોઈ ન્યાત જાતના ટંટાને લીધે ન્યાત બહાર મૂકાય છે તો ન્યાતના લોકો ત્હેના શબને ઉચકવા સ્હેલાઇથી જતા નથી; પરન્તુ હમે અમેરિકા જઈ આવ્યાં હતાં છતાં પણ, ત્હેનું શબ ઉચકવા માટે જરૂર કરતાં પણ વધારે લોક પોતાની રાજી ખુશીથી હાજર થયા હતા. શાસ્ત્રવિધિ પ્રમાણે અંત્યેષ્ટિ ક્રિયા કરવા માટે બ્રાહ્મણ મળી આવશે કે કેમ? એ વિષયમાં મ્હને સંદેહ હતો, પણ એ શંકા પણ નિર્મૂળ નીવડી. જે જે આવશ્યક હતું તે બધું નિર્વિઘ્ને પાર પડ્યું. બધી જાતનાં સંભવિત વિઘ્નો ઉપર હમે જય મેળવ્યો. પરન્તુ મૃત્યુના અકસ્માત્ થયેલા આક્રમણે એ બધા ઉપર પાણી ફેરવી દીધું.”

સમાપ્ત.

પરિશિષ્ટ.

" ત્હમને શું પસંદ છે ? "

ઈ. સ. ૧૮૮૩ ની ૩ જી સપ્ટેમ્બરે આનન્દીબાઇએ શ્રીમતી કાર્પેન્ટરના એક ચિત્ર પુસ્તકમાં " ત્હમને શું પસંદ છે ? " એ મથાળા નીચે, નીચે લખેલા પ્રશ્નોના જવાબ લખી રાખ્યા છે. એ પ્રશ્નોત્તરમાળામાંથી ત્હેના સદ્ગુણી હૃદયનું એક સુંદર ચિત્ર પ્રગટ થઇ આવે છે.

૧. રંગ ? સફેદ.
૨. પુષ્પ ? ગુલાબ.
૩. વૃક્ષ ? આંબો.
૪. જોવાલાયક વસ્તુ ? પર્વત.
૫. કાલ ? સૂર્યોદય અને સૂર્યાસ્ત.
૬. ઋતુ ? વસન્ત.
૭. ગન્ધ ? માલતી ફુલની.
૮. રત્ન ? હીરો.
૯. સૌન્દર્ય ? સદાચાર અને સુંદર આકૃતિ.
૧૦. નામ ? રમા, તારા, આનિ, ગોપાલ, વિષ્ણુ અને કૃષ્ણ.
૧૧. ચિત્રકાર ? બધા ચિત્રકાર મ્હને પ્રિય છે.
૧૨. વાદ્યકાર ? વીણા અને બેહાલાનો વગાડનાર.
૧૩. શિલ્પકલા અને બાંધકામ ? તાજમહાલ.
૧૪. કવિ ? પોપ, મનુ અને કાલિદાસ.
૧૫. સ્ત્રી-કવિ ? *મુક્તાબાઈ અને જનાબાઈ.

---

* મરાઠી સાહિત્યમાં ભક્તિગાથા રચનારી સ્ત્રીઓમાં આ બે રમણીઓનું સ્થાન ઘણું ઉંચુ છે. મુક્તા બ્રાહ્મણ કુમારી અને જના સારા કુટુંબમાં જન્મેલી, પણ દાસીનો ધંધો કરનારી સ્ત્રી હતી. એ બન્ને ઈ. સ. ના ૧૩ મા સૈકામાં થઈ ગઈ છે.

૧૬. ગદ્ય લેખક ? ગોલ્ડસ્મિથ, મેકૉલે, એડિસન અને ચિપલુણકર શાસ્ત્રી.*

૧૭. ઐતિહાસિક પુરૂષ ? સિંહ હૃદયનો રિચર્ડ.

૧૮. અવકાશના વખતમાં ચિત્તરંજન કરવાનું પુસ્તક ? શ્રીમદ્ ભગવદ્ગીતા.

૧૯. મૃત્યુકાળે કયા પુસ્તકનો વિયોગ અસહ્ય થઈ પડે એમ ધારો છો ? ધર્મશાસ્ત્ર અને જગત્‌ના ઇતિહાસ.

૨૦. જન્મ ગ્રહણને માટે યોગ્ય કાળ ? વર્તમાન યુગ.

૨૧. વાસ કરવા યોગ્ય ભૂમિ ? હાલ તો રોશેલ અને પછી સ્વર્ગ.

૨૨. આનંદમાં સમય ક્યારે વીતે છે ? પુસ્તક વાંચતાં હોઇએ ત્યારે.

૨૩. જીવિકા ? સાધારણ રીતે, જીવનયાત્રા નિર્વાહ કરવા ખાતર જે કાંઈ કરવાની ઘણીજ જરૂર હોય તે.

૨૪. પ્રિય ગુણ કયો ? સત્યનું અનુસરણ.

૨૫. ત્હમારી દૃષ્ટિમાં અતિ તિરસ્કાર કરવા યોગ્ય દોષ કયો ? મિથ્યાચાર અને નાસ્તિકતા.

૨૬. કોના જેવી થવાની ઈચ્છા હૃદયમાં બળવાન છે ? કોઈના પણ જેવી નહિ.

૨૭. ત્હમારા મત મુજબ ખરૂં સુખ શેમાં ? ભગવન્નિષ્ઠામાં.

૨૮. ત્હમારા મત મુજબ ખરૂં દુઃખ શું છે ? દાસત્વ અને પરાધીનતા.

૨૯. ત્હમારા સુખની છેવટની સીમા ક્યાં ? હાથમાં લીધેલું કામ પાર પડે ત્યાં.

---

* સ્વર્ગસ્થ વિષ્ણુશાસ્ત્રી ચિપલુણકર મહારાષ્ટ્રના એકજ સાથે, વિદ્યાસાગર, અક્ષયકુમાર દત્ત અને બંકિમચંદ્ર હતા. એમનું એક ટુંકું ચરિત્ર હમારી તરફથી ઉદ્‌બોધન માસિક પત્રમાં પ્રગટ થઇ ચૂક્યું છે, તે વાંચવા ભલામણ છે.

શિ. દ. પંડિત.

૩૦. ત્હમારા ચરિત્રમાં મુખ્ય ગુણ કયો છે ? હાલ તો કાંઇ જોઈ શકતી નથી.

૩૧. ત્હમારા સ્વામીનો મુખ્ય ગુણ કયો ? પરોપકારપરાયણતા.

૩૨. શ્રેષ્ઠ માનસિક વૃત્તિ કઇ ? પ્રીતિ.

૩૩. અત્યંત શ્રુતિ-મધુર શબ્દ કયા ? પ્રીતિ, જીવ, દયા, સત્ય અને આશા.

૩૪. અત્યંત શ્રુતિ-કટુ શબ્દ કયા ? 'નષ્ટ' અને 'પરિત્યક્ત'

૩૫. ત્હમારા જીવનનો મુખ્ય ઉદ્દેશ શો છે ? પરોપકાર કરવાની યોગ્યતા પ્રાપ્ત કરવી.

૩૬. ત્હમારા હૃદય-પટ ઉપર કયું વાક્ય લખાયું છે ? હરિ આપશે.

એ બધા પ્રશ્નોત્તરમાંથી કેટલાક, ખાસ કરીને ૯, ૧૮, ૧૯, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૨, ૩૩, ૩૫ અને ૩૬ મા પ્રશ્નોના ઉત્તર બધાના હૃદયપટ ઉપર કોતરી રાખવા યોગ્ય છે. ૨૧ મા પ્રશ્નનો ઉત્તર ત્હેની બાબતમાં ભવિષ્ય વાણી સ્વરૂપ થઇ પડયો હતો. રોશેલ નગરનો ત્યાગ કર્યા પછી શાન્તિધામ સ્વર્ગ સિવાય બીજું કોઇ પણ સ્થાન ત્હેના નિવાસને યોગ્ય ગણાયું નથી.

શ્રીમતી આનન્દીબાઈના પત્રોમાંના ઉતારા.

ઈ. સ. ૧૮૮૦ ના નવેમ્બરમાં શ્રીમતી કાર્પેન્ટરને લખેલા પત્રમાંનો ઉતારો.

"મ્હેં જ્યારે આપનો પહેલો પત્ર જોયો ત્યારે મ્હને પત્ર-વ્યવહાર વાંચવામાં મિઠાશ નહોતી લાગતી. આપના બીજા પત્રે મનોરંજક વાતોથી તે તરફ મ્હારૂં ધ્યાન ખેંચ્યું અને હમેશ જીવન-ક્રમમાં બની આવતી વાતો, કે જ્હેને હું કેવળ ક્ષુલ્લક ગણતી, ત્હેમાંથી જ આપણને કેવું સારૂં શિક્ષણ મળે છે, તે પણ એ પત્ર પરથી સ્હમજાવા લાગ્યું. આપના એ પછીના પત્રોએ મ્હારી સ્હામું અજ-વાળું પાડ્યું કે આપના અને અમારા જીવનક્રમમાં કેટલો ફેર છે?"

તેજ વર્ષના ડિસેમ્બર માસમાં એ લખે છેઃ—

"યુરોપિયન લોકોનો એવો આગ્રહ થઈ ચૂક્યો છે કે હિન્દુ-શાસ્ત્ર માંહેલી એક પણ વાત ધ્યાનમાં રાખવા જેવી નથી અને તે માટે જ શાસ્ત્રોમાં અત્યુત્કૃષ્ટ બોધ અને ઉપયોગી વચનો કેટલાં છે તે બતાવવા માટે મ્હેં સંસ્કૃત જાણવાનો આરંભ કર્યો છે. હું વન-સ્પતિજન્ય પદાર્થો ખાનારી છું અને ખાવા પીવાની તેમજ પહેરવાની બાબતમાં યુરોપિયન બનવાની મ્હારી ખુશી નથી. હું ગમે ત્યાં જઇશ ત્યાં પણ મ્હારી રીતભાતો કાયમજ રાખીશ. મ્હારી તબિયતને તેથી હરકત થશે તો હું લાચાર છું." વિગેરે.

સ્ત્રી અને ત્હેનું પુરૂષાવલંબન—એ વિષય ઉપર પોતાનો વિચાર પ્રગટ કરતાં એ લખે છેઃ—

"મ્હારા મનમાં હમેશાં બધી વખતે અને બધા અવસરે સ્ત્રીઓને જે દુઃખ વેઠવાં પડે છે ત્હેના વિચાર આવે છે. ત્હેનું અજ-વાળું ભાવી ઉન્નતિ, તથા દાસપણામાંથી મુક્ત કરનારા પાશ્ચાત્ય

શિક્ષણનું અજવાળું હમારા ઉપર ક્યારે પડશે? તે જોવાને હું ઘણી ઉતાવળી થઈ છું. એ બાબતમાં મ્હને જે કાંઇ લાગે છે તે પૂરેપૂરૂં ખુલ્લી રીતે દેખાડવાને હું કેવળ અસમર્થ છું. સ્ત્રી પુરૂષોએ પોત• પોતાનું રક્ષણ કરવું અને નિર્વાહ માટે કે કશા માટે એક બીજા ઉપર અવલંબીને રહેવું નહિ એવું મ્હને લાગે છે, અને પછી ઘર માંહેલા ટંટા બખેડા અને સમાજમાંની દીનતાની અવસ્થા એ બધું લોપ થઇ જશે."

ધર્મ સંબંધી આનન્દીબાઇના વિચારો નીચેના પત્રમાંથી જણાઇ આવે છે.

"આ જગતમાં જેટલા ધર્મો છે તે બધાની મતલબ માણુસના દુઃખી થએલા મનને વિશ્રાન્તિ આપવી એજ છે. મકરસક્રાન્તિ એ જો કે કલ્પનામાંથી જ નીકળેલી છે તોપણ હમારૂં મન સૃષ્ટિકર્તા ઉપર ચોંટાડવું એવી ત્હેની મતલબ છે. માણસનું એકજ વાતથી સમાધાન થતું નથી, તે એકવાર જૂની થવા લાગી એટલે માણસની પ્રીતિ તે પરથી ઓછી થઇને બીજી વાતને ખોળવા લાગે છે. કેમકે તે હમેશ નજર સ્હામી હોય તો પરમેશ્વર યાદ રહે છે. સુખ દુઃખની વાતોથી માણસ એટલો તો ભૂલકણો થયો છે કે ઈશ્વર તરફ ત્હેનું શું કર્તવ્ય છે ત્હેની ત્હેને હમેશ યાદ આપવી પડે છે. માણુસની સહેજ ઉપજનારી બુદ્ધિને, કોઈ પણ વાતનું અધિકપણું નુકશાનકારી છે. માટે હું બધા ધર્મ પંથોને પૂજ્ય માનું છે." × ×

નોકરી સંબંધી આનન્દીબાઇના વિચારો.

(ત્હેના દિયેરને લખેલા પત્રમાંથી)

* * "આપે આગળ એક વખત જે વિચાર કર્યા હતા, તે બદલાઇ ગયા જેવા દેખાય છે અને સરકારી નોકરીનું મહત્વ ત્હમારા મનમાં પાકું ઠસી ગયું છે. હવે આજે આપની મનોવૃત્તિમાં ફેરફાર

થયો, તે વિષે આપની વિચારદૃષ્ટિએ જોતાં મ્હને માઠું લાગવું ન જોઇએ, પણ મ્હારા વિચાર પ્રમાણે જોતાં એ માઠુંજ લાગે છે. કેમકે મ્હારા જેવા વિચારના જે કાંઇ થોડાક મિત્રો છે ત્હેમાંના એકે તો મનમાં આણેલો વિચાર, કે જ્હેમાં ત્હેને પૂરેપૂરો જશ મળવાની આશા હતી, તે છોડી દીધો અને તે ઉપરાંત ત્હેની બોલવા ચાલવાની સ્વતંત્રતા કે જે થોડાક લોકોના નસિબમાં હોય છે તે પણ લોપ થઇ ગઇ. એમાં મ્હારી કદાચ ભૂલ હશે, પણ ત્હેમાંની એક વાત એવી છે કે આપણા ત્રણ (હું મ્હારા પતિ અને ત્હમે એટલાં) જણમાં મ્હને જગતનો અનુભવ વધારે છે, અને તેથી આપના હાલના વિચારમાં આપને જે સુખ જણાય છે તે કદાચ મ્હારા ધ્યાનમાં નહિ આવતું હોય. આપનું શુભ ઇચ્છનાર ભોંજાઇ તરીકે કેટલીક સૂચનાઓ કરવાનું ધારીને હું આ પત્ર લખું છું. એનો ગમે તેવો અર્થ મનમાં લાવશો નહિ. આપના મનને જાણી જોઇને દુઃખ આપવું એવી આ પત્ર લખવાની મતલબ નથી. આપે મ્હને પૂછ્યું હોત તો મ્હેં જે કાંઇ કહ્યું હોત તેજ હું હમણાં કહીશ. આપને એ વાતો કહેવાનો વિચાર પણ મ્હારા મનમાં આવશે કે નહિ તે બાબત આપની ખાત્રી હશેજ. ઉમરમાં અગર વિદ્યામાં હું આપના કરતાં શ્રેષ્ઠ છું, એમ મ્હને બિલકુલ નથી લાગતું, તો પછી એ વાતો કહેવાનો અધિકાર તો ક્યાંથીજ? આપણે જ્યારે એક ઠેકાણે હતાં તે વખતજ આપના મનમાંના વિચારો અને ડહાપણ ભરેલા બોલ આપ ભૂલી ગયા શું? સ્વદેશને માટે કાળજી રાખનારા અંતઃકરણમાંના સ્વતંત્રતાના તે આનંદદાયક વિચારો ક્યાં ગયા? લોકપ્રિય સરકારની ગુલામગિરીનો જે તિરસ્કાર આપને એક વખત લાગ્યો હતો તે હવે ક્યાં છે? એ વાતનો વખતની સાથે લોપ થઇ જાય એ સંભવે છે કે? મિ. જેમ્સના દયાળુપણાથી જે એક ઉત્તમ લાગ આવ્યો હતો તે વખતે મ્હારૂં મન

પણ એજ ભૂલ કરવાને બહુ લલચાયું હતું. પણ સારા નશીબે મ્હારા મનમાં જૂદાજ વિચારોની સ્ફુર્તિ થઇ તેથી મ્હારી આયુષ્ય સ્થિતિનો ક્રમ તદ્દન બદલાઈ ગયો. એકવાર એવો વખત આવ્યો હતો કે પોષ્ટ ખાતામાંની નોકરી માટે લોકોના પગ ઝાલવા પડયા હતા મહેરબાનીથી રૂપિયા ત્રીસના પગારની એક સારી નોકરી મ્હારી યોગ્યતા મુજબ મ્હને મળતી હતી, પણ જ્યારે નિશ્ચયથી હા કે ના પાડવાનો વખત આવી પહોંચ્યો ત્યારે એટલા પગારની તો શી વાત પણ, એથી પાંચગણા વધારે દરમાયા માટે પોતાની સ્વતંત્રતા વેચવાની મ્હારા મનને ધીરજ રહી નહિ. પણ તેથી હવે મ્હને ફક્ત એકજ વાત માટે થોડું માઠું લાગે છે અને તે એ કે, તે વખત બીજી ઘણી સ્ત્રીઓ જે આજ કાલ નોકરી માટે ટળવળે છે ત્હેમને મ્હારા ઉદાહરણથી નોકરી મળી હોત, તે બન્યું નહિ. મ્હારા જેવી પાછળ પડેલી બીજી અબળાઓ-માંનીજ હું પણ એક હું; પણ મ્હને જો કે નોકરીની ઇચ્છા થઇ હોય તોપણ ન્હાની સરખી નોકરી માટે ટળવળનારા બીજા લોકોની બરોબરી કરવાને કદી મ્હારૂં મન થયું નથી. માટે મ્હારા દેશને અને મ્હારા જેવી અબળાઓને ઉપયોગી થશે એવો એક ન્હાનો સરખો ધંધો મ્હેં શોધી કહાડયો. આપ જુવાન અને વિદ્યાભૂષિત મ્હારા મિત્ર છો. સારી કેળવણી પામેલા હિંમતવાન જુવાનો થોડાજ મળે છે, અને જ્યારે સારો લાગ આવશે ત્યારે એજ લોકોના હાથથી હાલ પદભ્રષ્ટ થયેલી સ્થિતિમાંથી મુક્ત થઇને હિન્દુસ્તાન દેશ ઉન્નત થશે. પારકાઓએ ફક્ત પોતાના માથા ઉપર જોખમ લેવાને યોગ્ય નેટિવો માટેજ, સેંકડો વેપારો શરૂ કર્યાં છે. નોકરો કરતાં નોકરીઓ તો વધારે છે તો ત્હમારે એવી ચિંતા શા માટે કરવી? જેથી કરીને આપણા દેશની સેવા કરતાં આવડે એવો એકાદો ધંધો, કળા, શાસ્ત્ર, અગર વેપાર, આપના મનમાં નથી આવતો શું?

મ્હારી એવી પાકી ખાત્રી છે કે, આપના હાથેથી થઈ શક્યું હોત તે આપે કર્યું નથી, એ માટે આપને પાછળથી માઠું લાગશે. મ્હારી બધી આશા મ્હારા ભાઇ ઉપર અને ત્હમારા ઉપર હતી, અને ઉમરમાં આવ્યા પછી એકાદ ધંધો અગર વેપાર કરીને આપણા હીનભાગ્ય દેશની અંશતઃ પણ ચાકરી કરશો, એવું મ્હને લાગ્યું હતું. પણ ફોકટ! ત્હમારી બધી મહત્વાકાંક્ષા એ રૂપાની બેડી માટે જ! હા, હું એને રૂપાની બેડી જ ગણું છું. થોડાક પૈસા માટે પોતાની સ્વતંત્રતા વેચીને ત્હેમાંથી કોઇ વાતનો છુટકો ન હોય એ કાયદેસર બેડીજ છે! આપ નિરાશાને એટલા સ્વાધીન થયા એ મ્હને આશ્ચર્ય લાગે છે. કયો ઉદ્યોગ કરવો તે નક્કી કરવાને આપને ઘણો આવરદા અને લાગ છે જ. સ્વતંત્ર થવાને અથવા અંગ્રેજો સાથે સરસાઈ કરવાને અમે જન્મ્યા નથી એ વિષે અમારા રાજકર્ત્તાઓમાંથી કેટલા હોશિયાર લોકોએ અમારી તદ્દન ખાત્રી કરી આપી છે; અને કેટલાક મૂર્ખ લોકો તે પર ભરોંસો પણ રાખે છે. જ્યાં સુધી સ્વાભિમાન અને મહત્વાકાંક્ષા હિન્દુઓને ઝેર જેવાં લાગે છે ત્યાં સુધી હિન્દુસ્તાનની ઉન્નતિ થવાની નથી. આપણામાં એવા પણ કેટલાક લોકો છે કે, જેઓ પછવાડે અંગ્રેજોની નિંદા અને તિરસ્કાર કરે છે અને ત્હેમના મોઢા ઉપર હાજી હા કરવાને તૈયાર થાય છે. અને ત્હેમણે આપેલી તકનો તિરસ્કાર કરી ફરીથી તેની તેજ વાત બોલીને પિષ્ટપેષણ કરે છે. ત્હેમાંથી એક પણ આગળ આવીને આપણા બૂડતા દેશને હાથ આપશે શું? પાશ્ચિમાત્યોનું સારૂં હોય ત્હેનું અનુકરણ કરવું અને ત્હેમની પાસેથી જ્ઞાનપ્રાપ્તિ અને ફાયદો કરી લઇને આપણી યોગ્યતા દેખાડવી. અમારામાં શિક્ષણ એ એક ઢોંગ અને ખરચનુંજ કામ થઇ બેઠું છે. તે એક તદ્દન કપોલકલ્પના થઇ ગઇ છે અને તેથી ત્હેને સામ્યતાનો ફાયદો થવાને બદલે ત્હેના ખર્ચનો એક પોકળ વૃથાભિ-

માન થયો છે. મળેલા શિક્ષણનો ઉપયોગ કરી બતાવવો એ એક મહત્વનું કામ આર્ય માતાએ અને સૃષ્ટિક્રમે આપણા ઉપર સોંપ્યું છે; અને જો આપણે બુદ્ધિપુરઃસર .અને જાણી જોઇને એ કામમાં દરગુજર કરીએ તો જગકર્તાની નજરમાં આપણે દૂષિત ઠરીશું. રાજસત્તા જોઇએ, એમ મ્હારૂં બિલકુલ કહેવું નથી; પણ હિંમત અને વિચારની જે ધંધામાં જરૂર છે એવો ધંધો કરવાને કેટલાક લોકો અસમર્થ છે અને ત્હેમના ઉપરથી બીજા ઘણાખરા લોકોની ખરી હાલત જોઇએ તો ગુલામગીરી વિના બીજું શું છે? વિદ્યાનો જેમનામાં પ્રકાશ પડ્યો નથી જેમને સ્વતઃનો મત બિલકુલ નથી, અને જેમને સ્વસંરક્ષણનું સાધન પણ નથી, એવા લોકોને હાથે પ્રજાનો શો ઉપકાર થવાનો? તેમજ જેમને નઠારૂં શિક્ષણ મળેલું છે, અને જેઓ ફક્ત કેદખાનામાંજ રાખવાને પાત્ર છે, તથા જેમને થોડીક છૂટ કે દયા બતાવીએ તો ત્હેનો દુરૂપયોગ કરે એવા લોકસમાજ પર કેટલો હાબ બેસશે વારૂ? જેમની યોગ્યતા પશુ કરતાં વધારે નથી એવા લોકોને પૂજ્ય આર્ય લોકોની પ્રતિષ્ઠા અને સન્માન માનવાને શો અધિકાર છે? ગરીબ રે ગરીબ બિચારા હિન્દુસ્તાન! રે હિન્દુસ્તાન! હજી ત્હારે ઘણું દુઃખ ભોગવવાનું છે! આ ત્હારાં બાળકો શુદ્ધિ પર આવીને ત્હેમના મનમાં યોગ્ય અભિમાન ક્યારે જાગૃત થશે? એક વખત જેઓ આખા જગત્ પર ગાજી રહેલા આર્ય લોકો હતા. તેજ હમણાં એક ખુણામાં પડેલા, વગર ઉપયોગી હિન્દુઓ બની ગયા છે! જે આર્યલોકોએ બીજાં બધાં રાષ્ટ્રોને પાદાક્રાન્ત કરીને ખંડણી આપવાની ફરજ પાડી હતી, તે આર્ય લોકો હવે સ્વપ્નામાં પણ નજરે પડશે કે? અરેરે! આ ત્હારી કેટલી હીન અવસ્થા! જેઓ હમારા લોકો ઉપર હાથ ઉગામે છે ત્હેમનાજ હાથમાં તેઓ હાથ મેળવે છે!! અને જેમનો લતાપ્રહાર ત્હેમને માથે થાય છે

ત્હેમનાજ પાદારવિંદ પર તેઓ મિલિંદાયમાન થઇ જાય છે ! × × આપણા સત્ય અને પ્રમાણિકપણા ઉપર આપણા પાપનું પડળ ફરીવળ્યું છે. આપણી ઇચ્છા, આપણી મહત્વાકાંક્ષા અને અભિમાન એ બધાં દબાઇ ગયાં છે. આપણી હિંમત અને ચેતનાનો તદ્દન લોપ થઇ ગયો છે. હમારા ખરા હિતકર્તાઓ ઉપર હમને વહેમ આવવા લાગ્યો છે. અને હમારા ખરા ઉપદેશકર્તાઓ ઉપર લવત્રાપણું અને રાજકીય નીતિનું ઘેલું લાગ્યાનો આરોપ અમે મૂકવા મંડ્યા છીએ, અને હમારા શત્રુઓને પૂર્ણ અંતઃકરણથી આલિંગન આપીને અમે એમની જાળમાં સપડાઇએ છીએ, હવે પછી શું થવાનું ? ભયંકર આપઘાત થવાનો ! એ કહેવાને કોઈ મ્હોટા ભવિષ્યવાદીની જરૂર નથી, થોડાક વિચાર અને બુદ્ધિની સહાયતાથી તે ઝટ લઇને સ્હમજાશે. સહનશીલતા, મર્યાદાની બહાર ગયા પછી ત્હેની કિંમત ઓછી થાય છે, એ ત્હમે જાણતા હશોજ." × ×

× × ×

તીર્થયાત્રા સંબંધી આનન્દીબાઇના વિચાર × × "આપણા ધર્મમાં જાત્રાનું અને તીર્થનું એટલું માહાત્મ્ય વર્ણન કર્યું છે ત્હેનું મૂળ કારણ જ્ઞાનપ્રાપ્તિ થવી એજ હશે, એમ મ્હને લાગે છે. મ્હોટાં મ્હોટાં તીર્થોનું માહાત્મ્ય સાંભળીએ તો ત્હેમાં મુખ્ય વાત તે ઠેકાણાના સુંદર દેખાવની હોય છે. અને ક્ષેત્રોનું વર્ણન પણ એવીજ રીતે હોય છે. હરેક ક્ષેત્ર વિષે પરલોકપ્રાપ્તિનું કાંઇ પણ રસિક આખ્યાન જોડીને ત્હેનું સૃષ્ટિ વર્ણન કરેલું જોવામાં આવે છે. કેટલાંક ઠેકાણાં હવા પાણીની બાબતમાં ઉત્તમ હોય છે. સૃષ્ટિશોભા જોઇને માણસનું મન પ્રસન્ન થાય છે. તેમજ અનેક સ્થળોની માહિતી મળે છે. પ્રવાસ કર્યાથી ઘણીક જૂદી જૂદી સ્થિતિઓનો અનુભવ થાય છે, વગેરે મુખ્ય મુખ્ય કારણો તીર્થયાત્રાનાં હશે કે ખાસ હોય

છે જ એમ કહેવાને શી હરકત છે? જુઓ અમારા પૂર્વજો કેટલા દૂર દષ્ટિવાળા હતા! માણુસને જ્ઞાનપ્રાપ્તિ ને જરૂરની બધી વાતો ત્હેમણે આમ ધર્મની બાબતમાં કહી મૂકી છે. ત્યારે દેશપર્યટનની કલ્પના પશ્ચિમ બાજુથી આવી એવુંજ તદ્દન કહેવાય નહિ, ઘણા દહાડાથી તે અમારા દેશમાં છે. જે જે ક્ષેત્રનું માહાત્મ્ય વર્ણવ્યું છે, ત્હેનો દેખાવ ઘણું કરીને શોભિતો હોય છે. દાખલા તરિકે, ગંગોત્રીનો પહાડ, બદ્રીકેદાર, શ્રી શેષ દ્વારિકાઆદિ ઠેકાણામાં સ્રષ્ટાએ પોતાના સુંદરપણાના ભંડાર, પ્રેક્ષકોને જોવા માટે જાણે હમેશ ખુલ્લા કરી મૂક્યા છે! આહાહા! એવા ઠેકાણાની શોભા જોવાથી કેટલા ફાયદા થાય છે? કવિત્વ શક્તિને જાગૃતાવસ્થા પ્રાપ્ત થાય છે! જીજ્ઞાસાને માર્ગ મળે છે અને સૃષ્ટિવૈભવ જોઇને ગર્વિષ્ટનો ગર્વ પરિહાર થાય છે! ખરેખર! સૃષ્ટિ દેવીએ માણુસ માત્રને જ્ઞાન થવા માટે કેટલા માર્ગ ખુલ્લા મૂકી દીધા છે! એકાદ પત્થરના કકડા ઉપરથી પણ તે પ્રાપ્ત થાય છે, પણ અમે મૂઢમતિ, ત્હેમાંથી એકનું પણ પૂરૂં જ્ઞાન પ્રાપ્ત કરી લેતાં નથી; આ સંસારપાશમાંજ મચી રહીએ છીએ. માણુસને લગાર જ્ઞાન પ્રાપ્ત થયું તો ત્હેને કેટલું અભિમાન થાય છે? પણ ત્હેના મનમાં એમ બીલકુલ નથી આવતું કે ખરેખરૂં જ્ઞાન તો વિસ્તીર્ણ રેતીના રણની પેઠે છે અને આપણે જે થોડાક જ્ઞાનથી ફુલાઇ જઇએ છીએ તે જ્ઞાન તે વીસ્તીર્ણ રણના એકાદ ઝીણા કાંકરા જેવું છે. પણ એમ જાણશે ત્યારે કેની? એવી ખબર પડત તો અમારા લોકોએ જ્ઞાનના રસ્તા નિરંતર ખોળ્યા હોત અને આ જાત્રાનું ખરૂં મહત્ત્વ શું છે તે સમજ્યા હોત; અને છોકરાને જનોઇ દીધું એટલે ત્હેણે વિદ્યાધ્યયન કરીને તીર્થયાત્રા કરવી એવું અમારા પૂર્વજોએ કહ્યું છે તે વાતનો સાર પણ અમારા લોકોના ધ્યાનમાં આવ્યો હોત. જ્યાં સુધી છોકરો બ્રહ્મચારી હોય છે, તેટલા વખતમાં ત્હેને જૂદી જૂદી

વાતોની માહિતી થવી જોઇએ એવી પ્રાચીન ઋષિઓની મતલબ હશે એમ લાગે છે, કેમકે બાળપણમાં કોઇ પણ વાતની માહિતી કરી લેવાની ઉમેદ હોય છે, માટેજ બાલ્યાવસ્થામાં બ્રહ્મચારી હોય ત્યારે જાત્રા કરવી, એવું આગળના ઋષિઓએ શાસ્ત્રમાં લખી રાખ્યું છે. આ ત્હેમની યોજના ઉત્તમ પ્રકારની હતી. અને તે મુજબ લોકો આચરત તો આજ સુધી સૃષ્ટિની કેટલી વધારે માહિતી મળત! આપણા ઋષિઓએ જેમ નવા શોધ કર્યા હતા તેવાજ શોધ કરવાનું કામ આજ સુધી આગળ ચાલત તો આપણે સ્વર્ગસુખમાં રહેત એવું મ્હને લાગે છે.

બીજાં રાષ્ટ્રો આપણી તરફ વાંકી નજરે જોત પણ નહિ. બધાં રાષ્ટ્રોમાં આ રાષ્ટ્ર જેમ ઉમરે મ્હોટું છે, તેમજ બુદ્ધિથી પણ મ્હોટું ગણાત. પણ હમણાંનો ચાલ તો બધી ઉમેદ સંસારમાં ખરચ થયા પછી અને જમીનને માથું લાગવાનો વખત આવ્યા પછી જાત્રા કરવાનો અને દેશપર્યટનનો વિચાર કરવાનો છે. એવા ઘડપણમાં સૃષ્ટિનું અવલોકન કરીને જગતને શો ફાયદો થવાનો?"

આનન્દીબાઇના ધર્મસંબંધી વિચારો.

"આજ સુધી જો મ્હને કદી દુઃખ થયું હોય તો તે આજની ધર્મ પરની ટીકાથી થયું એમ કહેવું જરૂરનું છે. આપ કોઇ પણ ઢોંગ ધતુરાપર વિશ્વાસ રાખતા નથી, એ સાંભળીને જરા ઠીક લાગ્યું પણ શું આપણા ધર્મ વિષે ત્હમે જે કાંઇ કહો છો તે બધામાં ભૂલ છે? હરેક ધર્મમાં અને પંથમાં ભ્રષ્ટતા તો છેજ માટે તે ઉપરથી એકાદ ધર્મ અથવા રાષ્ટ્ર ખોટું છે એમ કહેવું એ ગેરવ્યાજબી ગણાશે. કોઇ પણ ધર્મ ખોટો અને દગલબાજીનો કહેવાશે નહિ. આપણે ત્હેના ખરાખોટાનો વિચાર કરતા નથી ત્હેનો વાંક આપણાપર છે. આપણે

આંધળા અને અવળી આંખ્યોના છતાં, ચશ્માથી થનારા ફાયદા લેતા નથી. આપણે સત્યને છુપાવીને આત્માને ફસાવીએ છીએ. ધર્મ એટલે શું ? સત્ય એજ ધર્મ—ત્હેનો પાયો સત્ય ઉપર ચણાયેલો છે. તેમજ જગતનો પાયો પણ તે ઉપરજ છે. ઇશ્વર સત્યમય છે. કોઈ પણ લોકપંથ અથવા રાષ્ટ્રમત ધર્મ ગણાતો નથી. ઈશ્વરનો કાયદો એજ આખા જગતનો ધર્મ છે. અને તેજ એક માત્ર ધર્મ કહેવાય. સત્ય એ બધાંનો ધર્મ છે, એમાં આપણી ભૂલ થાય છે, તેથી મ્હને માઠું લાગે છે. મંદિરમાં જવું ત્હેને આપણે ધર્મ કહીએ છીએ. આપણી લહેરને પણ આપણે ધર્મ કહીએ છીએ અને જે આપણી ઇચ્છા મુજબ હોય છે તેજ જે નિભાવે છે, ત્હેનો ધર્મ છેક શુદ્ધ છે. લહેરીપણું અથવા લોભીપણું એને ધર્મનું નામ અપાય નહિ. એમ હોય તો પછી હરેકનો ધર્મ જૂદો એવું મ્હને લાગે છે. મિ. ચુવર્ટના મત પ્રમાણે લોભ, રાવસાહેબના વિચાર પ્રમાણે આત્મસ્તુતિ અને આપના મત મુજબ હિન્દુસ્તાનનું જે કાંઈ હશે તે વિના બધું ધર્મજ ! કોઈની જાણીજોઇને અને કોઇની અજાણમાં પણ હરેકની ભૂલ થતી ગઇ. મ્હારી ખાત્રી કરી આપ્યા વિના 'તું ફલાણો ધર્મ લે,' એવું જો કોઈ કહે તો તે મ્હને બિલકુલ ગમશે નહિ. એવા લોકોને ઇમાની અથવા નિષ્કપટી કોઇ કહેશે શું ? હું તો કદી કહીશ નહિ. ઢોંગી અને લુચ્ચા એ વિના બીજા નામને તેઓ પાત્ર નથી. ખ્રિસ્તી ધર્મ અથવા હિન્દુ ધર્મ ત્હેમને એવું કરવાને કહેતા નથી. તે બહુજ સારા અને શુદ્ધ છે, ત્હેમનામાં એવી વાંકી ચુકી વાતો નથી. મ્હોટાં મ્હોટાં ઘોર પાતકો કરવાં એવું ત્હેમાં બિલકુલ નથી. એ બધું આપણા મનની મૂળ અવસ્થાનુંજ કામ છે. સત્યના પેટામાં ધર્મ આવે છે, અને ધર્મમાં પવિત્રપણું, પ્રીતિ, અને ન્યાય એ આવે છે. તે માટે આપણામાંથી હરેકે પોતાનું આચરણ તે મુજબ રાખવાની સંભાળ

લેવી. આપણા મનની સાચ સાથે ઓળખાણ પાડીએ, ચાલો! આપણા આત્મારૂપી માછલીને સાચ એજ સરોવર છે. પાણી વિના જેમ માછલી રહી શકે નહિ, તેમ આપણે તે વિના રહીશું નહિ. આપણા આ પ્રવાસના છેવટે આપણે એક બીજાના હાથમાં હાથ મેળવીને ચાલીએ આવા લોકો આપણા માટે જો કાંઈ પણ કરે છે તો આપણે પણ આપણાથી કરાય તેટલું ત્હેમના માટે શુદ્ધ અંતઃકરણથી કરવું. છેક થાકતા સુધી પ્રીતિ અને સાચ એ બેઉ હાથોથી એક બીજા માટે મહેનત કરીશું એજ ફક્ત ધર્મ છે!

× × × ×

ગવર્મેન્ટે અજમાવેલો અગ્નિમાં બચાવ કરનારી

તીજોરીનો અખતરો.

હિંદુસ્તાનના પોષ્ટ ખાતાને હિંદ અને બર્માની સેવીંગબેંકો માટે મોટી સંખ્યામાં તિજોરીઓની જરૂર હતી તે પૂરી પાડવાને એવી સરતે ટેન્ડરો મંગાવ્યાં કે ખરીદતા પહેલાં હરીફાઈ કરનારી તિજોરીએ સખત અગ્નિમાં બચાવ કરવો જોઇએ.

ગત જુલાઈ તા. ૨૦ મીના રોજ પોષ્ટ અને તાર ખાતાના એસીસ્ટન્ટ અને ડેપ્યુટી ડીરેકટર અને ગવર્નમેન્ટ કેમીસ્ટની સમક્ષ કલકત્તામાં પબ્લીક વર્કસના ઈન્જીનીઅર સાહેબે એ અખતરો અજમાવ્યો હતો.

અગ્નિમાં મૂક્યા બાદ તિજોરીઓ ઉઘાડતાં એવું માલુમ પડયું કે માત્ર ગોદરેજની તિજોરીમાંની ચોપડીઓ, કાગળો વિગેરે કંઇ પણ નુકસાન વગર સહી સલામત હતાં, વળી તેમાંનું રૂ જેવું ને તેવું સફેદ અને નરમ હતું.

એ ઉપરથી પોષ્ટ અને તાર ખાતાના ડીરેકટર જનરલ સાહેબે મી. ગોદરેજને રૂ. ૮૫૦૦૦ ની ૩૭૨ તિજોરીઓનો ઓર્ડર આપ્યો છે.

કારખાનું—ગેસ કંપની પાસે, પરેલ—મુંબઇ.

દુકાન—મૂળજી જેઠા મારકીટ સામે—મુંબઇ.

શાખા—રેલ્વે સ્ટેશન પાસે—અમદાવાદ.